Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૩૩૪
તા.૧૦-૦૧-૨૦૧૯, ગુરૂવાર
સંવત ૨૦૭૫ પોષ સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૧૧

તાપમાન: ડીસા ૦૯.૨ | અમદાવાદ ૧૦.૧ | ગાંધીનગર ૦૭.૮ | વડોદરા ૧૦.૪ | સુરત ૧૪.૧ | નલિયા ૦૮.૬

ચાંદી : ૩૮,૪૦૦ સોનું : ૩૧,૮૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ૩૧મી જાન્યુઆરીથી સંસદનું બજેટ સત્ર

## પહેલી ફેબ્રુઆરીએ વચગાળાનું બજેટ રજૂ કરાશે : ૩૧ જાન્યુઆરીએ સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિ સંબોધન કરશે

નવીદિલ્હી

સંસદનું બજેટ સત્ર ૩૧મી જાન્યુઆરીથી ૧૩મી ફેબ્રુઆરી સુધી ચાલનાર છે. નાણામંત્રી અરુણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે વચગાળાનું બજેટ રજૂ કરનાર છે. સરકારના સુત્રો પાસેથી આ અંગેની માહિતી આપવામાં આવી છે. બજેટ સત્ર ક્યારથી શરૂ થશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. લોકસભાના આખરી સત્ર તરીકે તેને જોવામાં આવે છે. કારણ કે એપ્રિલ અને મે મહિનામાં સામાન્ય ચૂંટણી આવી શકે છે. વચગાળાનું બજેટ સમગ્ર વર્ષના બજેટ તરીકે હોય છે જેમાં એ વર્ષના તમામ ખર્ચની વિગતો આપવામાં આવે છે. આ બજેટ સરકાર માટે ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે ચૂંટણીથી પહેલા કેટલીક લોકપ્રિય જાહેરાતો કરવામાં આવી શકે છે. કારણ કે, ચૂંટણી વર્ષ છે. વર્ષ ૨૦૧૪માં તત્કાલિન નાણામંત્રી પી ચિદમ્બરમે યુપીએ સરકારનું અંતિમ વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. બજેટ સત્રને લઈને છેલ્લા કેટલાક દિવસથી અટકળોનો દોર ચાલી રહ્યો હતો. નાણામંત્રી અરુણ જેટલી દ્વારા પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવામાં આવનાર છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ૩૧મી જાન્યુઆરીના દિવસે લોકસભા અને રાજયસભાના સંયુક્ત સત્રને સંબોધવામાં આવશે. આર્થિક સર્વે પણ એજ દિવસે રજૂ કરવામાં આવનાર છે. બજેટ સેશન બે તબક્કામાં યોજાનાર છે. ચૂંટણીના કારણે એક જ તબક્કામાં બજેટ સત્ર યોજવા માટેની તૈયારી કરવામાં આવી છે. વચગાળાનું બજેટ ખાસ વર્ષ માટે નાણાંકીય સ્ટેટમેન્ટ તરીકે રહે છે.

આ બજેટ સરકાર માટે ખુબ મહત્વપૂર્ણ છે કારણ કે, તેમાં લોકપ્રિય પગલા લેવાની સરકાર પાસે છેલ્લી તક છે. પ્રથા મુજબ વચગાળાના બજેટમાં ચૂંટણી વર્ષમાં એક નિર્ધારિત ગાળા માટે જરૂરી સરકારી ખર્ચ માટે જરૂરી મંજુરી લેવામાં આવે છે.

## બેંકિંગ અને પરિવહન સેવા ઉપર વધુ અસર થઇ

# બે દિવસની હડતાળથી ભારે ફટકો : વિવિધ સેવાઓ ઠપ્પ



નવી દિલ્હી

સેન્ટ્રલ ટ્રેડ યુનિયનોની બે દિવસીય દેશવ્યાપી હડતાળનો આજે અંત આવ્યો હતો. બે દિવસની હડતાળના કારણે બેંકિંગ અને પરિવહન સેવાને માઠી અસર થઈ હતી. પશ્ચિમ બંગાળ અને કેરળમાં હિંસના બનાવો પણ બન્યા હતા. હડતાળને ૧૦૦ ટકા સફળતા મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હિન્દ મજદૂર સભાના મહાસચિવ હરભજનસિંહે કહ્યું હતું કે, આસામ, ઓરિસ્સા, મણિપુર, મેઘાલય, મહારાષ્ટ્ર અને ગોવામાં હડતાળ ૧૦૦ ટકા સફળ રહી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં પણ સમર્થન મળ્યું છે. મંડી હાઉસથી સંસદ ભવન સુધીના જુલુસમાં હજારો લોકો જોડાયા હતા અને નીતિઓને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. બંગાળના જુદા જુદા ભાગોમાં બીજા દિવસે પણ હિંસા થઈ હતી. હાવડા જિલ્લામાં બસો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. મંગળવારે પણ આવી જ અસર જોવા મળી હતી. સરકારી બેંકોના કર્મચારીઓ પણ હડતાળ પર રહ્યા હતા જેથી રોકડ લેવડદેવડ, ચેક ક્લીયરન્સ, ઉપાડને અસર થઈ હતી. ૨૦ હજાર કરોડ રૂપિયાના ચેક ક્લિયરન્સની કામગીરી મંગળવારે અટવાઈ હતી.

બીજા દિવસે હડતાળ એકંદર શાંતિપૂર્ણ રહી હતી. તમામ જરૂરી સેવા પર પ્રતિકુળ અસર થઈ હતી. દેશના જુદા જુદા ભાગોમાં લોકોને મુશ્કેલી નડી હતી.

# ગુજરાતભરમાં વહેલી સવારે અને રાત્રે ઠંડીનો ચમકારો

### રાજ્યના ઘણા ભાગોમાં પારો હજુ પણ ૧૦ ડિગ્રીથી નીચે



અમદાવાદ

અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં આંશિક ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં મોટાભાગે કોઈ ફેરફારની સ્થિતિ જોવા મળી રહી નથી. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આગામી ૪૮ કલાકમાં પણ તાપમાનમાં કોઈ ફેરફાર થાય તેવી શક્યતા ઓછી છે. ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે લોકો પરેશાન છે ત્યારે અમદાવાદ સહિત રાજ્યમાં મોડી રાત્રે અને વહેલી સવારે લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આજે સૌથી વધુ ઠંડીનો અનુભવ પાટનગર ગાંધીનગરમાં થયો હતો જ્યાં પારો ૭.૮ ડિગ્રી સુધી નીચે રહ્યો હતો જ્યારે ડિસામાં ૯.૨ અને નલિયામાં ૮.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું. મહુવામાં પણ પારો ૮.૭ ડિગ્રી રહ્યો હતો. અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૦.૧ ડિગ્રી રહ્યું હતું. ઠંડીનું જોર ઘટ્યું હોવા છતાં અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે. હવામાન વિભાગના કહેવા મુજબ હાલમાં નિચલી સપાટી ઉપર ઉત્તર પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે. વાદળછાયુ વાતાવરણ પણ નથી.

## રાજકોટ બાદ જામનગરમાં કોંગીનો આંતરિક વિખવાદ

અમદાવાદ

જામનગર ખાતે આજે જિલ્લા-શહેર કોંગ્રેસ સંગઠનની મળેલી કારોબારી બેઠકમાં નારાજ કોંગ્રેસી કાર્યકરોએ જિલ્લા સંગઠન અને ધારાસભ્ય ચિરાગ કાલરિયાના મનસ્વી વર્તન અંગે ચાલુ મિટિંગમાં ફરિયાદ કરતા કોંગ્રેસ સંગઠનમાં સોપો પડી ગયો હતો. ખુદ પ્રભારી જસવંત ભટ્ટીની હાજરીમાં કાર્યકરોએ સંગઠનના હોદ્દેદારો અને જન પ્રતિનિધિઓને આડે હાથ લેતા કોંગ્રેસનો આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો હતો. જેને જોઈ ખુદ જામનગર જિલ્લા કોંગ્રેસના પ્રભારી જશવંતસિંહ ભટ્ટી પણ ચોંકી ગયા હતા. આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે સંગઠનમાં નવો જોમ આપવાના ઉદ્દેશયથી આજે જામનગર જિલ્લા કોંગ્રેસના પ્રભારી જશવંતસિંહ ભટ્ટી જામનગરની મુલાકાતે આવ્યા હતાં.

# ચોકીદાર અંધારામાંથી પણ ચોરોને પકડી પાડશે : મોદી

### સોલાપુરમાં મેટ્રો સહિત અનેક યોજનાના ઉદ્‌ઘાટન



સોલાપુર

મહારાષ્ટ્રના સોલાપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પ્રચંડ જાહેરસભાને સંબોધી હતી. મોદીએ સંકેત આપ્યો હતો કે, સનસનાટીપૂર્ણ ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર કેસમાં ધરપકડ કરવામાં આવેલા અને હાલમાં જેલની હવા ખાઈ રહેલા વચેટિયા ક્રિશ્ચિયન મિશેલે મલ્ટીરોલ એરક્રાફ્ટ સમજૂતિમાં ફ્રેન્ચ કંપની રાફેલના હરીફો માટે પણ લોબી ચલાવી હતી. મોદીએ દાવો કર્યો હતો કે, તપાસમાં એવી વિગતો પણ ખુલી રહી છે કે, મિશેલે માત્ર ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં જ નહીં બલ્કે અન્ય સંરક્ષણ સોદાબાજીમાં પણ લોબી ચલાવી હતી અને તેની પાસે તમામ પ્રકારની માહિતી પહોંચી રહી હતી. મોદીએ કહ્યું હતું કે, દેશનો ચોકીદાર ખુબ સાવધાન છે અને ઉંઘી જવા ઈચ્છુક નથી જેથી તમામ લોકો સકંજામાં આવી રહ્યા છે. રાફેલને લઈને હોબાળો મચાવી રહેલા અન્ય પાર્ટીઓના તથા કોંગ્રેસ પાર્ટીએ મિશેલ સાથેના સંબંધમાં માહિતી આપવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, ચોકીદારને ભયભીત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ ચોકીદારે ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે કમરકસી લીધી છે અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન માટેની લડાઈ સફળતાપૂર્વક ચાલુ રહેશે.

# બનાસ ડેરી સપ્તાહમાં બે ‘મિલ્ક હોલી ડે’ રાખશે ?

### હજારો પશુપાલકો અને ખેડૂતો ચિંતામાં ગરકાવ

### ડેરીના સત્તાધીશો અને પ્રજાના પ્રતિનિધિઓ ઘટતા પગલા ભરે



પાલનપુર

દુધના ઉત્પાદન પર નભતો બનાસકંઠા જિલ્લો રોજનું અધધ ૭૦ લાખ લીટર દૂધ પેદા કરવામાં પહોંચવા આવ્યો છે. ત્યારે બનાસડેરીમાં તેની ક્ષમતા કરતાં ડબલ પ્રમાણમાં દુધ આવી રહ્યું છે. તેથી બનાસડેરી પણ અઠવાડીયામાં બે દિવસ ‘મિલ્ક હોલીડે’ રાખશે તેવી માહીતી જાણકારી સુત્રોએ આપી છે.

દુધના વ્યવસાયમાં સમગ્ર વિશ્વમાં મંદીનો માહોલ ચાલી રહ્યો છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં પણ દૂધની પ્રોડક્ટના ભાવો તળીયે જતાં બનાસડેરીમા ગામડાઓમાંથી આવતો આટલો મોટા દૂધના પુરવઠાને પહોંચી વળવુ મુશ્કેલ બન્યું છે. અગાઉના વર્ષોમાં પણ બનાસડેરીમાં જ્યારે ૪૦ લાખ લીટર દૂધની આવક થઈ હતી. ત્યારે સપ્તાહમાં એક દિવસ મિલ્ક હોલીડે રાખવામાં આવતો હતો, જ્યારે બનાસડેરીની એજ કાર્ય ક્ષમતામાં હવે ૭૦ લાખ લીટર દૂધનું સંપાદન થઈ રહ્યું છે. ત્યારે અઠવાડીયામાં બે વાર મિલ્ક હોલીડે રાખવો પડશે.

જો મિલ્ક હોલીડે રાખવામાં આવશે તો ડેરીના પશુપાલકોને તે આટલું દુધ ક્યાં નાખવુ તે મોટો પ્રશ્ન બની જશે ખેડૂતો અને પશુપાલકોમાં આ સમાચારોએ ચિંતા ફેલાવી છે. પશુપાલકોને એ... બાબતનો આક્રોશ થયો છે કે જો ડેરી અમારૂ દૂધ નહી લેતો અમારે તેને શું ઉકરડે ઢોળી દેવું ? તેમજ એકના બદલે બે - બે દિવસ મિલ્ક હોલીડે રાખવો પડે તો પશુપાલકો અને ખેડૂતોને રોવાનો વારો આવશે.

બનાસડેરીના સત્તાવાળાઓ આ બાબતને ગંભીરતાથી લઈ ખેડૂતો અને પશુપાલકોના હીતમાં દુધના નિકાલ માટે તાત્કાલીક યોગ્ય પગલા લે તે જિલ્લાના પશુપાલકોના હીતમાં છે.

બનાસકાંઠા જિલ્લામાં ખેતીમાં ભાવો ન મળતા એકમાત્ર દૂધનો ધંધો વિકસીત થઈ શક્યો છે, જિલ્લામાં પાકતા દિવેલા, બટાટા, રાયડો, દાડમ અને મગફળી જેવા પાકોમાં પણ દુધની જેમ ઉધોગ તરીકે વિકાસ કરીને તેના ઉદ્યોગ ધંધા વિકસીત થયા હોત તો આવા કટોકટીના સમયે ઉપયોગી થઈ શકત, પરંતુ એકમાત્ર દૂધના ધંધાથી સંતોષ પામવો પડે તેવી સ્થિતિ છે ત્યારે બનાસકાંઠા જિલ્લાની રાજકીય પક્ષોની નેતાગીરીએ પણ આ દિશામાં વિચાર

અનુસંધાન પાના નં.૬

# મોદી લોકસભામાં એક મિનિટ પણ બોલી શક્યા નહીં : રાહુલ

જયપુર

રાફેલ, જનરલ ક્વોટા બિલ, નાગરિકતા સુધારા બિલ પર રાજકીય ઘમસાણ વચ્ચે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર વડાપ્રધાન મોદી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. રાજસ્થાનના જયપુરમાં એક સભા દરમિયાન રાહુલે ફરી એકવાર રાફેલનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, ૫૬ ઈંચની છાતી ધરાવનાર વડાપ્રધાન લોકસભામાં એક મિનિટ માટે પણ આવી શક્યા ન હતા. તેઓએ સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામનને પોતાના રક્ષણ માટે મેદાનમાં ઉતાર્યા હતા. આવી રીતે જનતાની કોર્ટમાંથી ચોકીદાર ભાગી ગયા હતા. મોદી સરકાર બન્યા બાદ રાજસ્થાનમાં બોલતા રાહુલ ગાંધી ખુબ જુસ્સામાં નજરે પડ્યા હતા. ખેડૂતોની લોન માફીને લઈને પોતાની પાર્ટીની પ્રશંસા કરી હતી. રાહલે કહ્યું હતું કે, દેશના ખેડૂતો અને યુવાનો બેકફુટ ઉપર બેટિંગ કરવાના બદલે ફ્રન્ટફુટ ઉપર જઈને છગ્ગા ચોગ્ગા મારે તે જરૂરી છે. સીબીઆઈના મામલા ઉપર મોદી સરકારને ઘેરવાના પ્રયાસ કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, રાત્રિના અંધારામાં સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માને દૂર કરી દેવામાં આવ્યા હતા પરંતુ સુપ્રીમ કોર્ટે આલોક વર્માને ફરીવાર વડા તરીકે નિયુક્ત કરી દીધા છે. રાફેલ મામલામાં સીબીઆઈ તપાસ કરવામાં આવે તેવી માંગ કરી હતી. નોટબંધી અને જીએસટીથી નાના દુકાનદારો ખતમ થઈ ચુક્યા છે. બેંકના તમામ પૈસા અનિલ અંબાણી અને તેમના મિત્રોને આપી દીધા છે. યુવાનો, ખેડૂતો અને નાના દુકાનદારોને નાણાં મળી રહ્યા નથી. પોતાના ભાષણ દરમિયાન રાહુલ ખુબ જ આક્રમક મૂડમાં દેખાયા હતા. ક્રિકેટની ભાષાનો ઉપયોગ કરતા રાહુલે કહ્યું હતું કે, દેશના યુવાનો રોજગારી માંગે છે ત્યારે મોદી બેકફુટ ઉપર બેટિંગ કરે છે પરંતુ દેશના યુવાનો બેકફુટ ઉપર નહીં બલ્કે ફ્રન્ટફુટ ઉપર બેટિંગ કરે તે જરૂરી છે. યુવાનો અને ખેડૂતોને ભયભીત થવાની કોઈ જરૂર નથી.




## વિચાર વૈભવ...

‘બોલો, શી ફરિયાદ છે ?’

‘ડૉક્ટર સાહેબ, હું ખાતો નથી તો મને ભૂખ લાગે છે’

‘બીજી ?’

‘હું સૂતો નથી તો મને ઊંઘ આવે છે’

‘ત્રીજી ?’

‘હું કામ કરું છું તો થાકી જાઉં છું’

‘એક કામ કરો’

‘શું ?’

‘રાતના તડકામાં તમે ઝાડ નીચે બેસો’

એક જગાએ વાંચવામાં આવેલું કે ’માણસે પરમાત્માને કહી દીધું છે કે મને સુખી બનાવવાના આપ ગમે તેટલા પ્રયાસ કરો, હું દુઃખી ન બન્યો રહું તો મારું નામ માણસ નહીં.’ અને કંઈક અંશે આ વાત સાચી જ લાગે છે. આ જગતના કરોડો લોકોને જે સામગ્રીઓ નથી મળી એ સામગ્રીઓ માણસને મળી ગઈ હોવા છતાં એ દુઃખી છે કારણ કે એની નજર બીજાઓને જે નથી મળ્યું એવું પોતાને શું મળી ગયું છે એના પર નથી પણ બીજાઓને જે મળી ગયું છે એવું પોતાને નથી મળ્યું એના પર છે ! સ્વસ્થ રહેવું છે ? દુઃખની ફરિયાદ કરતા પહેલાં શાંતચિત્તે પરિસ્થિતિ અંગે વિચાર કરી લો. કદાચ જાતની બેવકૂફી પર હસવું આવી જશે.

- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

## સાર સમાચાર...

### અનામત : એક જ દિવસમાં પ્રસ્તાવ તૈયાર થઇ ગયો હતો

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હમેંસા સાહસી નિર્ણય લેવા માટે જાણીતા રહ્યા છે. નોટબંધી, જીએસટી અને સર્જિકલ સ્ટ્રાઇક બાદ હવે આર્થિક રીતે નબળા સવર્ણ લોકોને ૧૦ ટકા અનામત આપવા સાથે સંબંધિત બિલ બે દિવસમાં તો પાસ પણ કરી લેવામાં આવ્યુ છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ કહ્યુ છે કે બંધારણમાં સુધારા કરનાર બિલ માટે પ્રસ્તાવ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા માત્ર એક દિવસમાં જ તૈયાર કરી લેવામાં આવ્યો હતો. આ સંબંધમાં કેન્દ્રિય પ્રધાનોને પણ માહિતી આપવામાં આવી ન હતી. માનવામાં આવે છે કે ત્રણ રાજ્યોમાં પાર્ટીની હાર થયા બાદ પોતાની વોટ બેંકને ખુશ કરવા માટે મોદીએ એકાએક આ માસ્ટર સ્ટ્રોક રમી કાઢ્યો છે. સુત્રોએ કહ્યુ છે કે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા સોમવારના દિવસે કેબિનેટની બેઠક માટે નોટ તૈયાર કરી હતી.

## ગતકડું....

- દેવન વ્યાસ



બહુ મગજ મારી કરીશ તો હું ઘરમાંથી વોકઆઉટ કરી જઈશ !

**સૂર્યોદય - ૭.૨૫ સૂર્યાસ્ત - ૬.૧૧**

## તિથિદર્શન

પોસ સુદ- ૪ ગુરૂવાર ૨૦૭૫




વિક્રમ સં. ૨૦૭૫, શા. શાકે. ૧૯૪૦, પા.અમરદાદ-૧૩૮૮, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૦, જૈન વીર સં.-૨૫૪૫, કચ્છી સં. ૨૦૭૫, પોષ સુદ-૪ વિનાયક ચતુર્થી, પંચક તા.૧૦ જાન્યુઆરી ૨૦૧૯, ગુરૂવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૩, શત્તતારા નક્ષત્ર, વ્યતિપાત યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૬:૨૨ - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**હીયતે હિ મતિસ્તાત હીનૈ: સહ સમાગમાત્**
**સમૈશ્ચ સમતા મેતિ વિશિષ્ટૈશ્ચ વિશિષ્ટતામ્**

'હે સજ્જન દીન- બંધુ, હે ભાઈ! હીન - હલકાજનોના સમાગમથી - સંગતથી આપણી મતિ- બુદ્ધિ- વિચારશ્રેણી પણ હલકી- નીચ પ્રકારની થઈ જાય છે. પરંતુ જો , સમાન બુદ્ધિકક્ષાની વ્યક્તિની સંગતથી આપણી બુદ્ધિ પણ મધ્યમ રહે છે, પરંતુ બુદ્ધિશાળી અને શ્રેષ્ઠ વ્યક્તિઓના સમાગમ- સત્સંગથી આપણી બુદ્ધિ પણ ઉત્તમ બને છે.'

જીવનમાં સંસ્કારનું ખૂબ મહત્વ છે. સંસ્કાર માત્ર ઘરમાંથી જ મળે છે એમ નથી, શાળા પણ એના માટે મહત્વનો ભાગ ભજવે છે. શાળમાં મળેલા મિત્રો જીવનભર અસર પાડે છે. આ મિત્રોનો સ્વભાવ અને ટેવો પણ આપણા પર આડકતરી અસર પાડે છે.

એક ચિંતકે તો કહ્યું છે, કોઈના ચારિત્ર્ય- સ્વભાવ વિશે જાણવું હોય તો તેના મિત્રો કોણ છે, પ્રથમ એ જાણી લ્યો! સારી સંગતિથી સારા સંસ્કાર પ્રાપ્ત થાય છે, આથી જ અધ્યાત્મમાં સત્સંગનું મહત્વ વિશેષ છે, કથા- વાર્તા- ભજન- કીર્તન દ્વારા સારા વિચાર મળે છે અને સાધુ- સંતોની સંગત થાય છે. સારા વિચારથી બુદ્ધિ ઉત્તમ બને છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ :** ગૃહજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.

**વૃષભ :** કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.

**મિથુન :** વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.

**કર્ક :** મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.

**સિંહ :** લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.

**કન્યા :** વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.

**તુલા :** યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.

**વૃશ્ચિક :** સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.

**ધન :** મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.

**મકર :** અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.

**કુંભ :** કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.

**મીન :** આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ગણિતના પ્રાધ્યાપક, ઉત્તમ ધારાશાસ્ત્રી અને પ્રસિધ્ધ વિધિમીમાંસક (જયુરિસ્ટ) ડો. રાધાવિનોદ પાલની પુણ્યતિથી છે.

એમનો જન્મ ઈ.સ. ૧૮૮૬માં કલકત્તામાં થયો હતો. ઈ.સ. ૧૯૩૭માં તેઓ ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ ડેમોરેટીવ લો'ના સંયુકત પ્રમુખ હતા. ૧૯૫૨માં તેઓ યુનોના આંતરરાષ્ટ્રીય લો કશિશનના સભ્ય અને ૧૯૫૮માં એના અધ્યક્ષ તરીકે નિમાયા હતા. 'હિંદુ ફિલોસોફી' અને 'લો ઈન ધી વેદિક એઈજ ' એ બે કૃતિઓ એમની પરિશીલનયુક્ત અધ્યાપન-પ્રવૃત્તિઓ નિચોડ છે.

આ કાયદાશાસ્ત્રીનું તા.૧૦-૧-૧૯૬૭ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**સુરત ઓફીસઃ-** ૐકાર કન્સલટન્સી

દુ.નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૧૦.૦૧.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૯૧૯ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૦૯.૦૧.૨૦૧૯ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૭૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૧૦૯૧૯ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૮૪૮ પોઈન્ટ થી ૧૦૮૩૮ પોઈન્ટ, ૧૦૮૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૯૧૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૦૯.૦૧.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૭૭૫૨ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૭૯૦૯ પોઈન્ટના પ્રથમ અને ૨૭૯૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૭૭૦૭ પોઈન્ટ થી ૨૭૬૭૬ પોઈન્ટ, ૨૭૬૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૯૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ડો. huœe (૨૬૧૫) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૫૭૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૫૬૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૬૩૩ થી રૂ.૨૬૪૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૬૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**TCS લિમિટેડ (૧૮૮૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૭૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૮૫૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૯૦૩ થી રૂ.૧૯૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ડિવિસ લેબ (૧૪૮૨) :- રૂ.૧૪૭૦ નો પ્રથમ તેમજ રૂ.૧૪૫૭ ના બીજા સપોટ-'થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૯૭ થી રૂ.૧૫૦૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ટેક મહિન્દ્રા (૬૯૬) :- ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૭૦૭ થી રૂ.૭૧૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૮૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા. (૩૦૩) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૯૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૦૯ થી રૂ.૩૧૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC બેન્ક (૨૧૨૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૧૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૧૦૩ થી રૂ.૨૦૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૧૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૮૯૭) :- રૂ.૯૧૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૮૮૮ થી રૂ.૮૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સિપ્લા લિમિટેડ (૫૧૨) : ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૫૩૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૦૩ થી રૂ.૪૯૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**તાતા સ્ટીલ (૪૮૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૯૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૭૬ થી રૂ.૪૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૦૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૨૧૮) :- રૂ.૨૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૨૩૭ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૦૯ થી રૂ.૨૦૨ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૨૪૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# ડીસામાં મા-દિકરી સંમેલન યોજાયું



ડીસા

શ્રી મહિલા ઉત્કર્ષ સેવા સમિતિ, ડીસા અને ઉન્મેષ-જ્ઞાન-વિજ્ઞાન વિચાર સંગઠનના સંયુક્ત ઉપક્રમે શેઠશ્રી એલ. એચ.માળી આદર્શ હાઈસ્કૂલ માલગઢ, તા ડીસા મુકામે તા.૦૪/૦૧/૨૦૧૯ ને શુક્રવારે વિદ્યાર્થીનીઓની સમસ્યાઓ તેમજ સ્ત્રીઓના સામાજિક, કૌટુંબિક પ્રશ્નોને કાનુની માર્ગદર્શન મળી રહે તે માટે સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે લો કોલેજ-ડીસાના પ્રિન્સિપાલ ડૉ.રાજુલબેન દેસાઈ, માલગઢ પ્રગતિ મંડળના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ પઢિયાર, દિનાબેન પઢિયાર, મહિલા ઉત્કર્ષ સમિતિ ડીસાના સભ્યો, શિલ્પાબેન પટેલ, શારદાબેન ઠક્કર, રમીલાબેન ચૌધરી, સંસ્કાર મંડળ ડીસાના સભ્ય મફતલાલ મોદીએ હાજર રહી તરૂણાવસ્થામાં ઉદભવતી સમસ્યાઓ અને સ્ત્રીઓના સામાજીક કૌટુંબિક પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી અને પ્રશ્નમંચ દ્વારા બહેનોના પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માતાઓએ અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. અને તેમના પ્રશ્નોનું સમાધાન મેળવ્યું હતું, આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના ઈ.ચા.આચાર્યશ્રી બી.એમ.પ્રજાપતિ એ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષક મિત્રો એમ.પી.પઢિયાર અને દશરથભાઈ સાંખલા એ જહેમત ઉઠાવી હતી, કાર્યક્રમનું સંચાલન સાધનાબેન ત્રિવેદીએ કર્યું હતું.

### કરુણા અભિયાન અંતર્ગત

# પાલનપુરમાં પક્ષી બચાવો જાગૃતિ રેલી યોજાઈ

પાલનપુર

બનાસકાંઠા જીલ્લા વનવિભાગ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કરુણા અભિયાન ૨૦૧૯ અંતર્ગત પાલનપુર ખાતે રેલી યોજાઈ હતી.

બનાસકાંઠા જિલ્લા પ્રશાસન અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે ૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી સુધી પક્ષી બચાવો જાગૃતિ અભિયાન છેડવામાં આવ્યું છે. જે અભિયાન તળે આજે પાલનપુર ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીલ્લા મથક પાલનપુર ખાતે અંબાજી રોડ પર આવેલ ફાંસીયા ટેકરા વિસ્તારમાં આવેલી બ્રાન્ચ શાળા ખાતેથી વનવિભાગના એસીએફ બિન્દુબેન પટેલ અને એ.જે.સિંધી એ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. આ રેલીમાં શાળાના વિદ્યાર્થીઓ પક્ષીના મુખ ધારણ કરી શહેરના મુખ્ય માર્ગો પર ફરી અને શહેરીજનો ને પક્ષી બચાવોના સંદેશ પાઠવ્યા હતા અને આવનારા ઉતરાયણ ના તહેવાર નિમિતે દોરીથી ઘવાયેલા પક્ષીઓ માટે જીલ્લામાં ૪૮ જેટલા સારવાર સેન્ટરો પર તાત્કાલિક પક્ષીઓને સારવાર મળી રહે એ માટે ચાલુ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે વનવિભાગના એ.સી.એફ એ.જે.સિંધી, નાયબ વન સંરક્ષક બિંદુબેન પટેલ, આર.એફ.ઓ એચ.જે.ચૌધરી સહિત વનવિભાગ ના અધિકારીઓ, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.

# સુરતમાં રાષ્ટ્ર શક્તિ એકતા મંચના મુખ્ય કાર્યાલયનું ઉદઘાટન



સુરત

ગત તા. ૬/૧/૨૦૧૯ ના રવિવારે ઉદઘાટનના મુખ્ય મહેમાન તરીકે રાષ્ટ્ર શક્તિ એકતા મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉષાબેન પટેલ અને રાષ્ટ્રીય ટીમના પદાધિકારી મનોજભાઈ પટેલ, સંજયભાઈ રાવ, ભરતભાઈ ખુમાણ, પંકજભાઈ પંચાલ તેમજ સુરત જિલ્લાના મુકેશભાઈ રાઠોડ, મહેન્દ્રભાઈ બોલિવલ અને ઘણા પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

# કંબોઈ જિલ્લા પંચાયત શક્તિ કેન્દ્રની ખાટલા બેઠક યોજાઈ



સજ્જનસિંહ સોલંકી

તા. પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના બુકોલી ખાતે જલાભાઇ દેસાઇ (શ્રી સિકોતર માતાજીના ભુવાજી) ના ઘરે કંબોઇ જિલ્લા પંચાયતની ખાટલા બેઠક મફતસિંહ સોલંકી (પૂર્વ પ્રમુખ-કાંકરેજ તાલુકા પંચાયત) ના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. આ બેઠકમાં મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મફતસિંહ સોલંકીએ આવનારી ૨૦૧૯ ની લોકસભા ચૂંટણીમાં ભાજપને બહુમતીથી વિજય બનાવવા લોકોને આહ્વાન કર્યું હતું અને કેન્દ્રની ભાજપ સરકાર અને ગુજરાતની ભાજપ સરકારના વિકાસના કામોથી વાકેફ કર્યા હતા. ખેડૂતોને પાણી, ગામડાઓને જોડતા રોડ-રસ્તા, વીજળી,તાલુકાને દુષ્કાળ જાહેર કરી ખેડૂતોને સહાય કરી છે તેવું વિગતવાર લોકોને વિકાસ કામોથી વાકેફ કર્યા હતા. આ બેઠકમાં શક્તિ કેન્દ્રોના પ્રમુખ સભ્યો અને ગામ લોકો બહોળી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મફતસિંહ સોલંકી (પૂર્વ પ્રમુખ-તાલુકા પંચાયત કાંકરેજ), જલાભાઇ દેસાઇ (ભુવાજી), દશરથભાઇ દેસાઇ (સરપંચ-બુકોલી), સજ્જનસિંહજી સોલંકી (મહામંત્રી-કાંકરેજ તાલુકા જાગીરદાર કેળવણી મંડળ), અમરસિંહ સોલંકી, ઓબજી સોલંકી, રાજુભાઇ દેસાઇ, ભારતસિંહ ઉપસ્થિત રહ્યા હતા.

# વાવના દીપાસરા મુકામે વાવ શહેર યુવા ભાજપ દ્વારા ખાટલા બેઠક યોજાઈ



વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

ગતરોજ તા.૮/૧/૨૦૧૯ ના રોજ વાવ શહેરના દીપાસરા વિસ્તાર ખાતે ભાજપ પ્રભારી ટી.પી.રાજપુત અને તા.પં. પ્રમુખ કાનજીભાઈ રાજપુતના અધ્યક્ષ સ્થાને વાવ શહેર યુવા ભાજપની ખાટલા બેઠક યોજાઈ હતી. જે પ્રસંગે વાવ શહેર યુવા ભાજપ પ્રમુખ ભરતસિંહ સોઢા સહિત બહોળી સંખ્યામાં યુવા કાર્યકરો હાજર રહ્યા હતા.

# દિયોદર ખાતે ભાજપની ખાટલા બેઠક યોજાઈ



અશોક શેઠ

તા.પ્રતિનિધિ દિયોદર

દિયોદર ખાતે શક્તિ કેન્દ્રની ભાજપની ખાટલા બેઠક ભાજપના જીલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. જેમાં તેમણે ભાજપ સરકારના કાર્યો તથા શૈલીની ચર્ચા-વિચારણા કરી હતી.

આ પ્રસંગે પૂર્વ સરપંચ કે.પી.માળી, ભાજપના ઉપપ્રમુખ ભવાનજી ઠાકોર, રણજીત રાઠોડ, નાથાલાલ સુથાર, ભાજપના યુવા પ્રમુખ નાગજીભાઇ દેસાઇ સહીતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# થેરવાડામાં મમતા દિવસની ઉજવણી

પ્રતિનિધિ થેરવાડા

ડીસા તાલુકાના થેરવાડા ગામે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. જીગ્નેશ હરીયાણી અને ભડથ પ્રા.આ.કે ના મેડીકલ ઓફીસર ડૉ. સંજય સોલંકીના માર્ગદર્શન હેઠળ મમતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જોખમી સગર્ભા બહેનોને તેમજ ૦-૫ વર્ષના બાળકોને આરોગ્ય સેવા આપવામાં આવી હતી.

# કમાલી પ્રાથમિક શાળામાં ભૂતપૂર્વ શિક્ષક દ્વારા વિનામૂલ્યે સ્વેટરનું વિતરણ કરાયું



પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ રાહ

થરાદ તાલુકાના કમાલી પ્રાથમિક શાળામાં ભૂતપૂર્વ શિક્ષક રવિકાંત જે. રાવલ દ્વારા ધો. ૧ થી ૫ ના તમામ બાળકોને વિનામૂલ્યે સ્વેટર આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગામના સરપંચ પદમસિંગ એસ. ચૌહાણ, દૂધ મંડળીના મંત્રી અનિલભાઇ ચૌધરી, એસ.એમ.સી. અધ્યક્ષ રમેશભાઇ ચૌધરી, ઉપાધ્યક્ષ શામળભાઈ ઠાકોર, લખાપુરા પ્રાથમિક શાળાના ઉત્સાહીત આચાર્ય જીવાભાઇ રબારી, કમાલી ગોળીયા પ્રાથમિક શાળાના આચાર્ય ટી.પી. પટેલ, શાળાના સમસ્ત સ્ટાફ ગણ અને ગ્રામજનોએ આ સેવા પ્રેમી શિક્ષકનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# આસેડા ગામે શક્તિ કેન્દ્રમાં ખાટલા બેઠક યોજાઈ



ડીસા

ડીસા તાલુકાના આસેડા ગામે શક્તિ કેન્દ્રમાં ખાટલા બેઠક યોજાઇ હતી. જેમાં ડીસા તાલુકાના આસેડા ગામના પ્રજાપતિવાસ, રબારીવાસ, શ્રીમાળીવાસ, ભાજપના કાર્યકર્તા ઓ ખેતાજી માળી, ચેહરાભાઇ પ્રજાપતિ, મનુભાઇ બારોટ, બાબુભાઇ શ્રીમાળી, રામાભાઇ દેસાઇ, અભેસિંગ ઠાકોર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રૈયા જીલ્લા પંચાયત શક્તિ કેન્દ્રની ખાટલા બેઠક યોજાઈ



અશોક શેઠ

તા.પ્રતિનિધિ દિયોદર

દિયોદર તાલુકાના રૈયા જીલ્લા પંચાયત વિસ્તારના ધનકવાડા શક્તિ કેન્દ્ર ભાજપના કાર્યકરોની ખાટલા બેઠક જીલ્લા પંચાયત સદસ્ય રમેશભાઇ પટેલ (જીન) ના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. આ પ્રસંગે બનાસ બેંકના ડીરેક્ટર ઇશ્વરભાઇ પટેલ, ભાજપના મહામંત્રી વનરાજસિંહ વાઘેલા, સરપંચો , ભાજપના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વડગામમાં ખાટલા બેઠક યોજાઈ



તા.પ્રતિ. વડગામ

વડગામ નગરે ગતરોજ બાલુસિંહ રાજપૂતના ફાર્મ હાઉસ ખાતે ભાજપના અગ્રણીઓની ખાટલા બેઠક યોજાઈ હતી જેમાં રેલ્વેબોર્ડ ડિરેક્ટર ગજેન્દ્રભાઈ એન.સકસેનાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે કરેલ વિકાસ કામોની સમીક્ષા કરી હતી.

જિ.પં.સીટ ઈન્ચાર્જ લાલજીભાઈ ચૌધરી, રમેશભાઈ પી.વળાગાંઠ (પરખડી), ડી.વી. સોલંકી, સરપંચ ભગવાનસિંહ સોલંકી તા.સદસ્ય ભરતભાઈ પ્રજાપતિ, યુવા અગ્રણી સતિષભાઈ ભોજક, સામંતસિંહ સોલંકી વગેરે અગ્રણીઓએ પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા.

# વડીયા પ્રાથમિક શાળાની બે વિદ્યાર્થીની નેશનલ કક્ષાએ કબડ્ડી ટીમમાં સિલેક્ટ



હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

દિયોદર તાલુકાની વડીયા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી નીરમાબેન બળદેવભાઈ માળી અને પૂજાબેન હરચંદભાઈ માળી કબડ્ડી અંડર-૧૪ રમતમાં ગુજરાતની ટીમમાં સિલેક્ટ થતાં આગામી સમયમાં આ બંને વિદ્યાર્થીની નેશનલ કક્ષાની કબડ્ડીની ટીમમાં કબડ્ડી રમવા માટે કર્ણાટક જશે.

જો કે, વડીયા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની નીરમાબેન માળી ગત વર્ષે પણ ગુજરાત લેવલે કબડ્ડીની ટીમમાં સિલેક્ટ થઇ હતી અને નેશનલકક્ષાએ છત્તીસગઢમાં કબડ્ડીની રમત રમી આવી હતી. આ વડીયા પ્રાથમિક શાળાની કબડ્ડીની ટીમે આ વર્ષે ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષાએ સિલ્વર મેડલ મેળવ્યો હતો. જયારે ગત વર્ષે કબડ્ડીની ટીમે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. વડીયા પ્રાથમિક શાળાની કબડ્ડીની ટીમને તૈયાર કરવા આ ટીમના કોચ અને શાળાના શિક્ષક વિક્રમસિંહ રાજપૂતનો સિંહફાળો રહ્યો હતો.

વડીયા પ્રાથમિક શાળાની બે વિદ્યાર્થીની કબડ્ડીની રમતમાં સિલેક્ટ થતાં શાળાના મુખ્ય શિક્ષક વિકાસભાઇ દરજી અને ગ્રામજનોએ હર્ષની લાગણી સાથે બંને દીકરીઓને બિરદાવી હતી.

# ખારાખોડા ગામની સિપાઇ ગોળીયા પ્રાથમિક શાળામાં સ્વચ્છતા દિવસની ઉજવણી



પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ

રાહ

૭૦ માં રાજયકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી બનાસકાંઠા જિલ્લામાં થનાર છે. જે અંતર્ગત વિવિધ દિવસોની ઉજવણી ભાગરૂપે થરાદ તાલુકાની ખોડા સેન્ટરની સિપાઇ ગોળીયા પ્રાથમિક શાળામાં સ્વચ્છતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જીવનમાં સફાઇનું મહત્વ બાળકો સમજે અને બાળકો દ્વારા રેલી પણ કાઢવામાં આવી હતી.

# ભાભર તાલુકાના સુથાર નેસડીથી ચેમ્બુવા સુધીનો રોડ પેવર કરવા લોકમાંગ

**ખેડૂતોની છેલ્લા ૧૦ વર્ષથી રજૂઆતો તંત્ર અને રાજકીય કાને ન ધરતાં રોષની લાગણી**



તા.પ્રતિનિધિ ભાભર

રાજ્ય સરકારના વિકાસના વાયદાઓ અને વિકાસ ભાભર તાલુકામાં ધૂંધળો દેખાઇ રહ્યો છે. વારંવાર લોકોની રજૂઆતો તંત્રના કાને અથડાઈને હવાઇ જાય છે. જેના કારણે તંત્ર અને સરકાર સામે લોકોમાં ભારે રોષે જોવા મળી રહ્યો છે. ભાભર તાલુકાના સુથાર નેસડી ગામના એક ખેડૂતની રજૂઆત છેલ્લા ૧૦ વર્ષથી નથી તંત્ર સાંભળતું કે નથી રાજકારણીઓ જેના કારણે સુથાર નેસડીના અને ચેમ્બુવાના ખેડૂત લોકો ભારે હાડમારીનો સામનો કરી રહ્યા છે. ભાભર તાલુકાના સુથાર નેસડી ચેમ્બુવા સુધીનો ત્રણ કિલો મીટર રોડ વર્ષ-૨૦૦૭ માં બનાવવામાં આવ્યો હતો. રોડનો મેટર કામ કરવામાં આવતાં બંને ગામના ખેડૂતોમાં હર્ષની લાગણી જન્મી હતી પરંતુ તંત્રને આ રોડને પેવર કરવામાં કયો ગ્રહ નડી રહ્યો છે તે લોકોને સમજાતું નથી. છેલ્લા ૧૦ વર્ષથી સુથાર નેસડીનો એક ખેડૂત વારંવાર રજૂઆતો કરે છે પરંતુ તેનું કોઇ સાંભળતું નથી. આ રસ્તેથી લોકો મોટી સંખ્યામાં અવર-જવર કરે છે. વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે પણ રોડથી પસાર થાય છે. રોડ પર પથ્થર પાથરેલ હોવાથી પસાર થવું મુશ્કેલ બને છે. આ રોડ બે વર્ષ પહેલા ભારે વરસાદથી ઠેર-ઠેર મોટા મોટા ખાડા પડેલ છે. ખેડૂત લોકોને અવર-જવરમાં ભારે તકલીફ પડે છે. રોડ પેવર કરવાની માંગણી મામલતદારથી કલેકટર સુધી અને ધારાસભ્યથી મુખ્યમંત્રી સુધી કરી તેમ છતાં વાત કોઇ સાંભળતું નથી.

આ અંગે સુથાર નેસડી ગામના ખેડૂત મુકેશભાઇ માળીએ જણાવ્યું હતું કે, 'છેલ્લા ૧૦ વર્ષથી અમે રજૂઆત કરીએ છીએ તેમ છતાં કોઇ સાંભળતું નથી. આ રોડ ઉપર બાવળ ઉગી ગયા હોવાથી ચાલવું મુશ્કેલ બને છે. અમારા ખેડૂતના ઢોર, બળદ-ગાડા, ટ્રેક્ટર-ટ્રેક્ટર લઈને પસાર થવું મુશ્કેલ બને છે તેને તાત્કાલીક પેવર કરવામાં આવે તેવી અમારી માંગ છે. અમારી માંગ સંતોષવામાં નહીં આવે તો અમો ખેડૂતો ગાંધી માર્ગે આંદોલન કરીશું અને આગામી લોકસભા ચૂંટણીના મતદાનનો બહીષ્કાર કરી તેવી ચિમકી ઉચ્ચારી હતી.

અનુસંધાન પાના નં.૬

# ડીસાના ગવાડીમાં ઠેર-ઠેર રોડ માટે ખાડા ખોદી દેવાતાં પ્રજા પરેશાન



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસાના ગવાડી વિસ્તારમાં રોડ માટે છેલ્લા ૨૦ દિવસ મહંમદપુરા વડલાથી અમન પાર્ક જવાના રસ્તા પર ઠેર-ઠેર ખાડાં ખોદી નાખ્યા છે પરંતુ રોડ ન બનાવતાં લોકો હેરાન-પરેશાન થઈ ઉઠ્યા છે. ડીસાના ગવાડી વિસ્તારમાં આવેલ મહંમદપુરા વડલાથી અમન પાર્ક સુધીનો રોડ છેલ્લા ૨૦ દિવસથી ખોદેલ છે પરંતુ રોડનું કામ ન થતાં ખાડાને લીધે દિવસમાં કેટલીવાર વૃધ્ધો અને સ્ત્રીઓ ખાડામાં પડી જવાથી ઈજાઓ થવા પામી હતી. આ અંગે જાગૃત નાગરીકોએ નગરપાલિકામાં જાણ કરવા છતાં રોડનું કામ શરૂ ન કરતાં લોકોમાં નગરપાલિકા સામે રોષ વ્યાપી જવા પામ્યો છે. તાત્કાલીક નગરપાલિકા પ્રમુખ રોડનું કામ શરૂ કરી લોકોને પડતી તકલીફ દૂર કરે તેવી જનતાની માંગ છે.

# પાલનપુર ખાતે આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડનું વિતરણ

પાલનપુર

પાલનપુર નગરપાલિકા વોર્ડ નં.૭ વિસ્તારના અર્બુદા રો હાઉસ ખાતે આજે પાલનપુર નગરપાલિકા સ્ટ્રીટ લાઈટ ચેરમેન અને મહિલા શક્તિ કેન્દ્ર બનાસકાંઠા જિલ્લા સદસ્ય ભારતીબેન ઠાકોરે આયુષ્યમાન ભારત યોજનાના નવીન કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં નગરપાલિકા કારોબારી ચેરમેન દશરથસિંહ સોલંકી, પક્ષના નેતા સંજયભાઈ જાની, દંડક હસમુખભાઈ પઢિયાર, પાલનપુર ભાજપ શહેર સંગઠન મંત્રી પ્રફુલ્લાબેન પટેલ, કેતકીબેન, ચેરમેન જાગૃતિબેન મહેતા, ચેરમેન દેવેન્દ્રભાઈ રાવલ, ભાજપ શહેર યુવા મોરચા પ્રમુખ અશોકભાઈ પટેલ, આશિષભાઈ પઢિયાર, રાજુભાઈ દેસાઈ તથા અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને અંદાજીત ૫૨૯ કાર્ડ વિતરણ કર્યા હતા.

# કલા ગુરૂ રમણીક રાવલ

આજીવન ચિત્ર સર્જક, આજીવન શિક્ષક, આજીવન બ્રાહ્મણત્વના આરાધક પરમ વંદનીય કલાગુરૂ રમણીક રાવલ (૮૦) માં વર્ષની મઝધારે પોતે સર્જેલા સ્વઅનુભવના પરિપાકરૂપ ચિત્રોનું પ્રદર્શન યોજીને કલા રસીક મિત્રોને કલાની સાચી તરાહથી પરિચિત કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે એમની જીવન સાધના આધ્યાત્મિકતાની આરાધનાનો પડઘો પાડતાં ચિત્ર સર્જનની વિભાવનામાં વાસ્તવદર્શીય ચિત્રોને માણવા અનુમોદવા અને પ્રેરણા મેળવવા આપણને બધાને આમંત્રે છે ત્યારે આપણી પવિત્ર ફરજ છે કે જિલ્લાભરમાંથી અને એમના નામ અને કામને જાણનારા કલા પ્રેમી મિત્રોએ ઉપસ્થિત રહીને તેમના ચિત્ર સર્જનને પોંખવાનો પુરૂષાર્થ કરવો જ રહ્યો. અમૂલ્ય અવસર તા. ૧૯ મી જાન્યુઆરી ૨૦૧૯ થી તા. ૨૩ મી જાન્યુઆરી ૨૦૧૯, સ્થળ : આર્ટ ગેલેરી, કલા ભવન, જી.ડી. મોદી વિદ્યા સંકુલ, પાલનપુર (બ.કાં.) કલા કે કલાકાર કોઈના મોહતાજ નથી.

સ્વવિકાસ માટે આત્મ ગૌરવ હોવું જ જોઇએ.

પોતાના વિચારોને વિશ્વ સમક્ષ મૂકવા માટે અંતરનો ટંકાર હોવો જ જોઇએ. એવા અંતરના ટંકારને વ્યક્ત કરતાં કલાગુરૂ રમણીકભાઈના દ્રઢ મનોબળને વ્યક્ત કરતાં તેમના સર્જન આપણા કલા જગતની ધરોહર છે. તેમના ધબકતાં ચિત્રોમાંથી એકાદ કૃતિ પણ આપણા દિવાન ખંડની શોભા બને તેમાં જ આપણું ગૌરવ બને તેવા પ્રયત્નો દરેક કલા પ્રેમીઓએ કરવા જ જોઇએ. એ માટે આજે સુવર્ણ અવસર છે. તો આવો આપણે બધા સાથે મળીને લોકલાડીલા સમર્થ કલાગુરૂ રમણીક રાવલના ચિત્રોમાંથી એક-બે ચિત્રો વસાવીને કલાકારની કલાની કદર કરતાં શીખીએ.

કલાકારની વાહ વાહ કરવી અલગ વાત છે અને કલાકારને આર્થિક રીતે (તેમના ચિત્રો ખરીદીને) પ્રોત્સાહિત કરવા જૂદી વાત છે. આવા સાચા અર્થમાં કલાના સર્જક, કલા મર્મત, આદર્શ શિક્ષક અને કલાના ઉપાસક રમણીકભાઈનો પરિચય લખવામાં મારો પ્રયત્ન વામણો લાગે છતાં તેઓ પાલનપુરમાં જ ઉછર્યાં, આળોયા અને પાંગર્યાં. કલા અને સાહિત્ય સર્જકોની ભૂમિ, અત્તર અને બાગાયતની ભૂમિ પાલનપુર તેમની કર્મ ભૂમિ રહ્યા છે તેનું તેઓ ગૌરવ અનુભવે છે.

શિક્ષક બનવા માટે જરૂરી તાલીમ પાલનપુરની સરકારી અધ્યાપન મંદિરમાં ચિત્ર કલાના શિક્ષક તરીકે આર્ટ માસ્ટર, ડીપ્લોમાં ઈન પેઈન્ટીંગ્સ અને બી.એ. (ગુજરાતી અને ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ) પાલનપુરની લબ્ધ પ્રતિષ્ઠીત શૈક્ષણિક સંસ્થા શ્રી વિવિધલક્ષી વિદ્યા મંદિરમાં ચિત્રકલાના શિક્ષક અને સ્કૂલ સંચાલનનો બહોળો અનુભવ ધરાવે છે.

'સેન્ટર ઓફ ઈન્ડિયન કલ્ચર'ની સ્થાપના અને કાર્યરત રહ્યા. કલાકારોને નિમંત્રણ, પ્રદર્શનો અને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરીને પ્રોત્સાહન 'ચાઈલ્ડ આર્ટ' માં વિશેષ રૂચિ જિલ્લાભરમાં અને રાજ્યમાં બાલકલા સ્પર્ધા અને તેમને સારા ચિત્રોનું પ્રદર્શન કરવાનું યશસ્વી કામ કર્યું છે.

કલાના હોબી વર્ગનું સંચાલન કરીને અનેક કલાકારોને પ્રોત્સાહીત કર્યાં છે. પુસ્તકોનું સંપાદન અને વૃતપત્રોમાં લેખન કાર્ય કરીને ચિત્રકલાના કૌશલ્યને સાહિત્યીક રૂપ આપ્યું છે. બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના સ્થાપક સભ્ય અને મહામંત્રી તરીકેની જવાબદારી યશસ્વી રીતે નિભાવી છે. ગુજરાતમાં પ્રથમવાર બનાસકાંઠા જિલ્લા કલા શિક્ષક સંઘની સ્થાપના કરીને ગુજરાતભરના કલા શિક્ષકોને સંગઠીત કરવાનું ભગીરથી કાર્ય કર્યું છે.

આ રીતે જેમણે પોતાનું સમગ્ર જીવન કલા સાધના અને કલાકારોને પ્રોત્સાહીત કરવામાં સમર્પિત કરી રહ્યા છે. તેવા સંનિષ્ઠ ચિત્રકાર, ચિત્ર શિક્ષક, આજીવન કલાના ઉપાસક, કલાગુરૂ રમણીક રાવલને ભાવ વંદના કરવા માટે તેમનો સંપર્ક નંબર : ૯૪૨૯૫૫૩૩૦૩ છે. ઉપયોગ કરશો તો મને ગમશે.

- નાથાલાલ બ્રહ્મક્ષત્રિય-ડીસા

# થરાદમાં જીલ્લા પંચાયતની બેઠકો પર શક્તિકેન્દ્રોની ખાટલા બેઠકો યોજાઇ



વિષ્ણુ દવે

## ભાજપના હોદેદારો દ્વારા સરકારની વિવિધ યોજનાઓની માહિતી અપાઇ

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાની જીલ્લા પંચાયતની બેઠકો પર બુધવારે ભાજપના આગેવાનોની ચુંટણીલક્ષી ખાટલા બેઠકો યોજાઇ હતી.જેમાં તેમના દ્વારા પ્રજાજનોને ભાજપ સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

બુધવારે થરાદ તાલુકાની જિલ્લા પંચાયતની ભોરડુ અને ભોરોલ બેઠક પર શક્તિકેન્દ્રની ખાટલા બેઠક ખેંગારપુરા અને ભોરડું ગામે તથા ગડસીસર,મેઢાળા અને સાબા ગામે યોજાઇ હતી.જેમાં શક્તિપીઠ પ્રમુખ પટેલ રવજીભાઈ વજાભાઈ તથા બુથ ઇન્ચાર્જ ચેરમેન જીવરાજભાઈ જે, વિહાભાઈ, અભાભાઈ, કાજાભાઈ તથા શક્તિ કેન્દ્ર ઇન્ચાર્જ (પૂર્વ તા. ડેલીગેટ) પટેલ ગજાભાઈ રૂપાભાઈ તથા પિરાભાઈ પટેલ,જીવાભાઈ મોદી, કેસરાભાઈ પટેલ, શિવરામભાઇ એમ પટેલ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.તેમના દ્વારા ઉપસ્થિત ગ્રામજનોને ભાજપ સરકારે લાવેલી પ્રજાલક્ષી વિવિધ યોજનાઓ અંગેની જાણકારી આપી હતી.સાથે સાથે આગામી લોકસભાની ચુંટણીઓમાં ભાજપના ઉમેદવારને જંગી બહુમતીથી જીતાડી દેશમાં ફરીથી ભાજપની સરકાર બનાવવાની કટીબદ્ધતા વ્યક્ત કરતા સંકલ્પો પણ લેવડાવ્યા હતા.

# વડગામ ભાજપ દ્વારા આયુષ્યમાન ભારત યોજનાનો કેમ્પ યોજાયો



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

તાલુકા મથક વડગામમાં ભાજપના કાર્યકરોના પ્રયત્નથી વાલ્મીકી વાસના ૪૦ પરિવારના અંદાજીત ૨૫૦ લોકોને આયુષ્ય માન ભારત યોજનાના કાર્ડ કાઢવામાં આવ્યા હતા. તેવું ગુજરાત સરકારના ડિરેક્ટર સતિષભાઈ જે.ભોજકે જણાવ્યું હતું. ગતરોજ બુધવારે બનાસકાંઠા જિ.યુવા ભાજપ ઉપાધ્યક્ષ ડી.વી. સોલંકી (એડવોકેટ), સરપંચ ભગવાનસિંહ, તા.પં.સદસ્ય ભરતભાઈ, જિ.કિસાન મોરચા ઉપપ્રમુખ કાંનજીભાઈ ધુળીયા, તા.મહાકાલ સેના પ્રમુખ સામંતસિંહ રાજપૂત વગેરે મહાનુભાવોની હાજરીમાં તમામ ૪૦ પરિવારોને આયુષ્યમાન ભારતના કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. કેમ્પનું આયોજન સફળ સંચાલન ગુજરાત એકતા સમિતિના ડિરેક્ટર સતિષભાઈ જે.ભોજકે કર્યું હતું.

**સુવિધા પથ યોજના અંતર્ગત**

# વાવ વિસ્તારના જુના જર્જરીત રોડનું કામ શરૂ થશે

**વાવ પંથકમાં જર્જરીત રોડો માટે ૨.૫૦ કરોડ ખર્ચાશે**

તા.પ્રતિ. વાવ

વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે મીડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે "સુવિધાપથ યોજના" અંતર્ગત વાવ વિસ્તારના વર્ષો જુના જર્જરીત રોડની બંને બાજુની પહોળાઈના કામ માટે ૨.૫૦ કરોડ રૂપિયા ખર્ચાશે. જેમાં કુંડાળિયા કસ્ટમરોડ કિ.મી.૦/૦૦ થી ૨/૪૫૦ માટે રૂા.૭૦ લાખ ખર્ચાશે. ફાંગડીથી ઢેરીયાણા રોડ કિ.મી.૦/૦થી૪/ ૪૦૦ માટે રૂા.૬૦ લાખ ખર્ચાશે જ્યારે કારેલી બાલુત્રી રોડ કિ.મી.૦/૦૦ થી ૪/૪૦૦ માટે ૧.૨૦ લાખ ખર્ચાશે આમ વાવ વિધાનસભા



વિસ્તારમાં વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના સાથ અને સહકાર અને રજુઆતના પગલે ૨.૫૦ કરોડના ખર્ચે રોડોના કામ હાથ ધરાશે. વધુમાં તાજેતરમાં વાવના કપિલેશ્વર શિવધામ ખાતે ધારાસભ્ય ગેનીબેન ઠાકોરની અંદાજે ૨ લાખની ગ્રાન્ટમાંથી સુંદર મજાનું પક્ષીઘર પણ બનાવવામાં આવ્યું છે.

# થરાદ સરકારી હોસ્પિટલમાં શાળા આરોગ્ય તપાસણી



ગતરોજ તા.૦૮/૦૧/૧૯ના રોજ થરાદ તાલુકાની સરકારી હોસ્પિટલ ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમ (આરબીએસકે) દ્વારા સઘન તપાસ અર્થ રીફર કરેલા સમગ્ર થરાદ તાલુકાની શાળાઓના વિદ્યાર્થીઓની તપાસ ડૉ.હીરાભાઈ એમ.ચૌહાણ (બાળરોગ નિષ્ણાંત), ડૉ.સોનાલી પોટે (નેત્ર સર્જન), ડૉ.જયદિપ રાવળ (ડેન્ટલ સર્જન) તેમજ હાર્દિક ત્રિવેદી તથા સમગ્ર આર.બી.એસ.કે ટીમ દ્વારા કરવામાં આવી હતી. જેમને સ્થળ પર જ નિદાન કરીને સારવાર આપવામાં આવી તેમજ વધુ તપાસની જરૂરીયાત જણાય એવા વિદ્યાર્થીઓને સિવિલ હોસ્પિટલ, પાલનપુર તથા અમદાવાદ ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

# લોરવાડા તાલુકા પંચાયત સીટમાં ખાટલા બેઠક મળી



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ડીસા તાલુકા પંચાયતમાં આવતી લોરવાડા તાલુકા પંચાયત સીટમાં ભાજપના આગેવાનો દ્વારા ખાટલા બેઠક યોજવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સરકારની વિવિધ યોજનાઓ સરકારના વિવિધ કાર્યો લોકો સુધી પહોંચે અને ૨૦૧૯ ની લોકસભામાં ભાજપનો ભગવો લહેરાય તે માટે બેઠકોનો દોર શરૂ થયો છે જેમાં લોરવાડા ગામમાં ખાટલા બેઠક યોજવામાં આવી હતી. જેમાં તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ દેસાઈ, વિજયભાઈ બારોટ સોતમલા, દિનેશભાઈ શ્રીમાળી લોરવાડા, પરબતભાઈ દેસાઈ (ઢેઢાલ) વગેરે અનેક ભાજપના હોદ્દેદારો અને કાર્યકરોની હાજરીમાં યોજાયેલ ખાટલા બેઠકમાં લોરવાડા ગામના સરપંચ પતિ ધુડાભાઈ દેસાઈ પૂર્વ ડેપ્યુટી સરપંચ સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી ધાન્ધાર મોઢ-મોદી જ્ઞાતિ સમાજનો છઠ્ઠો શિક્ષણ સ્નેહમિલન સમારોહ



ડીસા

શ્રી ધાન્ધાર મોઢ-મોદી જ્ઞાતિ સમાજ-ડીસા-રાજપુર પરિવારનો છઠ્ઠો શિક્ષણ સ્નેહમિલન સમારોહ જય જલારામ વાડી ડીસા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પધારેલા સમાજના તમામ ભાઈ-બહેનોનું કંકુ તિલક કરી અભિવાદન કરવામાં અ વ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ડૉ. ચિરાગભાઇ મોદી (આઇ સર્જન) તેમજ અતિથિ વિશેષ મુકેશભાઇ મોદી (પ્રમુખ, ધાન્ધાર મોઢ મોદી સમાજ), મંત્રી મહેન્દ્રભાઇ મોદી, મનિષભાઇ મોદી (ડીરેક્ટર-મોઢેશ્વરી બચત અને ધિરાણ મંડળી), નટુભાઇ મોદી (જમીન બ્રોકર), રાજેન્દ્રભાઇ મોઢ, મફતભાઇ મોદી (સામાજીક કાર્યકર), જીજ્ઞાબેન મોદી (મંત્રી-મહીલા ઉત્કર્ષ સમિતિ-પાલનપુર), ઉષાબેન મોદી (ડીરેક્ટર, બચત

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સગર્ભા મહિલાઓને સુખડીનું વિતરણ



ડીસા

ડીસામાં કાર્યરત શ્રી આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટ અનેક સેવાકીય કાર્યો સાથે સંકળાયેલી છે. ત્યારે સગર્ભા મહિલાઓ અને બાળકોમાં કુપોષણ દૂર થાય તે આશયથી ડીસાના આરોગ્ય વિભાગના સહયોગથી આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આજે ડીસાની ઝોરબા હોટલ ખાતે સુખડી વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સગર્ભા મહિલાઓને પોતાના આરોગ્યની કેવી રીતે કાળજી રાખવી તે અંગે પણ ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીએ આ કાર્યક્રમના આયોજકોને અભિનંદન પાઠવી સગર્ભા મહિલાઓને પણ ગર્ભાવસ્થા દરમ્યાન પોતાના આરોગ્ય અંગે ગંભીરતા દાખવવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી ઉપરાંત જીલ્લા ભાજપ ઉપપ્રમુખ વસંતભાઈ પુરોહિત, ડીસા તાલુકાના ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર, આરોગ્ય વિભાગના વિભાગીય નિયામક ડો. સંઘવી, જીલ્લા આરોગ્ય અધિકારી ડો.અરૂણભાઈ આચાર્ય ,ડીસાના તાલુકા હેલ્થ અધિકારી ડો. જીજ્ઞેશભાઈ હરિયાણી, આદર્શ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ રામરતનભાઈ સોની, છગનભાઇ સોની, મણીભાઈ પટેલ, હિતેશભાઇ સોની તેમજ અટલ સેનાના જીલ્લા પ્રમુખ કાંતાબેન પટેલ, મહામંત્રી જોલીબેન પટેલ તેમજ ઉપાધ્યક્ષ ગીતાબેન મોદી સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસાની કોલેજમાં પુસ્તક પ્રદર્શન



ડીસા

ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તકોનું સુંદર પ્રદર્શન ગોઠવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદે કહ્યું છે તેમ "સારા પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે." આથી ગ્રંથાલયમાં ૦૭/૧/૧૯ ના દિવસે ગાંધી વિષયક પુસ્તકો, ૮/૧/૧૯ ના દિવસે પરીક્ષાલક્ષી પુસ્તકો અને ૯/૧/૧૯ ના દિવસે વિશ્વકોશ, ભગવદગોમંડળ તેમજ વિવિધ વિષયના ઈનસાકલોપીડીયા જેવા પુસ્તકોને પ્રદર્શિત કર્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# ધાનેરા નગરપાલિકાના સત્તાધીશોએ સફાઇ કામદારોનું સન્માન કર્યું



એન. કે. મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઇ કામદારોની કામગીરીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું અને તમામ સફાઇ કામદારોનું શાલ ઓઢાડી સન્માન પણ કર્યું હતું. ધાનેરા નગરપાલિકા સેનીટેશન શાખા દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા સર્વક્ષણ - ૨૦૧૯ અન્વયે ધાનેરા નગરપાલિકાના સફાઇ કામદારોએ સારી કામગીરી કરવા બદલ દરેક મુકાદમ ડ્રાઈવર તથા સફાઇ કામદારોનું

અનુસંધાન પાના નં.૬

# ડીસાના પ્રતિષ્ઠિત વેપારીનું નિધન



ડીસા

મૂળ દિયોદર તાલુકાના લવાણા ગામના વતની અને વ્યવસાય અર્થે ડીસા તાલુકાના ધારૂસણ બાદ ડીસા ખાતે સ્થાઈ થયેલા પ્રતિષ્ઠિત વેપારી અરવિંદભાઈ ધુડાલાલ મોરખીયાનું ગત તા.૮/૧/૧૯ ના રોજ દુઃખદ નિધન થતા જૈન સમુદાય સહીત તેમના બહોળા શુભેચ્છક - મિત્ર વર્તુળમાં શોકની લાગણી છવાઈ છે. વેપારની સાથે સાથે અરવિંદભાઈ મોરખીયા 'પવનજય' સાપ્તાહિકના તંત્રી તરીકે પત્રકાર જગત સાથે પણ સંકળાયેલા હતા અને ડીસા સહિત પંથકના પડતરરૂપ પ્રશ્નોના નિરાકરણ માટે હરહંમેશ ઝઝુમતા હતા. જૈન શાસનના કામોમાં પણ તેઓ સદેવ અગ્રેસર રહેતા હતા. તેથી તેમની સમાજ અને શાસન સેવા સદેવ યાદ રહેશે. તેમના નિધનથી મોરખીયા પરિવારે મોભી આગેવાન ગુમાવ્યો છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે.

**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર**
**બનાસ ડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર - ૩૮૫ ૦૦૧**
**ફોન : (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫**

**CIPC સુવિધા વાળો કોલ્ડ સ્ટોરેજ ભાડેથી જોઇએ છે**

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., બનાસડેરી, પાલનપુરને પ્રોસેસ વેરાઈટીના બટાકા સંગ્રહ કરવા CIPC સુવિધા તેમજ કોલ્ડ ચેમ્બર ધરાવતા અંદાજીત ૪૦,૦૦૦ કટ્ટાના સંગ્રહ કરવા માટે બનાસડેરી સાથે કરાર ખેતીમાં જોડાયેલ ખેડૂતોના ફાર્મથી આશરે ૬૦ કી.મી.ની ત્રિજ્યામાં (ડીસાની આજુબાજુના વિસ્તારમાં) આવનાર કોલ્ડ સ્ટોરેજ ફેબ્રુ.-૨૦૧૯ થી નવેમ્બર-૨૦૧૯ થી સુધી અંદાજીત નવ માસ માટે ભાડેથી જોઇએ છે. ટેન્ડરની શરતોને આધિન કોલ્ડ સ્ટોરેજના માલિકો ટેન્ડર ભરી શકશે.

કોલ્ડ સ્ટોરેજ માલિકોએ તા.૧૫-૦૧-૨૦૧૯ ના બપોરના ૧-૩૦ કલાક સુધી સંઘના એકાઉન્ટ વિભાગમાંથી ટેન્ડર કોપી રૂા.૧૦૦/- જમા કરાવી મેળવી લેવાની રહેશે. ટેન્ડર કોપીમાં પોતાની માસિક ભાડાની ઓફર ભરી ટેન્ડર ડીપોઝીટ રૂા.૧૦,૦૦૦/- નો બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુરના નામનો ડી.ડી. સાથે તા.૧૯-૦૧-૨૦૧૯ ના રોજ ૧૫-૦૦ કલાક સુધી સંઘના વહીવટ વિભાગમાં જમા કરાવાના રહેશે.

ટેન્ડર કોપી સંઘ વેબસાઈટ www.banasdairy.coop પરથી ડાઉનલોડ કરી શકાશે. સાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ કોપી સાથે ટેન્ડર ડિપોઝીટ ઉપરાંત ટેન્ડર ફીના રૂા.૧૦૦/- નો ડી.ડી. સામેલ કરવાનો રહેશે. કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીને અબાધિત રહેશે.

**ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર**

**ટેન્ડર નોટીસ**

**પરીક્ષેત્ર વન અધિકારી વિસ્તરણ રેન્જ શિહોરીમાં વનીકરણ તથા નર્સરી કામગીરી સુચિબધ્ધ કરવા અંગેનું ટેન્ડર**
**ગુજરાત સરકાર, સામાજીક વનીકરણ વિભાગ પરીક્ષેત્ર વન અધિકારી વિસ્તરણ રેન્જ, શિહોરી ફોરેસ્ટ કોલોની શિહોરી**
**ફોન નંબર :**
**શોર્ટ ટેન્ડર નોટીસ નં.૧-૨૦૧૮/૧૯**

પરીક્ષેત્ર વન અધિકારી વિસ્તરણ રેન્જ શિહોરી, સામાજીક વનીકરણ વિભાગ બનાસકાંઠા (પાલનપુર) હસ્તે વન ખાતાની વનીકરણ તથા નર્સરી કામગીરી કરી આપવા માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરની શરતો અને ભરવાના થતા પત્રકો તા.૧૧/૦૧/૨૦૧૯ થી વિસ્તરણ રેન્જ શિહોરીની કચેરીથી રૂબરૂ ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો) ટેન્ડર ફી ભરી મેળવી શકાશે. રસ ધરાવતા ઈજારદારો ટેન્ડરના નિયમો શરતો તેમજ જરૂરી ડોકયુમેન્ટ સહિત તા.૧૫/૦૧/૨૦૧૯ ના બપોરે ૧૩.૦૦ સુધી ઉપરોકત કચેરીમાં રાખવામાં આવેલ ટેન્ડર બોક્ષમાં નાખવાના રહેશે. તથા તા.૧૬/૦૧/૨૦૧૯ ના ૧૩.૦૦ કલાકે હાજર રહેલા ઈજારદારો કે તેમના અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયાનો આખરી નિર્ણય ના વ.સં.શ્રી સા.વિ.બ.કાં.નો રહેશે.

સહી/- (આર.સી.મકવાણા)
પરીક્ષેત્ર વન અધિકારી વિસ્તરણ રેન્જ શિહોરી

**ટેન્ડર નોટીસ**

**ધાનેરા નગરપાલિકા (જી.બનાસકાંઠા)**

ગુજરાત રાજ્યના સોલર સિસ્ટમ તથા ઈલેક્ટ્રીક વિભાગના ઉત્પાદકો, સપ્લાયરો, વેપારીઓ પાસેથી નીચે મુજબના કામો માટે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી. સીલબંધ ટેન્ડરો તા.૨૩/૧/૨૦૧૯ ના રોજ ૧૬/૦૦ કલાક સુધી ધાનેરા નગરપાલિકા કચેરીએ મળી રહે તે રીતે મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ તેમજ કામની વધુ વિગતો તા.૧૬/૧/૨૦૧૯ સુધીમાં ઓફીસ સમય દરમ્યાન રજીસ્ટ્રેશનની ખરીનકલ, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીતાજુ, જી.એસ.ટી.નંબર, પાન નંબર અને ટેન્ડર ફી સાથે રજુ કરવાથી આપવામાં આવશે.

| અ.નં | કામનું નામ | બાનાની રકમ | ટેન્ડર ફી | મુદત |
|---|---|---|---|---|
| . | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સોલર સિસ્ટમ ફીટીંગનું કામ | રૂા.૧૦,૦૦૦/- | રૂા.૬૦૦/- | ૩ માસ |
| ૧ ૨ | એલ.ઈ.ડી.સ્ટ્રીટ લાઈટ સપ્લાય કરવાનું કામ | રૂા.૧૦,૦૦૦/- | રૂા.૬૦૦/- | |

ઉપરોક્ત કામોની બાનાની રકમ સીડ્યુલ બેંક અથવા રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર.થી જ સ્વિકારવામાં આવશે. ટેન્ડર સાથે બાનાની રકમની એફ.ડી.આર. સામેલ રાખવાની રહેશે. ટેન્ડર કવર ઉપર કામનું નામ, ટેન્ડર સાથે બનાની રકમની એફ.ડી.આર. સામે રાખવાની રહેશે. ટેન્ડર કવર ઉપર કામનું નામ, મોકલવાના રહેશે. આવેલ ટેન્ડરો શક્ય હશે તો તા.૨૪/૧/૨૦૧૯ ના રોજ ૧૬/૦૦ કલાકે હાજર રહેલ કોન્ટ્રાક્ટરોની રૂબરૂમાં ખોલવામાં આવશે. વધુ યા ઓછા ભાવનું ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા ધાનેરા નગરપાલિકાની રહેશે. વધુ વિગતો ધાનેરા નગરપાલિકાના દિવાબત્તી શાખાનો સંપર્ક કરી મેળવી શકાશે.

નં.ન.પા.ધા./દિવાબત્તી/વશી ૧૩ થી ૧૪/૨૦૧૯ નગરપાલિકા કચેરી, ધાનેરા તા.૯/૧/૨૦૧૯

(ઉપેન્દ્ર ગઢવી) મુખ્ય અધિકારી નગરપાલિકા ધાનેરા
(જગલબેન કાંનાજી ઠાકોર) ચેરપર્સન, દિવાબત્તી સમિતિ નગરપાલિકા, ધાનેરા
(વસંતીબેન વી.ગલચર) ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા
(બળવંતજી સી.બારોટ) પ્રમુખ નગરપાલિકા ધાનેરા

# તંત્રી સ્થાનેથી...

**નમ્રતા બુધ્ધિમતાનું જ એક અંગ છે.**

## રાજ્યમાં જે તે વિકાસકામો સમય મર્યાદામાં પૂર્ણ થવા જોઈએ

દર વર્ષે વિકાસ કામો પાછળ કરોડોનું આંધણ થાય છે પરંતુ ક્યાં કેટલો વિકાસ થયો તે બાબતે ક્યારેય કોઈ સમીક્ષા થતી નથી. આમ તો રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે વિકાસ કામોની યાદી તૈયાર કરવામાં આવતી હોય છે. શહેર અને ગામડાઓમાં જ્યારે જ વિકાસના કામો માટે ગ્રાન્ટો ફાળવવામાં આવે છે તે નાણાં ખરેખર વિકાસ કામોમાં વપરાય છે કે પછી બધું જ કાગળો પર 'ઓકે' થઈ જાય છે, આ બાબતે ખુદ સરકારે તપાસ કરાવવાની જરૂર જણાય છે. હંમેશા સરકારી નાણાં ઘરભેગા કરવાનો કોઈને અધિકાર નથી, કોઈપણ વિકાસ કામોની અંદર કટકી કરવી તે પણ એક ગુન્હો બને છે. આશ્ચર્યની વાત તો એ છે કે કયુ ખાતું એવું છે કે જેમાં ગેરરીતિ થતી ન હોય.

રાજ્યમાં કેટલા વિકાસકામો થાય છે. કેટલા પૂર્ણ થયા અને કેટલા અધૂરા રહ્યા છે. તે બાબતે ચોકસાઈપૂર્વકનો અહેવાલ તૈયાર થવો જોઈએ. ગામડાઓમાં રોડ- રસ્તા કે આરોગ્ય સંદર્ભે શું પ્રગતિ સાધવામાં આવી છે. તેની નોંધ હોવી જરૂરી છે. આમાં કોઈ ગેરરીતિ ચાલી શકે નહિં. આમ તો વિધાનગૃહમાં દરેક પ્રશ્નો ચર્ચાતા હોય છે. પરંતુ જે તે વિકાસ કામો મંજૂર થયા હોય તે ક્યારે પૂર્ણ થશે? તે બાબતે સરકારે નક્કી કરવું જોઈએ. ગામડાઓમાં જર્જરિત શાળાના ઓરડાઓની તપાસ ચલાવી તેનું નિર્માણ થાય તે બાબતે શિક્ષણ વિભાગ દ્વારા શું કાર્યવાહી થાય છે અને કઈ શાળાના ઓરડાઓ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે અને તે કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે તે નક્કી થવું જોઈએ. જો આવા કામો કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવે તો તેની ઉપર નજર રાખવી જરૂરી છે.

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષથી પેન્શનરોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. જેમાં રાજ્ય સરકારના ૩,૨૪,૦૦૦ પંચાયતો અને પ્રાથમિક શિક્ષકો મળીને કુલ ૪,૩૪,૫૩૧ જેટલા કર્મચારીઓને લાભ મળશે જેના કારણે આ વર્ષે રાજ્ય સરકાર ઉપર વધારાનો રૂા. ૧૩,૫૫૦ કરોડનો બોજો પડશે તેવું નાણાંમંત્રીનું કહેવું છે.

જ્યારે રાજ્ય સરકાર દ્વારા જે વાર્ષિક બજેટ નક્કી થઈ જાહેર કરાય છે. તેમાં તેના ૨૬ જેટલા વિભાગોના બજેટનો પણ સમાવેશ થાય છે. એટલે કે આવા દરેક વિભાગની ચાલુ કે નવી વિવિધ યોજનાઓ માટે બજેટની રકમ ચર્ચાતી હોય છે. પણ અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે સરકાર દ્વારા જે બજેટ રજુ કરાયું છે. તેમાંથી ૪૩.૬૩ ટકા જેટલી રકમ એટલે ૮૦,૧૩૧,૯૪ કરોડ રૂપિયા માત્ર કર્મચારીઓના પગારમાં જ જતા હોય છે.

બજેટ ચર્ચા દરમિયાન ખેડુતોના દેવા માફીની દર વખતે ચર્ચા થતી હોય છે. છતાં ખેડુતોના પ્રશ્નો અને તેમની માંગણીઓ સતત ચાલુ રહેતી હોય છે. આ બાબતે જે સ્પષ્ટ નિરાકરણ થવું જોઈએ તે થતું નથી. ત્યારે આ સંદર્ભે નાણાં મંત્રીનું કહેવું છે કે રાજ્યના ખેડુતોને શુન્ય વ્યાજના દરે ખેતી માટેની લોન ઉપલબ્ધ કરાય છે. એટલે રાજ્ય સરકાર દેવા માફ કરવાના બદલે તેમની આવકમાં વધારો થાય અને લીધેલી લોનની રકમ ભરપાઈ કરી શકે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં મોટાભાગના ખેડુતો ૨૦,૦૦૦ કરોડ કરતાં વધુ રકમની સહકારી બેંકોમાંથી લોન લે છે તે ભરપાઈ કરવાની તમામ જવાબદારી તેમની જ હોય છે.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં નવી વિકાસની યોજનાઓ શરૂ થનાર છે અને તેના માટે કેટલા ટકા રકમ ફાળવવામાં આવી છે તે બાબતે આ કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે મહત્વની બાબત છે, નાણાંના અભાવે વિકાસકામો અટકે નહિ તે માટે જે તે યોજના માટે વધુ નાણાંની ફાળવણી કરવી જોઈએ અને આ બાબતે જવાબદાર અધિકારીઓએ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવી જોઈએ.

## કેઆઈવાયજી સ્વિમિંગ સ્પર્ધામાં જીત માટેના પ્રબળ દાવેદાર હશે ગુજરાતની માના અને કર્ણાટકના શ્રી હરિ



કર્ણાટકના સ્વિમર શ્રીહરિ નટરાજની ગત વર્ષે થયેલ ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સને લઈને ઘણી સારી યાદો છે. આ બાદ તેઓ જો કે ત્રણ મોટી ટુર્નામેન્ટ્સમાં દેશનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. બેકસ્ટ્રોક વિશેષજ્ઞ ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સમાં ભાગ લઈ રહ્યા છે અને હવે દેખવા માંગીયે છીએ કે એક પ્રતિસ્પર્ધી તરીકે તેઓ કેટલા આગળ છે.

એક વધુ સ્વિમર કે જે આ રમતોમાં દરેકની નજરમાં રહેશે એ છે ગુજરાતની માના પટેલ. તેણી ઈજા બાદ પરતફરી રહી છે. તેણી જાણે છે કે તેને હરાવવી સરળ નહિ રહે. માનાનો પ્રયત્ન આ રમતોથી આ વર્ષે થનાર આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટની તૈયારી કરવી છે, જેના હેઠળ તે ટોક્યો ઓલમ્પિક માટે ક્વોલિફાઇ કરી શકે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કાર્લટનએ પોતાનું નવું કલેકશન લોન્ચ કર્યું



અમદાવાદ

પોતાના સમકાલીન ડિઝાઈન અને મુસાફરી એસેસરીઝના પ્રીમિયમ રેન્જ માટે જાણીતી અગ્રણી લગેજ બ્રાન્ડ કાર્લટન, તેની નવીનતમ 'એક્સકેલિબર પ્લસ' સાથે પાછું ફરે છે. લગેજની એક નવી શ્રેણી જે સ્ટાઈલ, કન્વીનિયન્સ અને સિક્યુરિટીનું શ્રેષ્ઠતમ મિશ્રણ છે.

એન્ટી-થેફ્ટ ઝિપર, ડ્યુઅલ વ્હીલ્સ, એક્સ્પેન્ડર અને ટીએસએ લૉક સાથે સજ્જ, એક્સકેલિબર પ્લસ બેગ્સ બિઝનેસ ટ્રાવેલર્સને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. લાઈટવેઈટ પોલીકાર્બોનેટથી બનાવવામાં આવેલ આ ઉબર સ્લીક બેગ સાથે મુસાફરી સરળ બને છે અને સરળ પેકિંગની સુવિધા પણ આપે છે. ડ્યુઅલ વહીલ્સ એક સ્મૂથ સ્ટ્રોલ છે જે, લાંબી મુસાફરી માટે ઉપયોગી છે તેની ખાતરી કરે છે. બે આકર્ષક રંગો કાર્બન બ્લેક અને ટોપમાં બનાવવામાં આવેલ એક્સકેલિબર પ્લસ ત્રણ સાઈઝના વેરિએટ્સમાં ઉપલબ્ધ છે જેની સાથે સંભવિત ભાવોની કિંમત INR ૫૫૦૦થી વધુ છે. આ બેગ દેશભરમાં મલ્ટી-રિટેઈલ અને કાર્લટન સ્ટોર્સ પર ઉપલબ્ધ છે.

## શિક્ષણ કાર્નિવલમાં ટીમલીઝના વિદ્યાર્થીઓએ સ્ટોર મુલાકાત લીધી



વડોદરા

બરોડા એકેડેમિક એસોસિયેશન દ્વારા શિક્ષણ કાર્નિવલ યોજાયો હતો. જેમાં વડોદરા અને નજીકના સ્થળોના વિદ્યાર્થીઓની વિશાળ સંખ્યાએ આ કાર્નિવલમાં ભાગ લીધો હતો. ટીમલીઝ સ્કિલ્સ યુનિવર્સિટીએ પણ આ કાર્નિવલમાં ભાગ લીધો હતો.

ટીમલીઝના વિદ્યાર્થીઓએ બી.સી.એમ., બી.બી.એ., બીસીએ, હોસ્પિટાલિટી અને ટૂરિઝમ મેનેજમેન્ટ અને મેડિકલ લેબોરેટરી ટેક્નોલૉજીમાં ડિપ્લોમા જેવી ગ્રેજ્યુએશન પ્રોગ્રામ્સ વિશે સમજવા માતા-પિતા સાથે સ્ટોલની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થી ઓએ પરામર્શ સત્રોમાં પણ ભાગ લીધો હતો. માતાપિતાએ યુનિવર્સિટી દ્વારા ઓફર કરેલી મેરિટ સ્કોલરશીપ યોજનાની પ્રશંસા કરી હતી. ભાજપના ધારાસભ્ય જીતેન્દ્ર સુખડીયા અને મ્યુ. ડે.કમિશ્નર પંકજ ઓંધીયાએ પણ કાર્નિવલની મુલાકાત લીધી હતી અને ખુશી વ્યકત રકી હતી. વડોદરા પ્રદેશના મેયર ડૉ. જીગીષા શેઠે મુલાકાત દરમિયાન પોતાના વક્તવ્યમાં શિક્ષણમાં કુશળતા અને વ્યવહારિક જ્ઞાનના મહત્વ પર ભાર મૂક્યો હતો. નોંધનીય છે કે ટીએલએસયુ તમામ સફળ વિદ્યાર્થીઓ માટે ૧૦૦% પ્લેસમેન્ટ સપોર્ટ આપે છે.

## સ્પ્રિંટર અવંતિકા ૨૦૦ મીટર ટાઈટલની પ્રબળ દાવેદાર



પુણેની ૧૫ વર્ષની રનર અવંતિકા નરાલેએ ૨૦૦ મીટરમાં દુતિ ચંદનું રાષ્ટ્રીય જૂનિયર રેકોર્ડ પોતાના નામે કર્યો છે અને તે પોતાના જ રેકોર્ડને શ્રેષ્ઠ કરવા માંગે છે. ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ૨૦૧૯માં ભાગ લેવા તૈયાર અવંતિકાની ઈચ્છા છે કે આ રેકોર્ડ કેટલાંક વર્ષ સુધી તેના નામે જ રહે. અવંતિકાએ જણાવ્યું કે, "હા, હું મારો શ્રેષ્ઠ સમય નિકાળવા માંગુ છું. હું આ રેકોર્ડને આ સ્તર પર લઈ જવા માંગુ છું કે આ રેકોર્ડ કેટલાંક વર્ષો સુધી મારા નામે જ રહે. મારા કોચ સંજય પાચનકર અને સુધાકર મેમાને અને હું પોતાના માટે લક્ષ્ય નિધારિત કર્યા છે અને મને વિશ્વાસ છે કે આ લક્ષ્યોને મેળવવા માટે સફળ રહીશ"

## સ્ટાર પ્રતિક બબ્બર સાન્યા સાગરની સાથે લગ્ન કરશે

મુંબઈ

વિતેલા વર્ષોના સુપરસ્ટાર અભિનેતા રાજ બબ્બરના પુત્ર અને બોલિવુડ સ્ટાર પ્રતિક બબ્બરે હવે લગ્ન કરવાનો નિર્ણય કરી લીધો છે. પ્રતિક ટુંક સમયમાં જ લગ્ન બંધનમાં બંધાઈ જશે. પ્રતિકે ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં જ ૨૨મી જાન્યુઆરીના દિવસે ગર્લફ્રેન્ડ સાન્યા સાગર સાથે સગાઈ કરી હતી. હવે હેવાલ છે કે સગાઈના એક વર્ષ બાદ એટલે કે ૨૨-૨૩મી જાન્યુઆરીના દિવસે બંને લગ્ન કરનાર છે. બંનેના લગ્નના તમામ કાર્યક્રમ લખનૌમાં આયોજિત કરાશે. સાથે સાથે લગ્નની રસમ પણ લખનૌમાં યોજવામાં આવનાર છે. પોતાની સગાઈ બાદ પ્રતિકે કહ્યુ હતુ કે તેઓ લગ્નને લઈને તૈયાર છે. તેઓ લગ્નમાં વિશ્વાસ રાખે છે. સાન્યાની સાથે પોતાના સંબંધને આગળ વધારી દેવા માટે ઈચ્છુક છે. રિપોર્ટ મુજબ પ્રતિક અને સાન્યાના લગ્ન એક ખાનગી કાર્યક્રમમાં યોજવામાં આવનાર છે.

## અમદાવાદમાં મેટાબોલિક રોગો અંગેની પ્રથમ આંતરરાષ્ટ્રિય કોન્ફરન્સ-સ્વાસ્થ્યકોન ૨૦૧૯ યોજાશે




અમદાવાદ

ઑલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ ડાયાબિટિસએન્ડ રિસર્ચ (એઆઈઆઈડીઆર)તથા સ્વાસ્થ્ય ડાયાબિટીસ કેરના સંયુક્ત ઉપક્રમે તા.૧૨ અને ૧૩ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ મેટાબોલિક રોગો અંગેની પ્રથમ આંતરરાષ્ટ્રિય કોન્ફરન્સ-સ્વાસ્થ્યકોન ૨૦૧૯, અમદાવાદમાં પંડીત દિનદયાળ ઉપાધ્યાય ઓડિયોરિયમ ખાતે યોજાઈ રહી છે. આ કોન્ફરન્સને ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન અને ડી ફૂડ ઈન્ટરનેશનલનો સહયોગ પ્રાપ્ત થયો છે. બે દિવસના આ સમારંભમાં ડાયાબિટીસને લગતી જટીલ સમસ્યાઓની વર્તમાન સ્થિતિ, પડકારો અને આ ક્ષેત્રે થયેલી પ્રગતિ અંગે વિવિધ સહયોગીઓ સાથે ચર્ચા હાથ ધરાશે. ચર્ચાના વિષય છ journey from Traditional to Clinical(પરંપરાગતથી આધુનિકતા સુધી તબીબી સારવારનીસફર') અંગે પ્રમાણ આધારિત ડેટા અને સફળતાપૂર્વક લાગુ કરી શકાય તેવા એડવાન્સ થેરાપીના વિકલ્પો (ક્લિનિકલ) ની રજૂઆત કરવામાં આવશે, જેમાં સમયાંતરે પૂરવાર થયેલા (પરંપરાગત) વિકલ્પો સહિતની ચર્ચા કરવામાં આવશે.

## બાયજુ'સ એ ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૧૫ લાખ વિદ્યાર્થીઓ ઉમેર્યા



અમદાવાદ

ભારતની સૌથી મોટી એજ્યુકેશન કંપની અને દેશની સૌથી લોકપ્રિય અને પર્સનલાઈઝ્ડ સ્કુલ લર્નિંગ એપ બાયજુ'સ એ આજે ગુજરાતમાં ત્રણ 'સ્ટુડન્ટ કનેક્ટ સેન્ટર્સ' લોંચ કરવાની જાહેરાત કરી છે. અમદાવાદમાં નવરંગપુરા, સુરતમાં મજુરા ગેટ અને રાજકોટમાં ઉદ્યોગ નગર ખાતે આવેલા સમર્પિત કેન્દ્રોને કારણે કંપનીને રાજ્યમાં તેનાં નેટવર્કના વિસ્તરણમાં મદદ મળશે અને વિદ્યાર્થીઓ ઉપરાંત પેરન્ટ્સને બાયજુ'સ ના પર્સનલાઈઝ્ડ લર્નિંગ પ્રોગ્રામ્સની અસર સમજવામાં મદદ મળશે. બાયજુ'સ ના નિષ્ણાંતોની ટીમ કોઈ પણ વિદ્યાર્થીઓનાં ઘરે તેની વિનંતીથી એપનું ડેમોન્સ્ટ્રેશન કરશે. વિદ્યાર્થીઓ અને વાલીઓ બાયજુ'સના નિષ્ણાંતો સાથે સેશન નક્કી કરવા ૦૯૨૪૩૫૦૦૪૫૭ પર કોલ કરી શકે છે.

## ગુજરાતમાં જામનગર ખાતે ફેનેસ્ટાએ તેની રિટેલ ઉપસ્થિતિ વધારી



ભારતની સૌથી વિશાળ વિન્ડોઝ એન્ડ ડોર્સ બ્રાન્ડ અને પોતાના સેગમેન્ટમાં માર્કેટ લીડર ફેનેસ્ટાએ વધુ એક નવા શોરૂમ સાથે રિટેલ વિસ્તરણ કર્યુ છે.જામનગરમાં બી, ૨૭/એ, હિરજી મિસ્ત્રી એન્સિયરી ભવન, હિરજી મિસ્ત્રી રોડ ખાતે આ એક્સ્લુઝિવ શોરૂમ આવેલો છે જ્યાં શ્રેણીમાં ઉત્તમ યુપીવીસી વિન્ડોઝ એન્ડ ડોર્સ ઉપલબ્ધ થશે. ફેનેસ્ટા બિલ્ડીંગ સિસ્ટમ્સના બિઝનેસ વડા સાકેત જૈને આ અંગે કહ્યું હતું, 'ગ્રાહકો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ઉત્તમ પ્રોડક્ટ પોર્ટફોલિયો મળીને વર્ષોથી પ્રગતિના સોપાન સર કરી રહ્યા છીએ અને નવો શોરૂમ દેશભરમાં કસ્ટમર બેઝને ઝડપથી વિસ્તરીત કરવાનો એક સંકેત છે.'

## કથાસાગર-સંતનો બોધ

એક નાવિક યાત્રીઓને બેસાડીને નદી પાર કરાવવાનું કામ કરતો હતો. તેનાથી તેના પરિવારનું ગુજરાન ચાલતું. નાવિક ભાડું નક્કી કર્યા વગર જ લોકોને બેસાડી દેતો અને નદીને પાર ઉતારતાં તેમની પાસે પૈસા માંગતો. તેને કારણે કેટલીય વાર ઝંઝટ થઈ જતી. એક દિવસે એક સંત તેની નાવમાં બેઠા. નાવિકને તેમણે રસ્તામાં બે બોધપાઠ આપ્યા. એક તો એ કે યાત્રીઓને નાવમાં ચડાવતાં પહેલાં જ ભાડું લઈ લેવું કે નક્કી કરી લેવું અને બીજી વાત, વાત-વાતમાં આવેશમાં ન આવી જવું.

નાવથી ઉતરવા પર નાવિકે સંત પાસે ભાડું માગ્યું. સંતે કહ્યું, 'વત્સ, અમે તો સાધુ છીએ. અમારી પાસે પૈસા ન હોય. જોકે મેં તને જે શિખામણ આપી છે તે કંઈ ઓછી મૂલ્યવાન નથી. તેના પર અમલ કરીશ તો તારું જીવન બદલાઈ જશે.' નાવિક બોલ્યો, 'મારે શિખામણ નહીં, પૈસા જોઈએ. પૈસા વગર હું તમને અહીંથી જવા નહીં દઉં.' નાવિકનો ગુસ્સો વધવા લાગ્યો.એટલામાં ત્યાં નાવિકની પત્ની ભોજન લઈને આવી. સંતને જોઈને તેણે પ્રણામ કર્યા અને પતિને સમજાવતાં બોલી, 'આ મહાત્મા બહુ જ્ઞાની છે. રાજા તેમને બહુ માન આપે છે. તેમની સાથે ઝગડવું યોગ્ય નથી.' આ સાંભળીને નાવિકનો ક્રોધ આસમાને પહોંચી ગયો અને તેણે થાળી સહિત ભોજન ઉઠાવીને નદીમાં ફેંકી દીધું. સમાચાર રાજા સુધી પહોંચ્યા તો તેણે સૈનિકો મોકલીને નાવિકને કારાવાસમાં નાખી દીધો. સંતે જઈને તેને છોડાવ્યો અને તેને સમજાવતાં કહ્યું, 'મેં તને જે શિખામણ આપી છે તેના પર અમલ કરી જો. તેનાથી તને આર્થિક લાભ થશે અને તારું જીવન પણ સુખી થઈ જશે.' હવે નાવિક એ શિખામણોનો અર્થ સમજી ગયો અને તેના પર અમલ કરવા રાજી થયો.

## મિરાઈ એસેટ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટસ (ઈન્ડિયા) પ્રા.લિ.ના વેપાર વિશેમાં નવી જાણકારીઓ



અમદાવાદ

૧૦ જાન્યુઆરી, ૨૦૧૯ મિરાઈ એસેટ મ્યુચ્યુઅલ ફંડને ભારતમાં ૧૦ વર્ષથી વધુનો સમય પુરો કરી લીધો છે અને હવે ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં પોતાના મૂળ મજબૂત રહ્યું છે. મિરાઈ એસેટ મ્યુચ્યુઅલ ફંડનું ઈક્વિટી એયૂએમ ૨૦,૦૦૦ કરોડ રૂા.ની મહત્વપૂર્ણ સીમા પાર કરી ચૂક્યું છે. તથા એમએમસીનું કુલ એયૂએમ ૨૨,૫૦૦ કરોડ રૂા.(૨૦ ડિસેમ્બર, ૨૦૧૮)ના સ્તરને પાર કર્યું છે. આ રીતે ૨૦૧૮ કેલેન્ડર વર્ષમાં ૫૦ ટકાથી વધુની વૃદ્ધિ થઈ છે. મિરાઈ એસેટ એયૂએણ ગ્રોથના દરના આધાર પર ભારતમાં એક સૌથી ઝડપથી પ્રગતિ કરવાવાળી એએમસી છે અને હવે ઉદ્યોગના પ્રતિભાગી પણ તેને માન્ય કરી રહ્યું છે. પાછલા ૪.૧/૨ વર્ષની યાત્રા અતિ પ્રભાવશાળી રહી છે અને એયૂએમમાં (૩૧ જુલાઈ ૨૦૧૩ એ એયૂએમ ૫૦૦ કરોડ રૂા.હતું) ૪૫ ગણાથી વધુની વૃદ્ધિ થઈ છે.

## અનુષ્કાસેન કલર્સના આવી રહેલ હિસ્ટોરિકલ ડ્રામા 'ખૂ બલડી મર્દાની-ઝાંસી કી રાની' માં મણિકર્ણિકાની ભૂમિકા ભજવે છે



પ્રસ્તુતિઓના પોતાના પુષ્પગુચ્છમાં વધુ એક હિસ્ટોરિકલ ડ્રામાનો ઉમેરો કરતાં, ગલર્સ ઝાંસીનું ભાગ્ય પરિવર્તન કરનારા અને ઈતિહાસના પૃષ્ઠો ફરીથી લખનાર અજાણ્યા સામાન્ય જનની ગાથા, ખૂ બલડી મર્દાની-ઝાંસી કી રાની ટૂંક સમયમાં લોન્ચ કરશે. ભારે યોદ્ધા તરીકે જાણીતી રાણી, શો મણિકર્ણિકાની પરોપકારી બાજુ પર પ્રકાશ પાડશે, એક યુવાન છોકરીની સાહસિકતા જે ઝાંસીને નકશા પર કાયમ રાખવા આંતરિક અને બાહ્ય બન્ને રીતે ઘણી લડાઈઓ લડી. આ પૌરાણિક ભૂમિકા ભજવવા ખૂબ જ તરવરતી, અનુષ્ઠા સેન હશે.

## જીવન જીવવાની કળા

આપણે જન્મથી મૃત્યુ પર્યત જીવન કેવી રીતે જીવવું એ શિખતા રહીએ છીએ. એકબીજાને જોઈને, પુસ્તકો, પ્રવચનો, કથાઓ, પ્રેરણાઓ, શિખામણો અનેક આધારો છે. જેના દ્વારા જીવન જીવવાની કળા શીખીએ છીએ. જ્યારે આપણે એકબીજાને કોપી કરીએ છીએ ત્યારે એક વાતનું ધ્યાન રાખવાનું હોય છે. કે તે ઠીક છે કે નહીં. જો ઠીક હોય તો કરીએ અને ઠીક ન હોય તો અયોગ્ય હોય તો તેની કોપી કરવી અયોગ્ય ગણાય છે. જીવન એક વિરાટ પ્રયોગશાળા છે. જેમાં આપણે નિત નવા પ્રયોગો કરતા રહીએ છીએ અને જો સફળતા મળે તો ખુશી-ખુશીથી બધાને પણ જાણ કરીએ છીએ અને નિષ્ફળતા મળે તો તેને છુપાવી લઈએ છીએ. સારી વાતોને પ્રસાદની જેમ વહેંચીએ છીએ અને તેમાંથી જેમને શિખવું હોય તે શિખે છે. ધારણા કરે છે અને પોતાના જીવનને શ્રેષ્ઠ નાવવાના પ્રયોગો તરફ આગળ વધે છે.

જીવન કેવી રીતે જીવવું ? આ સવાલ દરેકના મનમાં હોય છે અને તેના જવાબો પણ આપણી જ સામે હોય છે. ઘણા જવાબોમાં આપણને આપણા જ વિચારો, સ્વભાવ, સંસ્કારને જે અનુકૂળ લાગે છે. તે વાતોને આપણે સ્વીકારીએ છીએ અને જે વાતો આપણને મેચ ન થાય તેને છોડી દઈએ છીએ. ઘણીવાર ખૂબ ઉચા જીવનને બનાવનારી અમૂલ્ય શિક્ષાઓને જોઈને કરવાની ઈચ્છા તો થાય છે. સાંભળતાં કે શિખતા સમયે એવો વિચાર આવે કે આપણે પણ આજ મહાન કાર્ય કરીને શ્રેષ્ઠ જીવન બનાવવું છે. પરંતુ તે શ્રેષ્ઠ વાતોને અનુસરવાની શક્તિ નથી હોતી. જેથી ઈચ્છવા છતાં પણ મહાન કાર્યો કરી શકતા નથી. જીવન જીવવાની કળા, પધ્ધતિ દરેક પોતાની રીતે વર્ણવી છે. છતાં પણ દરેકના મતે જે શ્રેષ્ઠ છે તેને જ આપણે શ્રેષ્ઠ જીવન જીવવાની કળા કહીએ છીએ.

જીવન એવો માર્ગ છે જે માર્ગ ઉપર હજારો ચાલી ગયા હોવા છતાં પણ આપણા જીવન માર્ગ ઉપર તો આપણે પ્રથમવાર જ ચાલી રહ્યા છીએ. બધાની મતે જે યોગ્ય છે. મહાન છે, શ્રેષ્ઠ છે. અનેક લોકો કરીને ગયા છે. અનેકોનો અનુભવ છે. એવી મહાન શિક્ષાઓ અને કેડીઓને આપણે અનુસરવું જોઈએ. એવો એક જનમત હોય છે. આપણે આપણી રીતે વિચારતા હોઈએ છીએ. બીજા પણ આપણને પોતે જે રીતે ચાલે છે તે રીતે ચાલવા, અનુસરવા પ્રેરે છે. આપણે શું કરવું અને શું ન કરવું તે આપણા પોતાના હાથમાં છે. આપણે આપણા જીવનની ઈમારત ઘડવાવાળા ઘડવૈયા છીએ. જેમ ઈમારત બનાવતી વખતે આપણે અનેકો નકશા જોયા પછી બધાથી અલગ, આકર્ષક, કલરફૂલ, સુવિધાવાળુ જીવન રુપી મકાન બનાવવા પ્રયત્ન કરીએ છીએ. અનેકોની જીવન ઈમારત જોયા પછી કમીઓને નજર અંદાજ કરી તેને આપી ઈમારતમાં રીપીટ ન થાય તે માટે પણ સજાગ રહીએ છીએ. કંઈક અલગ, આકર્ષક ઉમદા જીવન બનાવવા પ્રયત્નશીલ રહીએ છીએ. જીવન જીવવાની કળા શિખવા આપણે શાસ્ત્રો, વિદ્વાનો, પંડીતો, ફીલોસોફરોની પાસે જઈએ છીએ કે એવી કોઈ કળા, સ્કીલ મળી જાય અને આપણને શ્રેષ્ઠ, સફળ જીવવાની ચાવી મળી જાય. આપણે અત્યાર સુધી જે જીવન જીવવાની કળા શિખતા આવ્યા તેમાં દરેકના મન, દરેકના વિચાર, કર્મ, અલગ-અલગ હોવાના કારણે દરેકની જીવન જીવવાની પધ્ધતિ અને શિખવાની પધ્ધતિ પણ અલગ-અલગ રહી. આ જીવન જીવવાની કળા બધી જ શ્રેષ્ઠ મળી એવું કહી શકાય એમ નથી. કારણ કે કોઈ સમાજ સેવકે આપણને સમાજ સેવા જ સર્વોચ્ચ કહી સમાજ સેવા તરફ પ્રેર્યા. કોઈ આધ્યાત્મિક વ્યક્તિઓ મળે તો ધર્મને પ્રાધાન્ય આપ્યું અને કોઈ જુગારી મળ્યો તો જુગાર રમવા પ્રેર્યા. શરાબીનો સંગ મળ્યો તો શરાબ પીવા તરફ પ્રેર્યા. ચોરી કરવાવાળા ચોરી કરવાની પ્રેરણા આપે. એમ ખરાબ કાર્યો કરવાવાળા પણ પોતે જે કરે છે તેને સારું સમજીને બીજાને પણ પોતાની સાથે એવું જીવન જીવવા શિખવે છે. તો ઘણા એવા પણ લોકો છે. જે પોતે ભલે ખરાબ કાર્યો કરી રહ્યા છે પરંતુ બીજાને રોકે છે. ખરાબ કાર્યોથી બચવા અનુરોધ કરે છે. શ્રેષ્ઠ જીવન જીવવાની પ્રેરણા લેવાવાળા ખૂબ ઓછા લોકો હોય છે. ખરાબ જીવન પધ્ધતિ શિખવા જવું નથી પડતું. સારા શ્રેષ્ઠ જીવન જીવવાની કળા શિખવા પૈસા ભરીને પણ ટ્રેનિંગ લેવામાં આવે છે. જો આપણે શ્રેષ્ઠ જીવન જીવવાની કળાને જીવનમાં ઉતારીએ તો જીવન ધન્ય, મહાન શ્રેષ્ઠ બની જાય છે. આવું શ્રેષ્ઠ જીવન જીવવાની કળા તો એક પરમ પિતા પરમાત્મા જ શિખવી શકે છે. પૂર્ણ હોવાના કારણે તેમની શિક્ષાઓ પણ પૂર્ણ હોય જ. સર્વગુણ, સર્વ શક્તિઓ અને ખજાનાથી સંપન્ન, સર્વને સુખદાયી, આદર્શ એવું જીવન જીવવાની કળા એક પરમાત્મા યાદથી મળે છે. પરમાત્મા ફક્ત જીવન જીવવાની કળા જ નથી શિખવતા પરંતુ તેની ઉપર ચાલવાની શક્તિ પણ પ્રદાન કરે છે. જેથી સરળતાથી આપણે આદર્શ જીવન બનાવી શકીએ છીએ. આપણે અત્યાર સુધી એવું સમજતા આવ્યા કે ઈંટનો જવાબ પત્થરથી આપવો જ જોઈએ. પરંતુ પરમાત્મા કહે છે કે સહન કરો. જેવા સાથે તેવા ન બનો મહાન બનવા માટે મહાન કાર્યો જે કોઈ ન કરી શકે તો પણ આપણે કરીએ. અપકારી ઉપર ઉપકારની સાથે સાથે પરમાત્મા શિક્ષા તો એવું કહે છે કે સર્વને માટે શુભ ભાવના રાખો. જેમણે આપણને દુ:ખ આપ્યું હોય તેમને સુખ આપો. કોઈ ભલે આપણી ઉપર ક્રોધ કરે તો પણ આપણે તેમને શાન્તિનું દાન આપવાનું છે. પરમાત્માની આવી શિક્ષાઓ જ સાચી જીવન જીવવાની કળા છે. જેના આધારે જ સર્વગુણ સંપન્ન દેવતા બની શકાય છે. પરમાત્માએ શિખવેલી કળાને જીવનમાં ધારણ કરીને જીવન મહાન, શ્રેષ્ઠ બનાવીએ.

- બી. કે. નીતાબેન, મુ. પાટણ

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

સાબરકાંઠા, અરવલ્લી, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત

રખેવાળ

ગુરૂવાર ૧૦ જાન્યુઆરી ૨૦૧૯

# મોડાસા ખાતે ૧૧ મા તબક્કાનો જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સંપન્ન





## કુલ ૫૫૦૭ લાભાર્થીઓને ૩૨૬.૩૫ લાખના ચેક અને સાધન સહાય કીટનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વિતરણ

(પ્રતિ.) મોડાસા

અરવલ્લી જિલ્લાના સરકારી ઇજનેરની કોલેજની બાજુમાં મોડાસા ખાતે સિંચાઇ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી પરબતભાઇ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. આ ગરીબ કલ્યાણ મેળામાં અરવલ્લી જિલ્લાના કુલ ૫૫૦૭ લાભાર્થીઓને ૩૨૬.૩૫ લાખનાં ચેક અને સાધન સહાય કીટનું મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી પરબતભાઇ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આપણાં લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી એ પોરબંદરથી સમગ્ર રાજ્યમાં ૧૧માં તબક્કાનાં ગરીબ કલ્યાણ મેળાનું પ્રારંભ કરાવ્યો છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લાભાર્થીઓને સીધાં જ લાભો આપવા ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભુતકાળમાં સરકારી યોજનાઓનો લાભ મેળવવા પગનાં તળીયાં ઘસાઇ જતાં હતાં. આ સરકાર લાભાર્થીઓને સામેથી લાભો આપે છે. આજે મોડાસા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૫૫૦૭ લાભાર્થીઓને ૩૨૬.૩૫ લાખની સહાય અપાય છે. ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને હાથોહાથ સહાય મળતાં વચોટીયાની નાબુદી થઇ છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની આ રાજ્ય સરકાર ગરીબોના લાભો માટે કામ કરે છે. સરકાર નોધારાનો આધાર બની ગરીબોને કઇ રીતે મદદ કરી શકાય તેની ચિંતા કરે છે તેમ તેમણે જણાવ્યું હતું. મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ લોકોને આરોગ્યની સેવા પુરી પાડવા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, મા અમૃતમ અને મા વાત્સ્યલ્ય યોજનામાં રૂા.૩ લાખ સુધીની કેસલેસ સારવાર અપાય છે તથા આયુષ્યમાન ભારત યોજનામાં રૂા.૫ લાખ સુધીની સારવાર વિનામુલ્યે મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં દેશના ૫૦ કરોડ લોકો અને ગુજરાતના ૪૨ લાખ લોકોને આવરી લેવાયા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ સવંદનશીલ સરકાર ખેડુતો, ગરીબો અન ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે વિરાટ કાર્ય કરે છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અને આરોગ્યની વિવિધ યોજનાઓ ઘણાં લોકોને આશીર્વાદરૂપ નીવડી છે. સરકરીશ્રીની યોજનાનો લાભ લેવા લોકોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ઔદ્યોગિક વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ગરીબ કલ્યાણ થકી દરીદ્રનારાયણના ઘરમાં કલ્યાણનો દીવો પ્રગટાવવાનું કામ કર્યું છે. અરવલ્લી જિલ્લામાં બેરોજગારોને રોજગારી મળી રહે તે માટે નવીન ઔદ્યોગિક એકમો સ્થાપવા સુચન કર્યું હતું અને સરકારમાંથી સહયોગ આપવા જણાવ્યું હતું. આ સરકાર પારદર્શકતાવાળી સરકાર અને વિકાસને વરેલી સરકાર છે તેમ જણાવ્યું હતું.

આ જિલ્લામાં નવી સીવીલ હોસ્પીટલ, નવીન પોલીસ મથક અને સાબરમતી સ્ટેશન નવીન બનશે તેમ જણાવ્યું હતું. તેથી લોકોને સુખાકારીમાં વધારો થશે. ગરીબ કલ્યાણ મેળામાં અન્ન અને નાગરીક પુરવઠા દ્વારા ગેસ કનેકશન **અનુસંધાન પાના નં.૬**

## મોડાસાના પ્રમુખધામ કોમ્પલેક્ષ આગળ શ્રમિકની લોહીલુહાણ હાલતમાં લાશ મળી



(પ્રતિ.) મોડાસા

મોડાસાના માલપુર રોડ પર કોર્ટ નજીક ફૂટપાથ પર પડી રહેતા શ્રમિક પરિવારોના એક આધેડ શ્રમિકનો મૃતદેહ ૫૦૦ મીટર દૂર આવેલા પ્રમુખધામ કોમ્પ્લેક્ષના પરિસરમાં લોહીલુહાણ હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી હતી શ્રમિક પરિવારો ઘટનાસ્થળે દોડી આવી મોડાસા ટાઉન પોલીસને હત્યા થઈ હોવાની આશંકા વ્યક્ત કરતા મોડાસા ટાઉન પોલીસે મૃતકની લાશને પી.એમ માટે મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી આધેડ શ્રમિક ને ઉંઘેલી હાલતમાં જ મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. માલપુર રોડ પર કોર્ટ નજીક અને એસ.પી કચેરીના પ્રવેશદ્વાર રોડ પર પડી રહેતા શ્રમિક પરિવારો મોટે ભાગે રાત્રીના સુમારે દારૂના નશામાં બાથમબાથી કરતા અને બિભસ્ત ગાળો બોલતા હોવાથી રાહદારીઓ પણ મૂંઝવણ અનુભવતા હોય છે

મોડાસાના માલપુર રોડ પર કોર્ટ બહાર ફૂટપાથ પર પડી રહેતા શ્રમિક પરિવારો રમકડાં,ગુબ્બારા વેચી જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે શ્રમિક પરિવારનો ચીમન ભારમર વાઘેલા (ઉં.વર્ષ-૫૦) નામના આધેડની બુધવારે સવારના સુમારે સુતેલી લોહી લુહાણ હાલતમાં લાશ મળી આવતા ભારે ચકચાર મચી હતી શ્રમિકની લાશ પડી હોવાની જાણ થતા શ્રમિક પરિવાર દોડી આવી રોક્કોકળ કરી મૂકી હતી અને ચીમન વાઘેલાની હત્યા કરવામાં આવી હોવાનું મોડાસા ટાઉન પોલીસને જણાવતા ઘટનાસ્થળે દોડી આવેલ ટાઉન પી.આઈ દરજીએ મૃતકની લાશને પી.એમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ દરજીના જણાવ્યા અનુસાર મૃતક શ્રમિક ની હત્યા થઈ છે કે અન્ય કોઈ કારણસર મોત નીપજ્યું છે તે પોર્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા પછી ખબર પડશે તેમ જણાવ્યું હતું.

## મોડાસા મહેસુલ વિભાગમાં જમીનની કાચી અને પાકી નોંધ પાડવામાં ખુલ્લેઆમ ગેરરિતી

(પ્રતિ.) અરવલ્લી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરકારી સમારંભમાં જાહેરમાં મહેસુલ વિભાગમાં ભ્ર્ષ્ટાચાર ચાલતો હોવાનું સ્વીકાર્યું છે ત્યારે મોડાસા મામલતદાર કચેરીમાંતો ભ્રષ્ટાચાર ખંડણી રૂપે માંગવામાં આવતા પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે મોડાસા મામલતદાર કચેરી માં કેટલાક સરકારી બાબુઓ અને વચોટિયા મારફતે ભ્રષ્ટાચારની બદીએ માજા મૂકી છે પ્રજાજનો સાથે રીતસરની તોડબાજી કરી સરકારી કામકાજનું કાગળિયું આગળ વધારવામાં આવે છે મોડાસા મામલતદાર કચેરીમાં આવેલી તલાટી અને સર્કલ કચેરીમાં જમીની નોંધ પાડવાના અને નોંધ મંજુર કરવાના રીતસરના ૨૦૦૦ થી વધુ રૂપિયા ખંખેરવામાં આવે છે મોડાસા આજુબાજુના વિકસતા વિસ્તારમાં જમીન એરિયા પ્રમાણે જમીનમાં નોંધ પડાવવા અને મંજુર કરવાનો ભાવ ચાલી રહ્યો છે પ્રજાજનોને ખંખેરવા સરકારી બાબુઓ વચોટિયા અને કોન્ટ્રાક પર કામ કરતા કર્મચારીઓ ના સહારે રેકેટ ચલાવી રહ્યા છે જીલ્લા કલેક્ટર દ્વારા તપાસ હાથધરવામાં આવે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના શામળાજી રોડ પર આવેલા જીલ્લા સેવાસદન-કલેકટરાલય માં મામલતદાર કચેરીમાં ખુલ્લેઆમ ભ્ર્ષ્ટાચાર એજ શિષ્ટાચારને અમલમાં મુકવામાં આવતા પ્રજાજનોને ખુલ્લેઆમ લૂંટી રહ્યા છે જમીન લે-વેચ માં કાચી અને પાકી નોંધ પડાવવા ખુલ્લેઆમ વચોટિયાઓ મારફતે ૨૦૦૦ થી ૧૦૦૦૦ રૂપિયા સુધી ખંખેરી રહ્યા છે અરજદાર રૂપિયા આપવાની આનાકાની કરેતો કોઈ પણ રીતે સર્કલ અધિકારી દ્વારા એનકેન પ્રકારે વાંધા વચકા ઉભા કરી અપીલમાં જવું પડશે જણાવી અરજદારોને રૂપિયા આપવા મજબુર કરતા મજબુરીનો માર્યો અરજદાર રૂપિયા આપવામાં તૈયાર થતો હોય છે સર્કલ અધિકારીએ માંગેલ રૂપિયા આપતા તેનેજ બતાવેલ વાંધા હવામાં ઓગળી જતા હોય તેમ પાકી નોંધ પડી આપવામાં આવે છે ખેડૂતોને નો ડ્યુ સર્ટિફિકેટ, લોન માટે બોજ એન્ટ્રી અને બોજા મુક્તિ માટે પણ ખેડૂતોને ખંખેરવામાં આવી રહ્યા છે

સર્કલ અને તલાટી ઓફિસમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હોવાથી ગેરરિતીના રૂપિયા અધિકારીઓ, કર્મચારીઓ અને વચોટિયા બહાર પાર્કિંગમાં રહેલી ચાની કીટલી અને જીલ્લા સેવાસદન સામે આવેલા કોમ્પલેક્ષમાં અરજદારો પાસેથી બેખોફ લેવામાં આવી રહ્યા છે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન દ્વારા તમને નાક નીચે ગેરરિતી આદરવામાં નિપુણતા ધરાવતા અધિકારીઓ અને કર્મચારીઓ સામે લાલ આંખ કરે તેવું ખેડૂતો અને પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

## ભિલોડા શહેરમાં ટોકીઝ પાસે આવેલા અવાવરૂં કુવામાં આખલો ખાબકયો

(પ્રતિ.) અરવલ્લી

ભિલોડા શહેરમાં આવેલી ક્રિશ્ના ટોકીજ નજીક આવેલા આવવારૂં કુવામાં ખોરાકની શોધમાં ભટકતો આંખલો ખાબકતા આજુબાજુના પ્રજાજનોને જાણ થતા ગૌરક્ષા સમિતિને જાણ કરતા સમિતિના સદસ્યો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ભિલોડા ગ્રામ પંચાયતના સહયોગથી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી બે કલાકની ભારે જહેમત બાદ



૨૫ ફૂટ ઉંડા કુવામાંથી આખલાને બહાર કાઢવામાં આવ્યો હતો. અખલાનો જીવ બચાવવામાં સફળતા મળતા પ્રજાજનોએ સરાહના કરી હતી.

## વિજયનગરમાં વન-વે હોવા છતાં આમ પ્રજાને ભોગવવી પડતી હાલાકી

(પ્રતિ.) અરવલ્લી

વિજયનગરમાં વન-વે હોવા છતાં આમ પ્રજાને ભોગવવી પડતી ટ્રાફીકની સમસ્યામાં દીન-પ્રતિદિન વધારો જોવા મળી રહયો છે. છેલ્લા કેટલાક સમયથી વિજયનગર બજારમાં મોટા વાહનોના પ્રવેશ માટે છતરિયા ત્રણ રસ્તાથી પ્રવેશ ફાળવેલ હોવા છતાં કેટલાક માથાભારે વાહનચાલકો વન-વે નો ઉપયોગ નહિ કરતાં બારોબાર બજારમાં ઘુસી જાય છે અને આવા વાહનોના લીધે સરકારી બસોના ડ્રાયવરોને બસ સ્ટેન્ડથી બહાર આવતી વખતે સામેથી આવતાં વાહનોના લીધે મોટી હાલાકી ભોગવવી પડે છે અને આજુબાજુના ગામમાંથી કામ અર્થે આવેલા લોકોને તથા નિશાળે આવતા વિદ્યાર્થીઓને પણ આ રસ્તે પસાર થવું ભયજનક લાગે છે કારણકે આવી ટ્રાફીકથી અકસ્માત સર્જાવાની પૂરેપૂરી શકયતા રહેલી છે માટે આવી કોઈ મોટી સમસ્યા સર્જાય એના પહેલા ઝડપથી આ ટ્રાફિકની વિકટ સમસ્યાને ધ્યાને લઈ તંત્ર અસરકરક પગલાં ભરે અને બજારમાં આવતા વાહનો માટે કાયદેસરની કાર્યવાહી કરે એવી પ્રજાજનોની ભારે માંગ છે.

## સાબરકાંઠા જિલ્લામાં ચાઈનીઝ દોરી અને તુકકલ ઉપર આ ઉતરાયણે પણ કાગળિયે પ્રતિબંધ

(પ્રતિ.) સાબરકાંઠા

છેલ્લા કેટલાક વર્ષોથી સાબરકાંઠામાં ઉત્તરાયણ પર્વની ઉલ્લાસભરી ઉજવણીમાં પતંગ રસિયાઓ દ્વારા ચાઈનીઝ દોરીથી પતંગ ઉડાડવાની, તુકલ અને લેન્ટર્સ મોડી સાંજે આકાશમાં ઉડાડવાની મજા માણવામાં આવી રહી છે. તુકકલમાં તત્કાળ સળગી જાય તેવા વેકસ પદાર્થોના કારણે પર્યાવરણને નુકસાન થવા સાથે આગ લાગવાની ઘટનાઓ પણ બની શકે છે. જે ગંભીરતાને ધ્યાને લઇને છેલ્લા કેટલાક વર્ષોથી ઉતરાયણ પર ચાઈનીઝ દોરી અને તુકકલ ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવી દેવાય છે . આ વર્ષે પણ તા.૧૦ જાન્યુ. થી તા.૧૬ જાન્યુ . સુધી ચાઈનીઝ તુકકલ કે લેન્ટર્સનું ઉત્પાદન, વેચાણ કે ઉડાડી નહીં શકાયનું જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરનામું બહાર પડાયું છે. ઉપરાંત ધારદાર ચાઈનીઝ દોરી ઉપર પણ અગાઉના વર્ષોની જેમ પ્રતિબંધ મૂકયો છે.

પરંતુ તેના પાલન માટે કોઈ આયોજન તંત્ર દ્વારા ગોઠવાતું ન હોવાનું જોવા મળે છે. જેના કારણે ઉત્તરાયણના સમયગાળામાં પતંગ બજારમાં ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ તુકકલનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવાનું અને પતંગ રસિયાઓ દ્વારા તેની ભરપૂર ખરીદી પણ થતી હોવાનું જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે ચાઈનીઝ દોરી સિન્ટેટીક મટીરીયલથી તૈયાર થતી હોય છે . જેના કારણે વાહનચાલકોને તિક્ષણ કાપાઓ સહિતની ગંભીર ઈજા થયાની અને પક્ષીઓ મોટી સંખ્યામાં ઈજાગ્રસ્ત કે મૃત્યુ પામતા હોવાની ઘટનાઓ અગાઉ બનવા પામી છે. આથી અતિ જોખમીચાઈનીઝ દોરી પર પ્રતિબંધ અચૂક મૂકાય છે પરંતુ તેનું વેચાણ અટકાવવા માટેની અસરકારક અમલવારી થતી નથી . નોંધનીય છે કે ગતવર્ષે ઉત્તરાયણપૂર્વે તંત્ર દ્વારા કેટલાક સ્થળોએ દરોડા પાડીને ચાઈનીઝ દોરી અને તુકકલનો જથ્થો ઝડપવામાં આવ્યો હતો. પરંતુ ઉત્તરાયણ પર્વે આકાશમાં અસંખ્ય પતંગો ચાઈનીઝ દોરીની ઉડવા સહિત મોડી સાંજે હજારો તુકકલો પણ આકાશમાં ઉડાડવામાં આવ્યા હતા. જો કે પર્યાવરણ પ્રત્યે પતંગરસિયાઓ દ્વારા જાગૃતતા દાખવવામાં ન આવી હોવાસાએ તંત્ર દ્વારાપણ બોધપાઠરૂપ કાર્યવાહ નથવાના કારણે કદાચ આ વર્ષે પણ આ સિલસિલો યથાવત આકાશમાં ઉડતો' જોવા મળશે.

## વડીયાવીર રાજપુત સમાજનું સ્નેહમીલન યોજાયુ



(પ્રતિ.) મેઘરજ

વડીયાવીર રાજપુત સમાજના નવીન પ્રમુખ તરીકે કુંપાવત ભરતસિંહ રૂગનાથસિંહની વરણી કરવામા આવી હતી તેમજ અગાઉના વડીયાવીર રાજપુત સમાજના હોદ્દેદારો પ્રમુખ તેમજ મંત્રી કુંપાવત ધનેસિંહ ગોપાલસિંહ ની આભારવિધીનો કાર્યક્રમ યોજાયો. જેમાં કુંપાવત રણવીરસિંહ (એડવોકેટ) તથા વડીયાવીર રાજપુત સમાજના આગેવાનો તેમજ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠામાં શીતલહેર યથાવત : ઠંડીથી લોકો ઠુંઠવાયા

**સતત ફૂંકાઈ રહેલા પવનથી ઠંડી વધુ લાગે છે ઉતરાયણ આસપાસ માવઠું થવાની શક્યતા**

(પ્રતિ.) હિંમતનગર

સાબરકાંઠા જીલ્લામાં અત્યારે શીતલહેર ચાલી રહી હોવાને કારણે લોકો ઠંડીથી ઠુંઠવાય રહ્યા હોવાને કારણે તેની અસરો દિવસે પણ જોવા મળી રહી છે. દિવસ દરમ્યાન ધીમી ગતિએ કાઈ રહેલા પવનને કારણે ઠંડીમાં ઓર વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ ઉતરાયણ આસપાસ માવઠું થવાની શક્યતા જણાવાઈ રહી હોવાને કારણે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનું જોર વધે તેમ છે . સાબરકાંઠામાં ખાસ કરીને અત્યારે વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા પંથકમાં છેલ્લા કેટલાય દિવસોથી પડી રહેલી ઠંડીને કારણે આ વિસ્તારમાં રહેતા લોકો તેનાથી ટેવાઈ ગયા હોય તેમ તેઓની દિવસની દિનચર્યા મોડી શરૂ થઈને વહેલી પૂર્ણ થઈ જાય છે. સાંજ પડતાની સાથે જ આ વિસ્તારો સુમસામ બની જતા હોવાને કારણે શિયાળામાં બહારથી આવતા લોકો વહેલાસર આવી જાય છ. બીજા તરફ જાલ્લાના અન્ય વિસ્તારોમાં પણ પ્રમાણમાં ઠંડીની અસરો દેખાઈ રહી છે. બુધવારે હિંમતનગરનું તાપમાન ૧૩ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. આગામી દિવસોમાં એટલે કે ઉતરાયણ પછીના દિવસોમાં અથવા તો તે પહેલા વાતાવરણમાં આવનાર પલ્ટાને કારણે ક્યાંક કમોસમી વરસાદ થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા કરાઈ રહી હોવાને કારણે તે પછીના દિવસોમાં ઠંડીનું જોર અત્યાર કરતા વધુ રહે તો નવાઈ નહી.

જીલ્લામાં પડી રહેલી ઠંડીને કારણે ખાસ કરીને શિયાળુ પાક તરીકે ઓળખાતા ઘઉ, દિવેલા , વરીયાળી, રાયડો અને ચણાના પાકને પુષ્કળ ફાયદો થઈ રહ્યો છે. જોકે તેમાં ખાસ કરીને ચણાના પાકમાં ઈયળનો ઉપદ્રવ શરૂ થઈ ગચો હોવાને કારણે ખેડુતોએ રાસાયિક દવાઓનો છંટકાવ શરૂ કરી દીધો છે તથા કૃષિ તજજ્ઞો પણ આવા પાકમાં જરૂર પુરતુ પાણી આપવાની ભલામણ કરી રહ્યા છે.

## હિંમતનગરમાં તલવારથી કારના કાચ તોડી નંખાતા બે વિરૂધ્ધ ફરીયાદ

**બાઈક પર આવેલા શખ્સોએ રૂા.૨૫ હજારનું નુકસાન કર્યાનો આક્ષેપ**

(પ્રતિ.) હિંમતનગર

હિંમતનગર ના મહાવીરનગર વિસ્તારમાં ગાયત્રી મંદીર રોડ પર આવેલ એક પરીવારના મકાન આગળ પાર્ક કરેલ કારના બે શખ્સોએ મંગળવારે બાઈક પર આવી કારના કાચ તોડી ભાગી જતા બંને જણા વિરૂધ્ધ બ્રુધવારે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી હતી. આ અંગે હેતલબેન ભાવેશકુમાર જયરવાલએ નોધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મંગળવારે અગમ્ય કારણોસર હિંમતનગરના ભોલેશ્વર વિસ્તારમાં રહેતા વિક્કી - નરેશભાઈ ભાટ અને આકાશ અશોકભાઈ ભાટએ બાઈક પર આવીને હેતલબેનના ઘર આગળ પાર્ક કરેલ ઈર્કો કાર નં. જીજે૦૯બીડી ૬૭૪૮ પર તલવારથી હુમલો કરી કારના આગળના અને પાછળના કાચ તોડી નાંખ્યા હતા. જે અંગે હેતલબેનને ખબર પડતા તેણીએ બુમાબુમ કરતા આ બંને જણા ભાગી ગયા હતા .

ત્યારબાદ હેતલબેને તેમના પતિ ભાવેશકુમાર જયસ્વાલ અને જેઠ ભારતેશભાઈને જાણ કરતા બંને જણા ઘરે દોડી આવ્યા હતા.

ત્યારબાદ તેમના ઘર સામે રહેતા દિગ્વિજયસિંહ ચંપાવતના ઘરે લગાવેલ સીસીટીવી કેમેરાના ફૂટેજના - આધારે આ બંને જણાને ઓળખી લઈ તલવારથી ઈર્કો કારના કાચ તોડી નાખી રૂા.૨૫ હજારનું નુકસાન પહોંચાડતા હેતલબેન જયસ્વાલે બુધવારે બંને જણા વિરૂધ્ધ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## બનાસ...

પાના નં .૧ ચાલુ

કરવો પડશે જે જિલ્લાના હિતમાં હશે. મિલ્ક હોલીડે ને પરિણામે દૂધ ઉત્પાદકો ડેરીમાં દૂધ ભરાવી નહી શકે તો આવા દૂધને રસ્તા પર ઢોળવું પડશે તેવા દિવસો દેખાઈ રહ્યા છે. અઠવાડીયામાં બે વાર ડેરી બંધ રાખવાની વાતો ચોરે ને ચૌરે ચર્ચાઈ રહી છે અને દુધ ઉત્પાદકો ચિંતા સેવી રહ્યા છે. બનાસડેરીના સત્તાવાળાઓ આ પ્રશ્ને ગંભીર બની, ખેડૂતોના પ્રશ્ને ચિંતિત થાય તે સમયની માંગ છે.

## ડીસાની કોલેજમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેનો લાભ કોલેજના તમામ વિદ્યાર્થી અને અધ્યાપકો તેમજ નોનટીચીંગ સ્ટાફે લીધો હતો. વિદ્યાર્થીઓમાં પુસ્તક પ્રત્યે રૂચિ જાગૃત થાય, એમની સમજણ વિકસે અને વાંચન અંગેની કળા ખીલે તે માટેનું આવું સુંદર પુસ્તક પ્રદર્શન યોજવા માટે આચાર્ય ડો.અમૃતભાઈ પટેલ નિયામક છગનભાઈ પટેલ તેમજ સમગ્ર કોલેજ સ્ટાફ દ્વારા ગ્રંથપાલ હેતલબેન મોદી અને ભરતભાઈ ચોરસીયાને અભિનંદન પાઠવ્યા હતા.

## ધાનેરા નગરપાલિકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પાલિકા પ્રમુખ બળવંતભાઇ બારોટ, ચેરમેનો તથા તમામ સદસ્યોએ ભેગા મળી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું અને સફાઇ કામદારો સહીત શહેરીજનોને પણ સફાઇના શપથ લેવડાવ્યા હતા તથા ધાનેરામાં જાહેર સ્થળો ઉપર સ્વચ્છતાના બેનરો પણ લગાવવામાં આવ્યા હતા. દરેક ગામ તેમજ શહેરમાં સફાઇ કરતાં કામદારોની કદર કરી ધાનેરા પાલિકા દ્વારા જે સફાઇ કામદારોનું સન્માન કરવામાં આવ્યું તેને લઇ ધાનેરા વિસ્તારના લોકોએ પણ પાલિકા પ્રમુખની કામગીરીને બિરદાવી હતી.

## શ્રી ધાન્ધાર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને ધિરાણ મંડળી-પાલનપુર) જેઓનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ કિર્તીભાઇ મોદી (પ્રમુખ-ધાન્ધાર મોઢ મોદી જ્ઞાતિ સમાજ-ડીસા) એ આવનાર મહેમાનોનું શબ્દોથી અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે લક્કી ડ્રોનું આયોજન કરાયું હતું.

આ પ્રસંગે ડીસા-રાજપુર પરિવાર વડીલ વટ વૃક્ષનું મહેમાનો દ્વારા વિમોચન કરાયું હતું. જે કિર્તીભાઇ મોદી દ્વારા બનાવાયું હતું. સમાજમાં દીકરા-દીકરીઓનો ભેદભાવ ન રહે તે અંગે ચંદુભાઇ એ.ટી.ડી. દ્વારા સહી ઝૂંબેશનું આયોજન થયું હતું. જ્યારે મફતલાલ મોદીએ ચક્ષુદાન-દેહદાન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સમાજના પ્રમુખ મુકેશભાઇ મોદીએ આવનાર પેઢીના શિક્ષણ ઉપર ભાર મૂક્યો હતો. આભાર વિધી અશ્વિનભાઇ મોદીએ કરી હતી.

## ભાભર તાલુકાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

છેલ્લા ૧૦ વર્ષથી પેવર કામ માટે ઝોલા ખાતો આ રોડને ઝડપી પેવર કરવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે. રાજ્ય સરકાર ગમે તેટલા વિકાસના કામો કરશે પણ ખેડૂતોના હીતના પ્રશ્નો નહીં ઉકેલે તો લોકસભાની ચૂંટણીમાં આ વિસ્તારમાંથી મોટું નુકશાન થવાની સંભાવના રહેલી છે.'

## અરવલ્લી જિલ્લામાં...

અનુસંધાન ૫ નુ ચાલુ..

અને પ્રેશર કુકર તથા માનવ ગરીમા યોજના, કૌશલ્ય તાલીમ અને સાધન સહાય યોજના, માનવ કલ્યાણ યોજના, વિકલાંગ સાધન સહાય યોજના, મિશન મંગલમ સ્વસહાય જુથ યોજનામાં વ્યવસાય કરવા માટે સાધનો-ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધીમાં યુથ ક્રેડાઇ મોડાસા (બિલ્ડર એશોસીએશન) શ્રી ભાનુભાઇ પટેલ અને

મયુરભાઇ પટેલ દ્વારા રૂા.૨૧ હજારનો ચેક, અરવલ્લી જિલ્લા કવોરી એશોસીએશનના પ્રમુખ શ્રી રમણભાઇ પટેલે રૂા.૫૧ હજાર, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બાયડના ચેરમેન શ્રી બાબુભાઇ પટેલ રૂા.૨૫ હજાર, બાયડના કોલ્ડ સ્ટોરેજ એશોસીએશનના શ્રી અશોકભાઇ સુથારે રૂા.૨૧ હજાર અને બિલ્ડર એશોસીએશન, ભિલોડાના એસ. એમ. ગુજ્જરે રૂા. ૧૧ હજારનો ચેક કન્યા કેળવણી નિધીમાં આપ્યો હતો.

આ ગરીબ કલ્યાણ મેળામાં ૩ લાભાર્થીઓએ પોતાને મળેલાં લાભોથી ફાયદો થયો હતો તે બાબતે પ્રતિભાવો આપ્યાં હતાં અને સરકારનો આભાર માન્યો હતો આ ગરીબ કલ્યાણ મેળામાં વિવિધ વિભાગો દ્વારા સ્ટોલો ગોઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે અરવલ્લી કલેકટર એમ.નાગરાજને સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, અરવલ્લી જિલ્લાનો વિકાસ થાય અને જિલ્લાના વિકાસમાં ટીમ અરવલ્લીનો સહયોગ પુરેપુરો મળી રહ્યો છે તે સરાહનીય બાબત છે તેવું જણાવ્યું હતું, તથા આભાર વિધી જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષિત ગોસાવીએ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મોડાસા એ.પી.એમ.સી.ના ચેરમેન શામળભાઇ પટેલ,મોડાસા નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઇ શાહ, જિલ્લા સંઘના પ્રમુખ પ્રભુદાસ પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટીલ, અધિક નિવાસી કલેકટર આર.જે.વલવી, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી. ડી. ડાવેરા, આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી, ગરીબ કલ્યાણ મેળાના નોડલ ઓફીસર અને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી જે. આર. પટેલ, મેઘરજના તાલુકા પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ લાભાર્થીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

## હરીયાણાના કૃષિ...

પાના નં .૮ ચાલુ

સ્ટોરેજના માલિક સંદીપભાઈ સૈનીએ પણ વિશેષ યોગદાન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ડો.અર્જુન સૈની (ડાયરેક્ટર હોર્ટી કલ્ચર ડીપાર્ટમેન્ટ હરીયાણા રાજ્ય) ડો.એમ.એસ.કાર્ડીયન (વૈજ્ઞાનિક બટાટા સેન્ટર દીલ્લી) ડો.એસ.યાદવ ડેપ્યુટી ડાયરેક્ટર હાર્ટીકલ્ચર વિભાગ હરીયાણા) ડો.સુષ્મા આર્યા (વૈજ્ઞાનિક રાષ્ટ્રીય રીસર્ચ સેન્ટર દિલ્લી) ડો.આર.એન.પટેલ વૈજ્ઞાનિક બટાટા સંશોધન કેન્દ્ર, ડીસા) ડો.એસ.એમ.ચૌધરી (નિવૃત વૈજ્ઞાનિક બટાટા સંશોધન કેન્દ્ર) ઉપરાંત હરીયાણા ખેડૂત બલવીન્દરજી તથા હરમીન્દરજી તથા કુલદીપસીમા જગદીશભાઈ, સંજીવ કાકર વગેરે ઉપરાંત ગણપતભાઈ કચ્છવા (પ્રમુખ કોલ્ડ સ્ટોરજ એસોસિએશન બનાસકાંઠા), બાબુભાઈ ગીગાજી માળી (ઉપપ્રમુખ કોલ્ડ સ્ટોરેજ એસોસિએશન ગુજરાત) હાજર રહી ખેડૂતો વેપારીઓ અને કોલ્ડ સ્ટોરેજ માલિકોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમ સંચાલન વર્માજીએ કર્યુ હતું.

## કાંકરેજ તાલુકાની...

પાના નં .૮ ચાલુ

કંબોઈ, દુદાસણ, કસળપુર, જામપુરા, ખારીયા જેવા ગામોમાંથી પસાર થતી બનાસ નદીના પટ-ઉપર રેત માફીયાઓ મણિયો કબજો કરી બેઠા છે. લીઝ ન હોય તેવા પડતર નદીના પટમાં પણ હિટાચી મશીન દ્વારા રાતના સુમારે રેતીની ચોરી થઈ રહી છે તેથી નદીનો નયન રમ્ય પર કોતરો અને ખીણમાં ફેરવાઈ ગયો છે. હાઈકોર્ટે લીઝ ઉપર સવારે છ થી સાંજના છ સુધી જ રેતીનું ખોદકામ કરવાનો આદેશ કર્યો છે તેમ છતાં રાત-દિવસ ચોવીસે કલાક ખોદકામ ચાલુ હોય છે. એટલું જ નહીં, સરકારના નિયમ મુજબ ૩ મીટર ઉંડા ખોદકામના બદલે માથાભારે રેત માફીયાઓ ૧૫ થી ૨૦ મીટર ઉંડેથી રેતી ઉલેચી રહ્યા છે. પાટણ રોડ ઉપર સવારે માત્ર એકાદ રોયલ્ટી પાસ લઈ રેત માફિયાઓ આખો દિવસ રેતીનો સંજુર કરતા હોવાનું પણ લોકોમાં ચર્ચાય છે. ત્યારે તંત્ર દ્વારા માત્ર તપાસના નાટકો કરાતા હોવાના આક્ષેપો ઉઠવા પામ્યા છે. ત્યારે તંત્ર ગુપ્ત રાહે રાત્રે આકસ્મિક દરોડા પાડે તો કરોડોની ચોરી પકડાય તેવો જનમત પ્રવર્તે છે.

## ડેકા ગામની...

પાના નં .૮ ચાલુ

તેમજ રૂા. ત્રણ લાખની કિંમતની ગાડી સહિત કુલ રૂા. ૩,૪૬,૨૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ડેકા ગામના શ્રવણજી થાનાજી ઠાકોર, થરાદ તાલુકાના અરંટવા ગામના ભાવાજી ઈસાજી ઠાકોર અને ધાનેરા તાલુકાના વીંછીવાડી ગામના સિદ્ધરાજસિંહ હડમતસિંહ દેવડાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૩૭૫૦૦-૩૮૦૦૦** |
| રૂપુ કાચું | ૩૭૫૦૦-૩૮૪૦૦ |
| સોનુ તોલો | ૩૧૫૦૦-૩૧૮૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૯૯૦** |
| પામોલીન | ૯૭૦ |
| સોયા રીફાઈન | ૧૩૬૦-૭૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૩૬૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૭૦૦-૧૭૫૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૬૦૦ |
| **સીગતેલ ૫ લી.** | **૫૪૦** |
| તિરૂપતી કપા. | ૧૩૦૦ |
| ૫ લીટર | ૪૨૦ |
| વનસ્પતિ ઘી | ૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૮૫૦ |
| ૫ કે. કોપરેલ | ૯૨૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૫૪૧ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૫૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૩૫૦ |
| ૫ લી. | ૪૧૮ |
| ૨ લી. | ૧૭૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૬૦૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૫૫૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૬૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ |
| દાવત સ્પેસીયલ | ૮૦૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૮૦૦૦ |
| દાવત દિલખુશ | ૮૦૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૨૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૧૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૪૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૭૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૧૧૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૯૦૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૫૦૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૮૨૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૪૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૫૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૮૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૭૪૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૮૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૭૨૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૨૫૦-૩૩૦૦** |
| **ખાંડ એમ.** | **૩૨૫૦-૩૩૮૦** |
| ખાંડએલ. | ૩૫૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૨૦૦ |
| જીરાળુ | ૧૭૬૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૬૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૯૨૫ |
| મેંદો | ૯૦૦ |
| શ્રીફળ એમ. | ૧૪૨૫ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૪૦૦૦ |
| ખાંડ બુરૂ | ૪૫૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૫૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૨૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| **દુધી** | **૧૮૦-૨૨૦** |
| સુકી ડુંગળી | ૨૦૦-૨૩૦ |
| લસણ | ૩૦૦-૫૦૦ |
| ધાણા | ૫૦૦-૬૦૦ |
| મરચાં | ૩૦૦-૫૦૦ |
| લીંબુ | ૫૦૦-૭૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૬૦-૭૦ |
| રીંગણ | ૨૬૦-૩૦૦ |
| ટામેટા | ૨૦૦-૨૮૦ |
| **ભીંડા** | **૩૮૦-૪૪૦** |
| કોબી | ૨૦૦-૨૪૦ |
| વટાણા | ૬૮૦-૭૦૦ |
| ટીંડસા | ૫૦૦-૮૦૦ |
| ગવાર | ૫૦૦-૮૦૦ |
| બાદશાહ બટાકા | ૪૦૦-૪૪૦ |
| **સાંગા બટાકા** | **૨૪૦- ૨૬૦** |
| **દે.ગવાર** | **૬૦૦-૮૦૦** |
| **ચોળી** | **૮૦૦-૧૦૦૦** |




# વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં સૌથી ઝડપી ૧૦૦૦ રન પુરા કરનાર વિરાટ કોહલી

વિરાટ કોહલી સૌથી ઓછી ઈનીંગ્સમાં ૧૦,૦૦૦ રન બનાવનાર બેટસમેન બન્યો છે. વેસ્ટ ઈન્ડીઝ સામે વિશાખાપટ્ટાનમમાં ૨૪ ઓકટો.૨૦૧૮ ના રોજ રમાયેલ મેચમાં વિરાટ કોહલીએ અણનમ ૧૫૭ રન બનાવ્યા ત્યારે આ રેકોર્ડ બનાવ્યો હતો.

વિરાટ કોહલીએ ૨૧૩ એક દિવસીય આંતર રાષ્ટ્રીય મેચની ૨૦૫ મી ઈનીંગ્સમાં પોતાના ૧૦૦૦૦ રન પુરા કર્યા અને પોતાના જ દેશના સચીન તેંડુલકરનો રેકોર્ડ તોડયો હતો.સચીને ૧૦૦૦૦ રન ૨૬૬ મી મેચની ૨૫૯ મી ઈનીંગ્સમાં કર્યા હતા.

શ્રીલંકા વિરુદ્ધ ૧૮ ઓગષ્ટ ૨૦૦૮ ના રોજ દંબોલા ખાતે પોતાની પ્રથમ વન-ડે મેચ રમનાર વિરાટ કોહલીએ ૧૦૦૦૦ રન બનાવવામાં ૧૦ વર્ષ અને ૬૭ દિવસનો સમય લીધો હતો.

સચીન તેંડુલકરે ૧૦,૦૦૦ રન પુરા કરવાને માટે ૧૧ વર્ષ અને ૧૦૩ દિવસનો સમય લીધો હતો. સચીને ૧૮ ડીસે.૧૯૮૯ ના રોજ રમી હતી.જયારે ઓસ્ટ્રેલીયા વિરુદ્ધ ૩૧ માર્ચ ૨૦૦૧ ના રોજ પોતાની ૧૩૯ રનની ઈનીંગ્સમાં પોતાના ૧૦૦૦૦ રન પુરા કરવામાં સફળતા મળી હતી.

## ખેલના મેદાનમાંથી

કમલેશ કંસારા

અત્યાર સુધી ભારતના પાંચ અને કુલ મળીને ૧૩ બેટસમેનોએ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦૦૦ રનથી પણ વધુ રન બનાવવામાં સફળતા મેળવી હતી.

એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી પહેલાં ૧૦૦૦૦ રન બનાવનાર બેટસમેન સચીન તેંડુલકર હતો. તે આ પ્રકારની ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર બેટસમેન પણ છે.

જમોડી બેટસમેન સચીન તેંડુલકરે ૧૯૮૯ અને ૨૦૧૨ ની વચ્ચે ૪૬૩ મેચો રમીને એની ૪૫૨ ઈનીંગ્સમાં ૪૪.૮૩ ની એવરેજથી ૪૯ સદી અને ૯૬ અર્ધશતકની મદદથી ૧૮૪૨૬ રન બનાવ્યા છે તે આ પ્રકારની ક્રિકેટમાં સર્વ પ્રથમ બેવડી સદી બનાવનાર બેટસમેન પણ છે. દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ ગ્વાલીયરમાં ૨૪ ફેબ્રુ.૨૦૧૦ ના રોજ સચીને ૨૨૬ મીનીટમાં ૧૪૭ બોલ પર ૨૫-૪ અને ૩-૬ ની મદદથી અણનમ ૨૦૦ રન કર્યા હતા.

વિરાટ કોહલીએ ૨૦૦૮ થી અત્યાર સુધી ૨૧૬ વન-ડે ઈન્ટરનેશનલ મેચોમાં ૫૪.૬ ની એવરેજથી ૧૦૨૩૨ રન કર્યા છે. જેમાં ૩૮ સદી અને ૪૮ અર્ધશતક લગાવ્યા છે. જેમાં ૧૮૩ રનનો સર્વોચ્ચ જુમલો છે. જે વિરાટે પાકિસ્તાન વિરૂદ્ધ ઢાકામાં ૧૮ માર્ચ ૨૦૧૨ ના રોજ ૨૧૧ મીનીટમાં ૧૪૮ બોલમાં ૨૨-૪ અને ૧-૬ ની મદદથી બનાવ્યા હતા.

વિરાટ કોહલીએ સૌથી વધુ રન પાછલા વરસમાં બનાવ્યા હતા. ૨૦૧૭ ના વર્ષમાં વિરાટ કોહલીએ ૨૬ મેચોની ૨૬ ઈનીંગ્સમાં ૬ સદી અને ૭ અર્ધ શતકની મદદથી ૧૩૩.૫૫ ની સરેરાશથી ૧૪૬૦ રન બનાવ્યા હતા. વિરાટ કોહલી ૬ વાર એક વર્ષમાં ૧૦૦૦ થી વધુ રન બનાવવામાં પણ સફળ રહેલ.

વેસ્ટ ઈન્ડીઝ વિરૂદ્ધ સીરીઝની ત્રીજી ટેસ્ટમાં જે પુનામાં રમાઈ હતી. આ મેચમાં વિરાટ કોહલીએ પોતાના ૧૦ રન પુરા કર્યા ત્યારે ડે નાઈટ વન-ડે ઈન્ટર નેશનલ મેચોમાં ૮૦૦૦ રન પુરા કરનાર ભારતનો બીજો અને વિશ્વનો ત્રીજો બેટસમેન બન્યો હતો.

ડેનાઈટની એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટસમેન શ્રીલંકાનો કુમાર સંગકારા છે જેમણે ૨૪૮ મેચોની ૨૩૬ ઈનીંગ્સમાં ૯૨૬૦ રન બનાવ્યા છે. ભારતના સચીન તેંડુલકરે ૨૦૮ મેચોમાં ૮૮૩૩ રન બનાવ્યા છે. વિરાટ કોહલીએ ૧૫૫ મેચોમાં ૮૦૨૬ રન કર્યા છે.

ભારતના સૌરવ ગાંગુલીએ ૨૭૨ મેચની ૨૬૩ ઈનીંગ્સમાં ૨૦ વાર નોકઆઉટ રહીને ૪૧.૨૨ ની એવરેજથી ૧૦૦૧૮ રન કર્યા છે. જેમાં ૧૮૩ રનનો સર્વોચ્ચ જુમલો પણ છે. ગાંગુલીએ ૨૨ સદી અને ૬૦ અર્ધશતક લગાવ્યા છે.

ઓસ્ટ્રેલિયાના રીકી પોન્ટીંગે ૨૭૨ મેચની ૨૬૬ ઈનીંગ્સમાં ૧૦૦૮૩ રન ૪૨.૯૦ ની એવરેજથી બનાવ્યા છે. જેમાં ૧૬૪ રનનો સર્વોચ્ચ જુમલો પણ નોંધાવ્યો હતો. પોન્ટીંગે ૨૩ સદી અને ૫૯ અર્ધ શતક સાથે ૧૦૦૦૦ કે તેથી વધુ રન બનાવ્યા છે.

દક્ષિણ આફ્રિકાના જેક કાલીસે વન-ડે ઈન્ટર નેશનલની ૨૮૬ મેચમાં ૨૭૨ ઈનીંગ્સમાં ૫૧ વાર નોટઆઉટ રહેવાની સાથે ૪૪.૪૪ ની એવરેજથી ૧૦૦૪૪ રન કર્યા છે. જેમાં ૧૩૯ રનના સર્વોચ્ચ વ્યક્તિગત જુમલાની સાથે ૧૬ સદી અને ૭૧ અર્ધ શતકની મદદથી આ માઈલોસ્ટોન પાર કર્યો છે.

વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે ૧૧૮૨ રન, ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૧૧૧૨ રન, ન્યુઝીલેન્ડ સામે ૧૧૫૪ રન, દક્ષિણ આફ્રિકા સામે ૧૨૬૯ રન, શ્રીલંકા સામે ૨૧૮૬ રન તથા વેસ્ટ ઈન્ડીઝ સામે ૧૮૪૦ રન કરવામાં સફળતા મેળવી છે. વિશ્વની ૧૩ દેશોની ટીમમાંથી ૬ દેશો વિરૂદ્ધ કોહલીએ ૧૦૦૦ કે તેથી વધુ રન કર્યા છે.

## સ્પોર્ટસ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

**સવાલ**

૧.હાલમાં જ કયા ખેલાડીને વર્ષ ૨૦૧૮ માટે વિશ્વના 'શ્રેષ્ઠ ફુટબોલર' તરીકેનો 'બાલોન ડી'ઓર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?

૨. હાલમાં જ કઈ મહિલા ખેલાડીને વર્ષ ૨૦૧૮ માટેની 'શ્રેષ્ઠ ફુટબોલર' જાહેર કરવામાં આવી હતી ?

૩. હાલમાં જ કયા યુવા ખેલાડીને વર્ષ ૨૦૧૮ માટે અન્ડર ૨૧ એજ ગુપના શ્રેષ્ઠ ફુટબોલર તરીકે 'કોપા ટ્રોફી' એનાયત કરવામાં આવી હતી ?

૪. હાલમાં જ ફોર્બ્સ ઈન્ડીયા મેગેઝીને જાહેર કરેલ યાદી પ્રમાણે સૌથી વધુ કમાણી કરનાર ભારતીય ખેલાડી કોણ છે ?

૫. આવતા વર્ષ ૧૪ જાન્યુઆરીથી શરૂ થતી ઓસ્ટ્રેલિયન ઓપન શા માટે રોમાંચક બનશે ?

૬. હાલમાં જ રોમાનીયાની પશ્ચિમી યુનિવર્સિટીએ કઈ મહિલા ખેલાડીને માનદ ડૉકટરેટની ડીગ્રી એનાયત કરી હતી ?

૭. ૨૦૧૮ હોકી વર્લ્ડકપના ઓફીશીયલ પાર્ટનર તરીકે કઈ ખાનગી કંપની હતી ?

૮.વર્ષ ૨૦૧૯ માં વર્લ્ડ કોર્પોરેટ ગેમ્સનું આયોજન કયા દેશમાં કરવામાં આવશે ?

૯. એપ્રિલ-૨૦૨૦ માં વિયેતનામ પ્રથમ વખત તેની રાજધાની હેનોઈ ખાતે કઈ સ્પર્ધાનું આયોજન કરશે ?

૧૦. ભારતમાં 'ઓલિમ્પિક મુવમેન્ટ' ના જન્મદાતા કોણ ?

૧૧. પ્રાચીન ઓલિમ્પિકસમાં વિજેતાઓને ઈનામ પેટે શું આપવામાં આવતું હતું ?

૧૨. મહિલાઓને કયારથી ઓલિમ્પિકસમાં રમવાની તક પ્રાપ્ત થઈ ?

૧૩.૨૦૧૮ માં શિયાળુ ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

જવાબ:

૧.હાલમાં જ ક્રોએશિયાના લુકા મોડ્રીક નામના ખેલાડીને વર્ષ ૨૦૧૮ માટે વિશ્વના 'શ્રેષ્ઠ ફુટબોલર' તરીકેનો 'બાલોન ડી'ઓર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

૨. હાલમાં જ નોર્વેની એડા હેગર્બર્ગ નામની મહિલા ખેલાડીને વર્ષ ૨૦૧૮ માટેની 'શ્રેષ્ઠ ફુટબોલર' જાહેર કરવામાં આવી હતી.

૩. હાલમાં જ ફ્રાન્સના કીલીયન એમ્બાપ્પેને નામના યુવા ખેલાડીને વર્ષ ૨૦૧૮ માટે અન્ડર ૨૧ એજ ગુપના શ્રેષ્ઠ ફુટબોલર તરીકે 'કોપા ટ્રોફી' એનાયત કરવામાં આવી હતી.

૪. હાલમાં જ ફોર્બ્સ ઈન્ડીયા મેગેઝીને જાહેર કરેલ યાદી પ્રમાણે સૌથી વધુ કમાણી કરનાર ભારતીય ખેલાડી વિરાટ કોહલી છે.

૫. આવતા વર્ષ ૧૪ જાન્યુઆરીથી શરૂ થતી ઓસ્ટ્રેલિયન ઓપન રોમાંચક બનશે કારણ કે ટોચના ખેલાડીઓ ભાગ લેશે.

૬. હાલમાં જ રોમાનીયાની પશ્ચિમી યુનિવર્સિટીએ રોમાનીયાની મહાન ટેનીસ ખેલાડી વોઝનીઆકી નામની મહિલા ખેલાડીને માનદ ડૉકટરેટની ડીગ્રી એનાયત કરી હતી.

૭. ૨૦૧૮ હોકી વર્લ્ડકપના ઓફીશીયલ પાર્ટનર તરીકે તાતા સ્ટીલની ખાનગી કંપની હતી.

૮.વર્ષ ૨૦૧૯ માં વર્લ્ડ કોર્પોરેટ ગેમ્સનું આયોજન કતાર દેશમાં કરવામાં આવશે.

૯. એપ્રિલ-૨૦૨૦ માં વિયેતનામ પ્રથમ વખત તેની રાજધાની હેનોઈ ખાતે ફોર્મ્યુલા વન રેસ સ્પર્ધાનું આયોજન કરશે.

૧૦. ભારતમાં 'ઓલિમ્પિક મુવમેન્ટ' ના જન્મદાતા સર દોરાબજી ટાટા છે.

૧૧. પ્રાચીન ઓલિમ્પિકસમાં વિજેતાઓને ઈનામ પેટે જેતન વૃક્ષની ડાળીઓનો તાજ આપવામાં આવતું હતું.

૧૨. મહિલાઓને ૧૯૦૦, પેરીસ (ફ્રાન્સ) ઓલિમ્પિકસમાં રમવાની તક પ્રાપ્ત થઈ.

૧૩.૨૦૧૮ માં શિયાળુ ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન વ્યોંગયાંગ (દ.કોરીયા) ખાતે કરવામાં આવ્યું હતું.

- ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

# ચિત્રાસણીમાં વિમળાબેન મહેતા જયંતીની ઉજવણી

પાલનપુર

શ્રી બાલારામ સઘનક્ષેત્ર સમિતિ 'વિમળા જ્યોત' ચિત્રાસણીમાં તા.૩૧/૧૨/૨૦૧૮ ના રોજ સંસ્થાના આધ સ્થાપક શ્રી વિમળાબેન મહેતા જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે પ્રખ્યાત શિક્ષણવિદ ર્ડા.ગિરીશભાઈ ઠાકરે સંસ્થાની આદિવાસી અને વિચરતી-વિમુક્ત જાતિઓ માટે નિવાસી પ્રા.શાળા, માતૃઘર પ્રા.શાળા, શ્રી સી.જે.કોઠારી ઉ.મા શાળા અને શ્રી જી.જી.મહેતા સ્ત્રી અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ અને કાર્યકરો સમક્ષ બુનિયાદી શિક્ષણ અને શ્રી વિમળાબેનના જીવનમાંથી પ્રેરણા લઈ વ્યક્તિતત્વ ઘડતર અને આદર્શ સમાજના નિર્માણ માટે પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું.

અધ્યાપન મંદિરની બહેનોને મહિલાઓમાં પડેલી સુશુપ્ત શક્તિઓને બહાર લાવવા શીખ આપી હતી. તેમણે બહેનોને મુંઝવતા પ્રશ્નોના પણ સચોટ ઉત્તરો આપ્યા હતા. વિમળાબેન મહેતાની ૧૦૩ મી જયંતી પ્રસંગે નિયામક કાનજીભાઈ વાઘેલાએ ર્ડા.ગિરીશભાઈ ઠાકર (ગુરૂજી)નું સ્વાગત કરી વિમળાબાના ભગીરથ કાર્યમાંથી બોધપાઠ લઈ સમાજના કલ્યાણ માટે આગળ વધવા જણાવ્યું હતું.

# માનસ મંદિર જૈન તીર્થ શાહપુરમાં આદિવાસીઓને ધાબળા વિતરણ

મુંબઈ

શ્રી શત્રુંજય તીર્થ ધામ-ભુવનભાનુ માનસ મંદિર શાહપુરમાં જૈનાચાર્ય અભયશેખરસુરિજી, પંન્યાસ રાજરક્ષિત વિજયજી આદિની પાવન નિશ્રામાં માનવ પ્રેમનો વિશિષ્ટ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. માનસ મંદિર તીર્થની આજુબાજુમાં અત્યંત ગરીબ આદિવાસી પ્રજાને શ્રી દાદર જૈન સંઘ તરફથી ૫૦૦ બ્લેકેટનું વિતરણ કરાયું હતું. સોમવારીય ભાવના મંડળ-દાદરના યુવાનોએ સખત મહેનત કરીને કાર્યક્રમને ચાર ચાંદ લગાડ્યા હતા.

મુનિશ્રી નયરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, જાતને દુ:ખમાંથી સુખમાં લઈ જવાનો પ્રયત્ન તો બધા જ કરે છે. આ પ્રકારનો પ્રયત્ન પશુ-પક્ષી અને સ્વાર્થી મનુષ્યોમાં પણ સુલભ છે. જ્યારે ખરૂ પરાક્રમ તો જગતના દુ:ખી-અસહાય જીવોને દુ:ખમાંથી સુખમાં લઈ જવાનું કામ તો ખૂબ જ પ્રસંશનીય છે. કુદરતના તમામ ઘટકો આપણને મસ્ત સંદેશ આપે છે. સૂર્ય પ્રકાશ આપવામાં કંજુસાઈ કરતો નથી. વૃક્ષ છાંયડો આપવામાં ક્યારે પીછે હઠ કરતો નથી.

નદી પાણી આપવામાં ક્યારે કસર કરતી નથી. આ બધામાંથી આપણે શીખ લેવી જોઈએ. દાદર જૈન સંઘના શ્રીમંતોએ અઢારે કોમના ગરીબોને ઠંડીમાં રક્ષણ માટે બ્લેકેટનું વિતરણ કરીને પ્રભુ મહાવીરની કરૂણાને ઉજાગર કરી છે. તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ આપેલ તમામ આદિવાસી પ્રજાએ પૂજ્યશ્રીની પ્રેરણાથી દારૂ, ગુટકા, તમાકુ, માંસ ભક્ષણ અને ઈંડા ત્યાગની પ્રતિજ્ઞા કરી હતી તથા પ્રભુ ભક્તિનો સંકલ્પ કરેલ તીર્થના મેનેજર વિપુલભાઈએ આભારવિધી કરી હતી.

## વારાહી-ગડસઈ બસનો સમય મોડો કરવાની માંગ



રાધનપુર

વારાહીથી ગડસઈ સુધી જતી બસનો સમય ખુબ મોડો છે જેથી વારાહી ભણતાં વિદ્યાર્થીઓને ઘેર પહોંચવવામાં મોડું થાય છે. બીચગામડા-ઉનડી-લુબીયાણ-અબિયાણા પેદાશપુરા-ગડસઈ આ બધા ગામોના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે વારાહી માધ્યમિક શાળામાં આવે છે તેમને પોતાના ઘરે પહોંચવામાં મોડુ થાય છે અગાઉ ડેપોમાં રજુઆત કરેલ છે પણ હજી સુધી આ સમસ્યાનો નિકાલ આવેલ નથી તો વિદ્યાર્થીઓને ઘેર જવા માટે સ્પેશ્યીલ બસ ફાળવી સાંજનો સમય ૫-૨૫ નો રાખવા અબિયાણા સરપંચ એચ.વી.આહીરે ડેપો મેનેજર (રાધનપુર)ને રજૂઆત કરી છે.

## પાટણ કોમર્સ કોલેજમાં સ્પંદન કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

પાટણ

પાટણ ખાતે તારાબેન સુંદરલાલ રાયચંદ કોમર્સ કોલેજ દ્વારા ૧ થી ૭ જાન્યુઆરી સુધી સ્પંદન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સ્પર્ધાઓ કરાઇ હતી જેમાં ચિત્ર, મહેંદી, વાનગી ,ક્લે મોડેલિંગ- માટી કલા વગેરેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ચિત્ર સ્પર્ધામાં જોષી નિશા પ્રકાશચંદ્ર પ્રથમ ક્રમે, મહેંદી હરીફાઈમાં પ્રિન્સી આર મોદી, વાનગી બહેનોમાં નિરાલી જેન્તીભાઈ ગોસ્વામી અને ભાઈઓમાં મિલય ભરતભાઈ પટેલ વિજેતા થયા હતા. ક્લે મોડેલિંગ માટી કલામાં પૂજા ચૌધરી પ્રથમ ક્રમે રહી હતી.

## સિદ્વપુરના શિશુમંદિર ખાતે બ્રાહ્મણોત્સવ, ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

પાટણ

રવિવારે સિદ્વપુરના શિશુમંદિર ખાતે બ્રાહ્મણોત્સવ, ઈનામ વિતરણ તથા યુવા પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાયો હતો. બ્રાહ્મણોત્સવમાં શૈક્ષણિક સ્પર્ધાઓ, રમતગમત સ્પર્ધાઓ તથા કલા સંસ્કૃતિને લગતી આશરે ૩૦થી વધુ સ્પર્ધાઓ યોજાઈ. જેના વિજેતાને સન્માનવા તથા ધો-૧ થી ૧૨ તથા ગ્રેજ્યુએટમાં ઉચ્ચ ટકાવારી મેળવેલ છાત્રોને તથા અલગ અલગ ક્ષેત્રમાં જિલ્લા રાજ્ય લેવલે વિજેતા બનેલ ૧૧ પ્રતિભાને સન્માનવા સાંજે ૪-૦૦ કલાકે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ભરતભાઇ જોશી, કનકભાઈ પંડ્યા, કપિલભાઈ દવે, અરુણભાઈ પાધ્યાએ કરેલ હતું. કાર્યક્રમ સફળ બનાવવા સંગઠનના દરેક સભ્યએ પોતાનું યોગદાન આપ્યું હતું.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | ગવાર | ૭૭૫-૮૨૧ |
| એરંડા | ૧૦૦૨-૧૦૧૩ | કોટન | ૧૦૧૦-૧૧૧૧ |
| રાયડો | ૭૦૬-૭૦૬ | | **સિધ્ધપુર** |
| મગફળી | ૭૮૫-૮૩૮ | રાયડો | ૭૦૯-૭૦૩ |
| ઘઉં | ૩૭૫-૪૦૮ | એરંડા | ૧૦૧૦-૯૯૦ |
| બાજરી | ૩૬૦-૩૮૨ | ગવાર | ૮૨૦-૭૮૫ |
| જુવાર | ૮૩૪-૮૩૪ | ઘઉં | ૪૫૭-૩૯૫ |
| ગવાર | ૮૦૧-૮૧૦ | બાજરી | ૩૯૧-૩૩૮ |
| રાજગરો | ૧૦૭૫-૧૧૦૦ | જુવાર | ૧૦૧૪-૮૯૫ |
| કપાસ | ૧૦૧૧-૧૦૧૧ | કપાસ | ૧૧૧૨-૯૫૦ |
| | **થરા** | | **ભીલડી** |
| જીરૂ | ૨૮૦૦-૩૦૫૦ | એરંડા | ૧૦૧૫-૧૦૨૧ |
| એરંડા | ૯૯૦-૧૦૧૯ | મગફળી | ૭૪૫-૮૪૧ |
| ગવાર | ૮૧૧-૮૨૦ | બાજરી | ૩૬૬-૩૭૩ |
| ઘઉં | ૩૯૩-૪૪૫ | ઘઉં | ૮૮૩-૮૮૩ |
| બાજરી | ૩૬૨-૩૮૦ | ગવાર | ૮૦૯-૮૧૦ |
| અડદ | ૭૬૦-૮૮૦ | | **થરાદ** |
| | **વાવ** | જીરુ | ૨૮૫૦-૩૨૫૦ |
| જીરૂ | ૨૭૩૫-૩૨૫૧ | એરંડા | ૧૦૦૦-૧૦૧૨ |
| ઈ.ગુ | ૧૫૫૨-૧૬૦૦ | રાયડો | ૬૯૦-૭૧૮ |
| અજમો | ૧૫૫૦-૧૮૦૦ | બાજરી | ૩૬૪-૩૭૮ |
| એરંડા | ૧૦૦૦-૧૦૧૦ | ર.બાજરી | ૪૪૦-૪૫૦ |
| | **પાટણ** | ઈ.ગુલ | ૧૫૫૦-૧૭૨૫ |
| જીરૂ | ૨૯૬૬-૩૧૦૦ | મગફળી | ૬૫૦-૮૨૩ |
| મેથી | ૫૮૦ | ગવાર | ૭૮૦-૮૧૧ |
| સુવા | ૮૮૦-૧૧૩૦ | બીજડા | ૮૬૦-૮૮૦ |
| રાયડો | ૬૫૦-૭૨૧ | મગ | ૮૦૦-૧૦૫૦ |
| એરંડા | ૯૯૫-૧૦૧૫ | દાડમ | ૨૦-૪૬ |
| તલ | ૧૯૬૦-૨૦૦૦ | | **રાહ** |
| ઘઉં | ૩૯૬-૪૫૬ | રાયડો | ૭૦૦-૭૧૦ |
| જુવાર | ૫૧૫-૮૩૨ | એરંડા | ૧૦૦૦-૧૦૨૦ |
| બાજરી | ૩૬૫-૩૮૩ | બાજરી | ૩૪૦-૩૫૧ |
| બંટી | ૪૦૩-૪૧૮ | ર.બાજરી | ૪૩૦-૪૩૫ |
| ર.બાજરી | ૪૩૦-૪૩૩ | ચીકુડી | ૧૫૦૦-૧૫૫૦ |
| અડદ | ૮૫૦-૯૨૦ | | |

## ધારપુર મેડીકલ કોલેજ ખાતે પાટણ અને સરસ્વતી તાલુકાનું આશા સંમેલન યોજાયો

પાટણ

પાટણ અને સરસ્વતી તાલુકાને તમામ આશાને આશા ફેસીલીટર બહેનોનું સંમેલન મેડીકલ કોલેજ ધારપુર મુકામે રાખવામાં આવેલ જેમાં બન્ને તાલુકાની આશા બહેનો દ્વારા તેમના વિસ્તારમાં આરોગ્ય વિષય સેવાઓને યોજનાઓની શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રથમ,બીજા અને ત્રીજા ક્રમે આવનાર આશાબહેનો ને મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા પંચાયત પાટણના પ્રમુખશ્રી શ્રીવિનુભાઇ પ્રજાપતિ દ્વારા જણાવેલ કે આશા બહેનો આરોગ્ય વિભાગને લોકો વચ્ચે કડી રૂપ છે. જે લોકો સુધી આરોગ્યની તમામ માહિતી પહોંચાડવા માટે અગત્યની ભુમીકા ભજવે છે. જેના કારણે લોકો સહેલાઇ થી આરોગ્યની સેવાઓ મેળવી શકે છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.એ.એસ.સાલ્વી દ્વારા જણાવેલ કે આશા બહેનો દ્વારા માતા મરણ અને બાળ મરણ અટકાવવા માટે ખુબજ અગત્યની ભુમિકા ભજવે છે. અને લાભાર્થીઓને સમયસર સેવાઓ અને યોજનાઓના લાભ મળી રહે તેવા પ્રયત્ન કરતા હોય છે.

ર્ડા.અક્ષય પ્રજાપતિ તાલુકા હેલ્થ ઓફીસર. પાટણ-સરસ્વતી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ અને તાલુકાની આરોગ્ય સેવાઓની માહિતી પુરી પાડવામા આવેલ.તેમજ આ પ્રસંગે ર્ડા.કે.જી.પટેલ સુપ્રિટેન્ડન્ટ મેડીકલ કોલેજ ધારપુર. ર્ડા.ભરત ગોસ્વામી જિલ્લા ક્ષય અધિકારી પાટણ. ર્ડા. કિરણ ગોસ્વામી આર.એમ.ઓ. ધારપુર. ર્ડા.એમ. આર. જીવરાણી કયુ.એમ.ઓ. આરોગ્ય શાખા પાટણ અને બંન્ને તાલુકા સુપર વાઈઝર હાજર રહેલ.

## ગણપત યુનિવર્સિટીની કન્યા સૈનિક શાળાના વાર્ષિકોત્સવની દબદબાભેર ઉજવણી

ગણપત વિદ્યાનગર

''શિક્ષણમંત્રી તરીકે મને ગૌરવ થાય છે કે આવી કન્યા સૈનિક શાળા મારા રાજ્યમાં છે!'' આ શબ્દો છે ગુજરાત રાજ્યના કેબિનેટ કક્ષાના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના.

ગત તા.૪ ને શુક્રવારના રોજ ગણપત વિદ્યાનગરની પાવન વિદ્યાભૂમિ ઉપર છેલ્લા ૧૮ વર્ષથી અસ્તિવમાં આવેલી ગુજરાત રાજ્યની એક માત્ર અને દેશના ગૌરવ સમી ''એમ.જી.પટેલ સૈનિક સ્કૂલ ફોર ગર્લ્સ''ના વાર્ષિકોત્સવ 'ફેસ્ટિવલ ઓફ જોય'માં મુખ્ય મહેમાન તરીકે પોતાનું પ્રેરણાદાયી પ્રવચન આપતા ભુપેન્દ્રસિંહજીએ ઉપરોક્ત વાત ઉચ્ચારી હતી.

એમણે એમ પણ કહ્યું હતું કે જે ઉંચા ધ્યેય, જે ભાવના અને જે સ્વપ્ન સાથે આ યુનિવર્સિટીની સ્થાપના થઈ છે, તેવી બીજી કોઈ યુનિવર્સિટી મારી ૫૧ વર્ષની જાહેર કારકિર્દીમાં ગુજરાતમાં જોઈ નથી ! સ્વ.અનિલભાઈ અને ગણપતભાઈ પટેલની જોડીએ ગણપત યુનિ.ના નિર્માણ અને



વિકાસ પાછળ કરેલા દૃષ્ટિપૂર્વકના સમર્પિત કાર્યને ખૂબ બિરદાવ્યું હતું.

સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર જ આ સૈનિક સ્કૂલ સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર જ આ સૈનિક સ્કૂલ ફોર ગર્લ્સમાં પ્રારંભાઈ રહેલા 'વર્ચ્યુઅલ (થ્રી.ડી) ટેકનોલોજી કલાસરૂમનું પણ મા.શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉદ્‌ઘાટન અવસરે ગુજરાત રાજ્યના ટેકનિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર, આઈએએસ અધિકારી અવંતિકા સિંઘ, ગણપત યુનિવર્સિટીના દાતા-આધિષ્ઠાતા અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો.ર્ડા. મહેન્દ્ર શર્મા, કન્યા સૈનિક શાળાના દાતા મંજુલાબેન, કન્યા સૈનિક શાળાના ગર્વનિંગ કાઉન્સિલના અધ્યક્ષા શારદાબેન અનિલભાઈ પટેલ, સભ્ય કામિનીબેન પટેલ અને રાજ્યના એડિશ્નલ એડવોકેટ જનરલ પ્રકાશભાઈ જાની, યુનિ.ની વિવિધ વિદ્યાશાખાના વડાઓ, વિસનગરની સમર્થ ડાયમંડ ઈન્ડસ્ટ્રીના વડા અને યુનિ.ની ગર્વ.કાઉન્સિલના સભ્ય ગોવિંદભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો જોડાયા હતા.

## કરૂણા અભિયાનમાં ૨૩ સંસ્થાઓ દ્વારા પક્ષીઓની સારવાર કરવામાં આવશે

પાટણ

પાટણ જિલ્લામાં કરૂણા અભિયાનમાં ૨૩ સંસ્થાઓ દ્વારા ઉત્તરાયણ પર્વ દરમ્યાન ૧૦ જાન્યુઆરીથી ૨૦ જાન્યુઆરી-૨૦૧૯ સુધી જિલ્લાના ઘાયલ પક્ષીઓની સારવાર આપવા માટે પશુપાલન વિભાગ દ્વારા ડોકટરો તેમજ પશુધન નિરીક્ષ-કોની ટીમો સવારે ૮-૦૦ થી ૧૮-૦૦ સુધી કાર્યરત રહેશે.

પાટણમાં પશુદાવાખાના-ત્રીકમ બારોટની વાવ- દામાજી બાગની બાજુમાં પાટણ મો.નં.૯૮૨૪૪૩૪૬૧૦ ફોન નં.(૦૨૭૬૨-૨૨૧૮૫૪)- મોબાઈલ યુનીટ સારવાર કેન્દ્ર નાયબ વન સંરક્ષકની કચેરી રેલવે ફાટક પાસે પાટણ મો.નં.૯૯૨૪૪૬૦૪૦૦ ૯૭૨૩૪૪૦૦૨૬ - નાયબ પશુપલન નિયામકની કચેરી પોલીટેકનીક માંડોત્રી પાટણ મો.નં.૯૮૨૫૮૭૦૮૦૦ ફોન નં.(૦૨૭૬૬-૨૬૫૩૦૦) - તમામ તાલુકા કક્ષાએ પશુદાવાખાના ચારૂપ મો.નં.૯૪૨૯૮૭૪૮૪૯ - પશુદાવાખાના જંગરાલ મો.નં.૯૯૨૫૦૪૦૧૯૧ - પશુદાવાખાના સિધ્ધપુર મો.નં.૯૪૨૮૩૨૨૩૭૪ - પશુદાવાખાના નાગવાસણા મો.નં.૯૪૨૭૦૦૩૦૯૭ - પશુદાવાખાના ધીણોજ મો.નં.૯૪૨૬૦૪૨૩૫૮ - પશુદાવાખાના હારીજ મો.નં.૭૮૭૪૭૬૮૭૭૭ - પશુદાવાખાના સમી મો.નં.૭૮૭૪૭૪૭૮૩૭ - પશુદાવાખાના શંખેશ્વર મો.નં.૯૬૩૮૬૯૬૧૨૪ - પશુદાવાખાના રાધનપુર મો.નં.૯૬૬૨૪૮૦૧૭૮ - પશુદાવાખાના દેવ મો.નં.૯૪૦૮૭૨૯૮૫૮ - પશુદાવાખાના સાંતલપુર મો.નં.૮૧૨૮૬૯૫૧૫૫ - પશુદાવાખાના વારાહી મો.નં.૯૦૩૩૧૩૩૨૮૫ ઉપર સંપર્ક કરવો તેમજ વિવિધ પશુચિકિત્સા સંસ્થાઓ ખાતે સારવાર આપેલ ઘાયલ પક્ષીઓનો કબજો વન વિભાગ પાટણ રોજે રોજ મેળશે. તેમજ ૧૯૬૨ એમ્બુલન્સ વાન ટીમ સાથે પાટણ ખાતે ઉપલબ્ધ રહેશે. તેમ નાયબ વન સંરક્ષક વન વિભાગપાટણની એક અખબારી યાદીમાં જણાવાયું.

## સમી ખાતે બે તાલુકાનું આશા સંમેલન યોજાયું

પાટણ

પાટણ જિલ્લાના સમી અને શંખેશ્વર તાલુકાને તમામ આશાને આશા ફેસીલીટર બહેનોનું સંમેલન સામુહિક આરોગ્ય કેન્દ્ર- કેમ્પસ સમી ખાતે રાખવામાં આવેલ જેમાં બને તાલુકાની આશા બહેનો દ્વારા તેમના વિસ્તારમાં આરોગ્ય વિષય સેવાઓને યોજનાઓની શ્રેષ્ઠ કામગીરી કરનાર પ્રથમ, બીજો અને ત્રીજા ક્રમે આવનાર આશાબહેનો ને મોમેન્ટો આપી સન્માની કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રીમતી લીલાબેન દિલીપજી ઠાકોર પ્રમુખશ્રી તાલુકા પંચાયત સમી દ્વારા જણાવેલ કે આશા બહેનો આરોગ્ય વિભાગને લોકો વચ્ચે કડી રૂપ છે. જે લોકો સુધી આરોગ્યની તમામ માહિતી પહોંચાડવા માટે અગત્યની ભુમીકા ભજવે છે. જેના કારણે લોકો સહેલાઇ થી આરોગ્યની સેવાઓ મેળવી શકે છે.

ર્ડા.આર.ટી.પટેલ જિલ્લા એપેડેમિક મેડીકલ ઓફિસર પાટણ દ્વારા જણાવેલ કે આશા બહેનો દ્વારા માતા મરણ અને બાળ મરણ અટકાવવા માટે ખુબજ અગત્યની ભુમિકા ભજવે છે. અને લાભાર્થીઓને સમયસર સેવાઓ અને યોજનાઓના લાભ મળી રહેલ તેવા પ્રયત્ન કરતા હોય છે. ર્ડા.એન.પી.પટેલ તાલુકા હેલ્થ ઓફીસર. સમીદ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ અને તાલુકાની આરોગ્ય સેવાઓની માહિતી પુરી પાડવામા આવેલ.તેમજ આ પ્રસંગે શ્રી સનત જોષી, જિલ્લા મેલેરીયા અધિકારી પાટણ, ર્ડો. સુરેન્દ્રસિંહ ચૌહાણ તાલુકા ઓફિસર- શંખેશ્વર, શ્રી પી.એચ.પટેલ, તાલુકા હેલ્થ સુપરવાઈઝર તથા શ્રી મનોજ વી. વ્યાસ તાલુકા હેલ્થ સુપર વાઈઝર શંખેશ્વર હાજર રહેલ.

## મોઢેરા સૂર્યમંદિરે બે દિવસીય ઉતરાર્ધ મહોત્સવનું આયોજન

**સવલતના નામે શૂન્ય છતાં દર્શનાર્થીઓ પાસેથી પ્રવેશ ફી અને પાર્કિંગ ભાડુ વસુલાય છે**

ચાણસ્મા

ઐતિહાસિક ધામ મોઢેરા ખાતે આગામી ૨ અને ૩ ફેબ્રુઆરીના રોજ ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા થઈ રહ્યું છે ત્યારે સૂર્યમંદિરના પ્રવેશદ્વાર આગળ જ હાલમાં મરામતની કામગીરીના ભાગરૂપે મેટલ, રેતી અને સિમેન્ટના ઢગ ખડકાયા છે ત્યારે તે કામ ક્યારે પૂર્ણ થશે તેનું કંઈ જ નક્કી નથી. જ્યારે બીજીબાજુ સૂર્યમંદિરના દર્શનાર્થે આવતા પ્રવાસીઓ પાસેથી પ્રવેશ ફી તેમજ વાહન પાર્કિંગના નામે ભાડુ ઉઘરાવાથી વર્ષે દહાડે લાખો રૂપિયાની આવક થાય છે તેમ છતાં હજુ સુધી પાર્કિંગ કે પ્રવાસીઓ માટે પાયાની કોઈ જ સુવિધા પ્રાપ્ત ન થતાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

મોઢેરા ખાતે સૂર્યમંદિર આવેલું છે, જેની શિલ્પ-સ્થાપત્યકલા અજોડ ગણાય છે. જ્યાં રોજબરોજ દેશ-વિદેશમાંથી લાખોની સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડે છે. તમામ પ્રવાસીઓ પાસેથી સૂર્યમંદિરમાં પ્રવેશ માટે ફી વસુલાય છે પરંતુ આજે પણ પ્રવાસીઓ માટે વિસામો, જાહેર શૌચાલય, પીકઅપ સ્ટેન્ડ, એસ.ટી.સમયપત્રક, પીવાના પાણીની વ્યવસ્થા, વિશ્રાંતિગૃહ જેવી એકપણ પાયાની સુવિધા પૂરી પાડવામાં આવી નથી. અહીં પ્રવાસે આવતા વાહન ચાલકો પાસેથી પાર્કિંગ ચાર્જ સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા વસુલાય છે તેમ છતાં વાહન પાર્કિંગ માટે વ્યવસ્થા પૂરી પાડવામાં તંત્ર નિષ્ફળ પુરવાર થયું છે. ગુજરાત પ્રવાસન અને પુરાતત્વ વિભાગ દ્વારા લાખોના ખર્ચે તોરણ કાફેટેરિયા બનાવવામાં આવ્યું છે. આજે તેને પાંચેક વર્ષના વ્હાણાં વીતી ગયાં છતાં હજુ તેને શરૂ કરવામાં આવ્યું નથી. આ જગ્યાની સાફ સફાઈ થતી ન હોવાના કારણે ચારેબાજુ ગંદકીનું સામ્રાજ્ય ફૈલાયુ છે. પ્રવાસીઓ માટે ચા-પાણી કે જમવાની અને રાત્રિ રોકાણ સહિતની કોઈપણ સુવિધા હજુ સુધી શરૂ કરવામાં આવી નથી અને અહીં આ જગ્યા ઉપર અસામાજિક તત્વોએ તેમનો કબજો જમાવી દીધો છે.

### ઐતિહાસિક વાવની પણ ઉપેક્ષા, દરવાજે ખંભાતી તાળુ લટકે છે

સૂર્યમંદિરના પ્રવેશદ્વારાથી માત્ર ૨૦૦ મીટર જેટલા અંતરે આવેલી ઐતિહાસિક વાવની આજુબાજુ ગાંડા બાવળના વૃક્ષોએ સામ્રાજ્ય જમાવ્યું છે. અગાઉ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા અહી એક કર્મચારી દ્વારા દેખભાળ કરવામાં આવતી હતી અને અહી આવતા પ્રવાસીઓ આ પૌરાણિક વાવના દર્શન કરી પ્રભાવિત થતા હતા. પરંતુ તંત્રની લાપરવાહીના કારણે વાવના પ્રવેશદ્વાર આગળ તોતિંગ પથ્થરોથી દરવાજો બંધ કરી દેવાયો છે. કર્મચારીની જગ્યા ભરાતી નથી. વર્ષોથી ઝાંપે લગાવેલુ તાળુ ક્યારે ખુલશે તેનો તંત્ર પાસે કોઈ જવાબ નથી.

### તળાવના વિકાસની વાતો જ થઈ, ચારેબાજુ ગાંડા બાવળોનું સામ્રાજ્ય

સૂર્યમંદિર સામે જ ગ્રા.પં.ની હદનું વિશાળ તળાવ આવેલું છે. જે તળાવનો વિકાસ કરી તેમાં પાણી ભરી બોટ તરીકે વિકસાવવા માટેની કામગીરીના ભાગરૂપે તંત્ર દ્વારા જંગી સહાય આપવાની જાહેરાતો કરવામાં આવી હતી. પરંતુ તમામ જાહેરાતો હવામાં ઓગળી ગઈ છે. તળાવની તટ ઉપર આવેલ હવા મહેલ અને તળાવની ચારેબાજુ ગાંડા બાવળના વૃક્ષ સિવાય કંઈ જ નજરે પડતું નથી. તંત્રની લાપરવાહીના કારણે આજેપણ મોઢેરા પ્રવાસ માટે આવનાર પ્રવાસીઓ સુવિધાથી વંચિત છે.

## રાધનપુર ખાતે પશુપાલન શિબિર કાર્યક્રમ અને અછતગ્રસ્ત ખેડૂતોને સહાય ચેકનું વિતરણ

પાટણ

પાટણ જિલ્લાના રાધનપુર તાલુકા મથક ખાતે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર કાર્યક્રમ અને અછત અસરગ્રસ્ત ખેડૂતોને કૃષિ ઈનપુટ સહાય ચેક વિતરણ કાર્યક્રમ યોજાયો જેમાસામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનું કલ્યાણ મંત્રીશ્રી વાસણભાઈ આહીર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગને અનુરૂપ દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતુ કેપાટણ જિલ્લાનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. રાજ્ય સરકારે ખેડૂતોની આવકમાં મદદરૂપ બનવા પશુપાલન વ્યવસાયને ખુબજ પ્રાધાન્ય આપ્યું છે. રાજ્યની કોઇપણ સુવિધા યુક્ત પશુ હોસ્પિટલો બનાવી અધતન એક્સ-રે મશીન દ્વારા સારવાર આપવામાં આવે છે. પશુપાલકો માટે પશુપાલનની અલાયદી ઓલાદોનું બીજદાન કરાવી વધુ દુધ આપતી ઓલાદ તૈયાર કરવામાં મદદરૂપ બને છે. ગુજરાતમાં ખરવા-મોવાસા રોગથી જાનવર દુધ આપતું બંધ થઈ જતું જેનાથી પશુપાલકોને નુકશાન વેઠવું પડતું. આ રોગની કાયમિ મૂક્તિ માટે ૨૫ મા રાઉન્ડ દરમ્યાન કુલ ૪.૨૮ લાખ ગાય અને ભેંસ વર્ગના પશુઓને ખરવા-મોવાસા અને ગળસુંઢાની રસી આપી રક્ષીત કરવામાં આવ્યા છે. આ રીતે રાજ્ય સરકાર પશુપાલન ક્ષેત્રે નવી ક્ષિતીજો હાંસલ કરી દુધનું ઉત્પાદન બમણું કરી પશુપાલકોની આવકનો શ્રોત ઉંચો લાવવા મદદરૂપ બની છે. પશુઓની યોગ્ય દેખભાળ તેમજ સારસંભાળ રાખવા પશુપાલકોને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ- જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ-કંડલા પોર્ટના સભ્ય ભરતભાઇ રાજગોર- સંગઠન ના પ્રવિણભાઈ મહાલ ક્ષ્મી-ભોજાભાઇ આહીર- જીવણ ભાઇ આહીર- તાલુકાના સભ્યો- પ્રાંત અધિકારી એચ.ડી.ગીલવા-ખેતીવાડી અધિકારી શૈલેષ પટેલ-રાધનપુરના મદદનીશ ખેતીવાડી અધિકારી એચ. આઇ. પટેલ-ર્ડા.એ.વી. જોષી-ર્ડા.એમ.એ.ગામી- ર્ડા.એ.બી. મોદી- વી.એમ. પટેલ-લાભાર્થીઓ- પશુપાલક બહેનો-ખેડૂતો તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણની શ્રી બી ડી સાર્વજનિક વિદ્યાલયમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

પાટણ

શ્રી બી ડી સાર્વજનિક વિદ્યાલયમાં જિલ્લા ન્યાયતંત્ર દારા સર્વને સમાન ન્યાય વિષયપર શિબિર જિલ્લા કાનૂની સેવા સતા મંડળ પાટણ અનુશ્રામાના આદેશ દારા તાલુકા કાનૂની સેવા સમિતિ ના આયોજન હેઠળ શિબિર યોજવામાં આવી જેમ મુખ્ય માર્ગદર્શક શ્રીવિશાલભાઈ ગઢવી સાહેબ ન્યાયધીશ તથા યુસુફભાઈ વકીલ રેણુકાબેન વકીલ ના માર્ગદર્શન હેઠળ શાળા માં આયોજન કરવા માં આવેલ મીડિયેશન વિભાગ દારા ફ્રી મફત કાનૂની સેવા કોર્ટ બાળમંજૂરીના ગુના ની સમાજ આપી, નાનું સરખું ઘરનું ઉદાહરણ આપી અને સમજ આપવામાં આવી બને પક્ષ ને સંભાળવા વિકલ ચલાવવું તે પણ ગુનો, નાના બાળકો માટે ની કોર્ટદારા કાયદા અંગે ની સમજ આપી જીનીલાઇન જસ્ટિસ બોડ, બાળકો માટે પોલીસ વિભાગ જીવીનાઈલ વિભાગ દારા ગુના ની સમજ, બાળક ગુનો કરે તો માતા પિતા ને સજા નો નિયમ, નાના બાળકો સાથે બનતા અત્યાચારના ગુના માટે ની સજાગતા નું માર્ગદર્શન અને તે બાબતે સજાઓ ની સમજ આપી, ગઢવી સાહેબ દારા શાળા સુધી જઈ બાળકો ને તેમના અધિકાર ની સમજ આપી, ભારતમાં કાયદા નું શાસન છે કાયદો એટલે અધિકાર માટે નું રક્ષણ, વ્યક્તિના અધિકાર, ફરજો, સિધાન્તો, કંઈક મેળવું છે કંઈક કરવું પડે તે માટે વ્યક્તિની જવાબદારીઓ,સમગ્ર કાયદાની નાની નાની સમજ આપી આવનાર મહેમાન શ્રીઓ ને ડૉ બી આર દેસાઈ દારા પુસ્તક આપી આવકારવામાં આવેલ આભાર વિધિ પી આર દેસાઈ દારા કરવામાં આવેલ.

## હારીજ તાલુકાના સાંકરા ગામના જૂની રંગ ભૂમિના નાટક કલાકારનું નિધન

હારીજ

જૂની રંગ ભૂમિના ના નાટક સેત્ર ના ઉમદા કલાકાર જે વર્ષો થી નાટક સેત્ર માં કામ કરતા સાંકરા ગામના હીરા ભાઈ કાલીદાસ નાયક જે ઓ પોતાની નાટક સેત્ર શરૂવાત જે ઓ અંદાજે ૧૯૭૦ આ જૂની રંગ ભૂમિના નાટક ની શરૂવાત કરવામાં આવી જેઓ ગામડે ગામડે ફાનસ ના પ્રકાર થી જુના રંગ ભૂમિના નાટક ભજવતા હતા અને જેમાં રાય ખેંગાર શેણી વિઝાનંદન હરિ ચંદ્રતારા મતી જેવા ઈતિહાસિક નાટકો માં કામકરતા હતા અને ત્યાર બાદ૧૯૮૦માં જેવો પોતે ૧૦ કલાકારો દ્વારા એક શ્રીઅંબિકા ભવાઈ કલા મંડળ ની પાર્ટી ની સ્થાપના કરી હતી ત્યારે બાદ આ મંડળી ગીત અને નાટક વિભાગ ભારત સરકાર પુના હસ્તે રજીસ્ટર પાર્ટી ની નોંધણી કરવમાં આવી ત્યાર બાદ આ મંડળી દ્વારા સરકારી ની વિવિધ લોક ઉપીયોગ યોજનાઓના પ્રચાર પચાર ની કામગરી કરતા હતા અને જેઓ ને ગુજરાત બહાર પણ આ પાર્ટી પોગ્રામ કરી નામ પાપ્ત કરી હતી હીરાભાઈ નાયક ઘણા સન્માન પત્રો પણ મેલ્યા છે અને હમણાં તાજેતર માં૨૭મી માર્ચ જૂની રંગ ભૂમિ ના દિવસે તેઓનો વિશ્વ રંગ ભૂમી દિન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો જેઓ પાટણ જિલ્લા ના ભવાઈ અને નાટક સેત્ર ના કલાકાર આજે આ દુનિયા છોડી ગયા હોવા થી આ જિલ્લા ના નાટક સેત્ર ના કલા કાર ની મોટી ખોટ પડી છે જેમાં તૂરી બારોટ સમાજમાં આ કલાકાર ની ખોટ થી લોકો ના આખમાં આશુ ની ધાર જોવા મળી હતી.

# પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા હવે વાહનો ટોઇંગ કરાશે

**પોલીસને સાથ સહકાર આપવા જિલ્લા પોલીસવડાનો અનુરોધ**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા માટે જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ગુરૂવારથી શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ વાહનો ટોઈંગ કરવામાં આવશે. આ કાર્યવાહી પ્રજાસત્તાક દિન પછી પણ ચાલુ રહેશે. જેમાં પ્રજાજનોને સાથ સહકાર આપવા માટે જિલ્લા પોલીસવડા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં સરકારી કચેરીઓ આવેલી છે. આ ઉપરાંત હિરા ઉધોગ અને અન્ય વેપાર- ધંધા ધમધમતા હોઇ આજુબાજુના તાલુકા સેન્ટર અને ગ્રામિણ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહે છે. જોકે, શહેરમાં જુના શોપિંગો સેન્ટરોમાં પાર્કિંગની જગ્યાન હોવાથી મોટાભાગના લોકો પોતાના વાહનો જાહેર માર્ગોને અડીને પાર્ક કરતા હોય છે. જેના કારણે વારંવાર ટ્રાફિકની સમસ્યાઓ સર્જાય છે. જેને હળવી બનાવવા માટે બનાસકાંઠા જિલ્લા પોલીસવડા પ્રદિપ સેજુળ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ રાખવામાં આવી છે. જે અંતર્ગત આજથી શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ વાહનો ટોઈંગ કરવામાં આવશે.

**ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ આપણી ફરજ છે : એસ.પી.**

છેલ્લા બે મહિનાના અભ્યાસ પછી પાલનપુર અને ડીસામાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે પોલીસ દ્વારા ડ્રાઈવ કરવામાં આવી રહી છે. ત્યારે પ્રજાજનોને અનુરોધ છે કે, ટ્રાફિકના નિયમોનું પાલન કરવું એ આપણી ફરજ છે. જ્યારે પણ તમારૂ વાહન પાર્ક કરો ત્યારે ખોટી રીતે અડચણરૂપ પાર્ક ન થાય તેનો ખ્યાલ રાખવામાં આવે તેમજ ટ્રાફિકના નિયમોનું પુરેપુરૂ પાલન કરી કામગીરીમાં સહકાર આપવામાં આવે તેવી અપીલ છે. આ કામગીરી પ્રજાસત્તાક દિન પછી પણ ચાલુ રાખવામાં આવશે.

# પાટણ જિલ્લામાંથી ટુ-વ્હીલર ચોરતા બનાસકાંઠાના બે આરોપીઓ ઝડપાયા





(સંજય જોષી)

**૧૭ બાઈકો સહિત રૂા.૫.૬૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો**

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં એલસીબી પોલીસે વાહન ચોરી કરતી ગેંગને ઝડપી લઇ ૧૭ જેટલા બાઈક સાથે રૂ.૫.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરી બન્ને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

સરહદી બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી વાહન ચોરી ના બનાવોમાં નોંધપાત્ર વધારો થયેલો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા દ્વારા આ અંગે કડક કાર્યવાહી કરાતા અગાઉ કાર અને જીપડાલા ચોરી કરતી આંતરરાજ્ય ગેંગને ઝડપી લીધી હતી. જ્યારે પોલીસને પાટણ જિલ્લા માંથી બાઈક ચોરી કરતા વધુ બે શખ્સોને પકડવામાં સફળતા હાથ લાગી છે. બનાસકાંઠા એલસીબી પોલીસ કાંકરેજ તાલુકામાં મિલકત સંબંધી ગુનાની તપાસમાં હતા ત્યારે તેરવાડા ગામની સીમમાંથી શંકાસ્પદ બાઈક સાથે તેરવાડા ગામના શ્રવણજી વિરાજી ઠાકોર અને વડા ગામના રાહુલજી જયંતીજી ઠાકોરને પકડી પુછપરછ કરતા તેઓએ પાટણ જિલ્લામાંથી અનેક બાઈક ચોરી કબુલી હતી. પોલીસે તેઓને પાસેથી કુલ ૧૬ બાઈક અને એક એક્ટિવા મળી રૂપિયા ૫.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હોવાની એસ.પી. પ્રદીપ સેજુલે જણાવ્યું હતું.

બંને શખ્સો પાટણના જુદા-જુદા વિસ્તારોમાં ફરી બાઈક ચોરી કરી બનાસકાંઠા જિલ્લામાં વેચતા હતા. અત્યાર સુધી પોલીસે ૧૭ જેટલા બાઈક કબજે કર્યા છે. જ્યારે બંનેના રિમાન્ડ મેળવી હજુ પણ વધુ તપાસ હાથ ધરી છે. જેમાં વધુ બાઈકની ચોરી નો ભેદ ઉકેલાય તેવો આશાવાદ પોલીસ સેવી રહી છે.

# કુશ્કલમાં સગીરાને ભગાડી જનાર આરોપીને ઝડપી લેવા માંગ

**આદિવાસી પરિવારે પોલીસવડાને આવેદનપત્ર આપ્યું**

પાલનપુર

પાલનપુર તાલુકાના કુશ્કલ ગામમાંથી દશ દિવસ અગાઉ એક સગીરાનું અપહરણ થયું હતું. જે અંગે સગીરાના પરીવારે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી. છતા આજદિન સુધી ભાળ ન મળતા આદિવાસી પરિવાર પાલનપુર દોડી આવ્યો હતો. જ્યાં જીલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.



(સંજય જોષી)

કુશ્કલ ખાતે ભાગીયા તરીકે ખેતમજુરી કરતા એક આદીવાસી પરીવારની સગીરાને ગામનો જ એક સખ્શ લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયો હતો. જે મામલે પરીવારે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોધાવી હતી. પરંતુ બનાવને દશ દિવસનો સમય વિતવા છતા કિશોરીની કોઇ ભાળ ન મળતા આખરે આદિવાસી પરીવાર પાલનપુર દોડી આવ્યો હતો. જ્યાં પોતાની પુત્રી ને પરત લાવવા જીલ્લા પોલીસ વડાને આવેદનપત્ર પાઠવીને ન્યાયની ગુહાર લગાવી હતી.

# પાલનપુર અને ડીસામાં શહેરી કક્ષાની નવી મામલતદાર કચેરીઓ કાર્યરત થશે

ડીસા

રાજ્ય સરકારે વિકાસલક્ષી યોજનાઓના સરળ અમલીકરણ માટે એક લાખથી વધુની જનસંખ્યા ધરાવતા રાજ્યના કુલ ૧૮ શહેરોમાં શહેરી કક્ષાની નવી મામલતદાર કચેરીઓ કાર્યરત કરવાનો નિર્ણય લીધો છે.

જે અંતર્ગત બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર અને વેપારી મથક ડીસા ખાતે પણ શહેરી કક્ષાની નવી મામલતદાર કચેરીઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે અને આ સૂચિત નવી મામલતદાર કચેરીઓ માટે રાજ્ય સરકારે એક-એક મામલતદાર (વર્ગ -૩), ત્રણ-ત્રણ નાયબ મામલતદાર (વર્ગ -૨), ત્રણ-ત્રણ સર્કલ ઓફિસર (વર્ગ-૩) તેમજ ત્રણ-ત્રણ કારકુન (વર્ગ-૩) નું મહેકમ પણ ગતરોજ મંજુર કરી દીધું હોવાનું જાણવા મળ્યું છે.

# ડેકા ગામની સીમમાં દારૂ ભરેલી જીપ સાથે ત્રણ પકડાયા

તા.પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠામાં પોલીસ તંત્રએ દારૂની બદી સામે લાલ આંખ કરી છે ત્યારે આગથળા પોલીસે પણ ડેકા ગામની સીમમાંથી દારૂ ભરેલી કેમ્પર જીપ સાથે ત્રણ શખ્સોને ઝડપી લીધા છે.

આગથળા પી. એસ.આઇ. વી.જી.પ્રજાપતિ તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં નીકળ્યા હતા. તે દરમિયાન ડેકા ગામની સીમમાં દારૂનો જથ્થો ઉતરી રહ્યો હોવાની બાતમી મળતાં પોલીસે ડેકા ગામના શ્રવણજી થાનાજી ઠાકોરના રહેણાંક મકાન પર છાપો મારતાં આ મકાનમાં કેમ્પર જીપમાંથી ઉતરી રહેલો દારૂનો જથ્થો ઝડપાઇ ગયો હતો.આ કેસમાં પોલીસે રૂા. ૪૩,૨૦૦ કિંમતનો ૪૩૨ બોટલ દારૂ, બે મોબાઈલ ફોન

અનુસંધાન પાના નં.૬

# ચંડીસર નજીક વિદેશી દારૂ ભરેલી ઇનોવા કાર ઝડપાઈ



ભરત સુંદેશા

ડીસા

પાલનપુર તાલુકાના ગઢ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ભૂજ રેન્જ આઇ.જી.ની સુચનાના આધારે આર.આર. સેલની ટીમ પેટ્રોલીંગમાં હતી.

તે દરમિયાન આર.આર. સેલના હેડ કોન્સ. નરપતસિંહ અને અ. હેકો. મહેન્દ્રસિંહને મળેલી બાતમીના આધારે એસ.આર.પી. કેમ્પ તરફથી આવતી ઈનોવા કારને ઉભી રખાવી તપાસ કરતાં તેની સીટના ભાગેથી અને ડેકીમાથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની ૧૫૬ બોટલ જેની કિંમત રૂા. ૪૦,૮૦૦ અને ઈનોવા કારની કિંમત રૂા. ૪ લાખ કુલ મળી રૂા. ૪,૪૦,૮૦૦ ના મુદ્દામાલ કબજે લઇ બે ઈસમોને ઝડપી લીધા હતા. જેમાં ગાડીનો ચાલક પ્રકાશ પરષોતમભાઇ પટેલ (રહે, ધોળાકુવા, તા. માણસા) અને દૂધાભાઇ હીરાભાઇ ભરવાડ (રહે, રબારી કોલોની, અમદાવાદ) વાળા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ હાથ ધરી છે.

# ભીલડી પોલીસે ચોરીના બાઈક સાથે આરોપી ઝડપ્યો

**પેપળુ ગામેથી બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો**

પ્રતિ. ભીલડી



કંચનજી ઠાકોર

ભીલડી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન પેપળુ ગામેથી ચોરાયેલ હીરો હોન્ડા સાથે આરોપીને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રદિપ સેજુલની સુચના તથા નાયબ પો.અધિક્ષક પી.એચ.ચૌધરી (દિયોદર વિભાગ) તથા સી.પી. આઈ. વાય એમ.મિશ્રાના માર્ગદર્શન હેઠળ ઘરફોડ ચોરી, લુંટ જેવા બનાવો બનતા અટકાવવા ઈન્ચાર્જ પી.એસ.આઈ. પી.જે.જેઠવા (ભીલડી) તથા આ.પો.કો. અરજણભાઈ અને અ.પો.કો.શૈલેષભાઈ પેટ્રોલીંગમા હતા દરમિયાન ખાનગી બાતમી આધારે ભીલડી પોસ્ટે ફસ્ટ ગુ.ર.નં.૦૧/૨૦૧૯ તા.૮/૧/૨૦૧૯ ના રોજ ક-૧૭/૩૦ વાગે ગુનો દાખલ થયેલ હોઈ જે ગુનામાં ચોરાયેલ મોટર સાયકલ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ (જેનો નં.જી.જે.૨૪.ડી.૧૧૪૫) તથા આરોપી વિષ્ણુજી અનારજી ઠાકોર (રહે.થરા તા.કાંકરેજ) ને ગણતરીના કલાકમાં પકડી પાડેલ અને આગળની વધુ તપાસ ભીલડી એ.એસ.આઈ. વિસાજી સગથાજી ચલાવી રહ્યા છે.

# અમીરગઢ પોલીસે ૭૨ અબોલ જીવો ભરેલી ટ્રક ઝડપી

**બે આરોપી જેલ હવાલે : અબોલ જીવ કાંટ પાંજરાપોળમાં લવાયા**

તા.પ્રતિનિધિ અમીરગઢ

બનાસકાંઠાની અમીરગઢ બોર્ડર પરથી પોલીસે ૭૨ અબોલ પાડા ભરેલી ટ્રકને ઝડપી લઇ બે શખ્સોને જેલના હવાલે કરી દઇ અબોલ પાડાઓને આશ્રય અર્થે ડીસાની કાંટ પાંજરાપોળમાં મોકલી આપ્યા છે.

બનાસકાંઠાની અમીરગઢ પોલીસ છેલ્લા કેટલાંક સમયથી સંવેદનશીલ મનાતા સરહદી વિસ્તારમાં ગેરકાનૂની પ્રવૃતિઓ અટકાવવા માટે એક્શનમાં આવી ગઇ છે. ગઇ રાત્રે પણ અમીરગઢ પોલીસે બોર્ડર ચેકપોસ્ટ પરથી ૭૨ પાડા ભરેલી ટ્રકને આબાદ રીતે ઝડપી લીધી છે.

બોર્ડર પર તૈનાત અમીરગઢ પોલીસે રાજસ્થાન તરફથી શકમંદ હાલતમાં બોર્ડર ચેકપોસ્ટ પર પહોંચેલી ટ્રકને શંકાના આધારે આંતરી તલાશી લેતાં આ ટ્રકમાંથી ખીચોખીચ હાલતમાં ભરેલા ૭૨ પાડા જીવિત હાલતમાં મળી આવ્યા હતા. અમીરગઢ પોલીસે પાડા ભરેલી આ ટ્રક જપ્ત કરી કાનૂની કાર્યવાહી આટોપ્યા બાદ આ ટ્રકમાંથી મળેલ તમામ પાડાઓને આશ્રય અર્થે ડીસાની કાંટ પાંજરાપોળમાં મોકલી આપી આ અબોલ જીવોને ક્રૂરતાપૂર્વક ટ્રકમાં ભરી લઇ જતાં બે ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અબોલ જીવોને કતલખાને લઇ જવાતાં હોવાના આક્ષેપો પણ સ્થાનિક જીવદયાપ્રેમીઓએ કર્યાં છે.

# કાંકરેજ તાલુકાની બનાસ નદીના પટમાં રેતીની બેફામ તસ્કરી



સજ્જનસિંહ સોલંકી

**કુદરતી સંપદાના દુર્વ્યય સાથે સરકારને રોયલ્ટીનું પણ નુકશાન**

પ્રતિ. કંબોઈ

બનાસકાંઠા જિલ્લા ખાણ-ખાનીજ વિભાગ દ્વારા 'ડ્રોન' દ્વારા રેત ખનન રોકવાના દાવા વચ્ચે કાંકરેજ તાલુકામાંથી પસાર થતી બનાસ નદીના વિશાળ પટમાં બેરોકટોક રાત-દિવસ હિટાચી મશીન દ્વારા રેતીની ચોરી થઈ રહી છે. જેથી કુદરતી સંપદાના દુર્વ્યય સાથે સરકારને રોયલ્ટીની પણ માતબર રકમ ગુમાવવી પડે છે.

જિલ્લા ખાણ અને ખનીજ વિભાગ હાલમાં 'ડ્રોન' મારફત રેતીની તસ્કરી ઉપર બાજ નજર રાખે છે તેથી રેત માફીયાઓ ફરતે ગાળીઓ મજબુત બન્યો છે પરંતુ જિલ્લાની પશ્ચિમે આવેલા કાંકરેજ તાલુકામાં બિન્દાસ રેત તસ્કરી થઈ રહી છે. રાનેર, ઉંબરી, અનુસંધાન પાના નં.૬

# હરીયાણાના કૃષિ વૈજ્ઞાનિકો બટાટાની ખેતીથી પ્રભાવિત

**વડાવળમાં કૃષિ વૈજ્ઞાનિકોનો ખેડૂતો અને વેપારીઓ સાથે પરિસંવાદ**

પ્રતિનિધિ વડાવળ

સમગ્ર દેશમાં બટાટાનું સૌથી વધુ ઉત્પાદન મેળવતા ડીસા પંથકના ખેડૂતોની બટાટાની ખેતીને જોવા હરીયાણા રાજ્યના બાગાયત વિભાગના વૈજ્ઞાનિકો અને ખેડૂતો આવ્યા હતા. ત્યારે વડાવળ હાઈવે પર આવેલા સિધ્ધી કોલ્ડ સ્ટોરેજ પર ડીસા તાલુકાના ખેડૂતો, વેપારી અને કોલ્ડ સ્ટોરેજ માલિકો અને ઉપસ્થિત વૈજ્ઞાનિકો તથા સાથી ખેડૂતો વચ્ચે બટાટાની ખેતીને લઈ પરીસંવાદ યોજાયો જેમાં ડીસા તાલુકાના ખેડૂતો અને વેપારીઓએ તેમની કેટલીક સમસ્યાઓ પણ જણાવી હતી.

હરીયાણા રાજયના બાગાયત વિભાગના ડાયરેક્ટર ડો.અર્જુન સૈનીએ તાલુકાના ખેડૂતોની પ્રશંસા કરી તેઓ બટાટામાં ખુબ સારી તકનીક દ્વારા વાવેતર કરી રહ્યા છે તે હરીયાણા રાજ્ય કરતા પણ વધુ સારી હોવાનું કબુલ્યું હતું. આ



નરસિંહ દેસાઈ

સમગ્ર કાર્યક્રમનું આયોજનમાં બટાટા સંશોધન કેન્દ્ર ડીસા અને રાષ્ટ્રીય બટાટા સેન્ટર દિલ્લીના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં સિધ્ધી કોલ્ડ

અનુસંધાન પાના નં.૬

## જાહેર હરાજી

આથી જાહેર જનતાને જણાવવાનું કે મોજે ઢીમા તા.વાવ, જિ.બનાસકાંઠા ઢીમા પ્રાથમિક પગાર કેન્દ્ર શાળામાં પાકા ઉભેલા ઓરડા નંગ - ૩ ના પતરા, ઈગલો, કેચી બારી, બારણા સહિત જે છે તે સ્થિતિમાં તમામ વસ્તુઓની જાહેર હરાજી તારીખ ૧૪/૧/૨૦૧૯ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સરકારશ્રીના નિયમો અને શરતો મુજબ હરાજી રાખેલ હોઈ હરાજીમા ભાગ લેવા ઈચ્છતા લોકોને નિયત સમયે અને સ્થળે હરાજીમાં હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

નોંધ : હરાજીની શરતો અને બોલીઓ હરાજીના સ્થળે રૂબરૂ સંભળાવવામાં આવશે.

લિ.
શાળા વ્યવસ્થાપન સમિતિ
ઢીમા પ્રા.શાળા

દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.ભરતભાઈ લાલાજી સાંખલા
સ્વ.તા.૧૦-૦૧-૨૦૧૭
સમય જીંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી,
આપની વિદાયથી અમોને, પડેલ ખોટ ક્યારેય પુરાશે નહીં,
સમય તો વિતતો જશે પણ, યાદ તમારી સદાયે હૈયે રહેશે,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લિ.
શિવશકિત કોલ્ડ સ્ટોરેજ
વડાવળ, તા.ડીસા, જિ.બ.કાં.
મો.૯૮૨૫૦૭૩૬૨૨

